અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : 17 સપ્ટેમ્બર 2026 ગુરુવાર
વિક્રમ સંવત 2082, ભાદરવા સુદ -6

વર્ષ : 18
અંક : 78

તંત્રી: પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. 2.00
પાના : 8

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3
ટ્રમ્પ ઈઝરાયલને આપશે રુ. 26 હજાર કરોડના હથિયાર: ટનલોને તબાહ કરે તેવા 900 કિલોના 40 હજાર....

4
ભારતનો અવિચારી આવકાર, ચીનનો દંભ અને ભડકે બળતી સરહદો

6
'હું મશીન કે રોબોટ નથી...' સંજુ સેમસનનું દર્દ છલકાયું, વૈભવના સિલેક્શન અંગે કહી મોટી વાત

7
સોના-ચાંદીના ભાવમાં ફરી તેજી, સોનું ₹1.52 લાખ અને ચાંદી ₹2.29 લાખે પહોંચી

NEWS BRIEF

'વિશ્વભરના મુસ્લિમો માટે મક્કાનું વિશેષ મહત્ત્વ'

પવિત્ર સ્થળ પાસે ડ્રોન એટેકથી ભારત ચિંતિત

સાઉદી અરેબિયાના પવિત્ર શહેર મક્કા નજીક થયેલા ડ્રોન હુમલાને લઈને ભારતે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે. વિદેશ મંત્રાલયના સત્તાવાર પ્રવક્તા રણધીર જયસ્વાલે (Randhir Jaiswal) જણાવ્યું કે, સાઉદી અરેબિયાની સાર્વભૌમ સીમા પર થતાં હુમલાઓ તેમજ સામાન્ય નાગરિકોના જીવન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચરને જોખમમાં મૂકતી આવી ઘટનાઓની ભારત આકરા શબ્દોમાં નિંદા કરે છે. વિદેશ મંત્રાલયના

પ્રવક્તાએ જણાવ્યું કે, 'મક્કા નજીક બનેલી આ ઘટના વિશેષ રૂપે ચિંતાજનક છે, કારણ કે સમગ્ર વિશ્વના કરોડો મુસ્લિમો માટે આ શહેરનું અદકેરું ધાર્મિક મહત્ત્વ રહેલું છે. સામાન્ય જનજીવન અને નાગરિક સુવિધાઓને નિશાન બનાવતી કોઈપણ હિંસા સ્વીકાર્ય નથી.' પશ્ચિમ એશિયામાં વધી રહેલા તણાવ વચ્ચે ભારતે આ વિસ્તારમાં ઝડપથી શાંતિ સ્થાપવાની અપીલ કરી છે. રણધીર જયસ્વાલે આશા વ્યક્ત કરી હતી કે, સમગ્ર ક્ષેત્રમાં ટૂંક સમયમાં સ્થિતિ સામાન્ય બનશે અને શાંતિ તથા સ્થિરતા પુનઃસ્થાપિત થશે. સાઉદી અરેબિયા અને હૂથી વિદ્રોહીઓ વચ્ચે સંઘર્ષ સતત તીવ્ર બની રહ્યો છે. હૂથી જૂથે દક્ષિણ સાઉદી અરેબિયાના ખમીસ મુશૈત, અબહા અને તાઈફ જેવા શહેરોમાં નાગરિક અને સૈન્ય વિસ્તારોને નિશાન બનાવી નવા મિસાઈલ તેમજ ડ્રોન હુમલા કર્યા હતા.

મહારાષ્ટ્ર, યુપીથી પંજાબ સુધી ગયા બાદ હવે ગુજરાતનો વારો

કોકરોચ ચલાવશે 'સ્કૂલ ઠીક કરો' અભિયાન

દેશભરની સરકારી શાળાઓની વાસ્તવિક સ્થિતિ સામે લાવવા માટે શરૂ કરાયેલું 'કોકરોચ જનતા પાર્ટી' (CJP)નું 'સ્કૂલ ઠીક કરો' અભિયાન હવે ચર્ચાના કેન્દ્રમાં છે. મહારાષ્ટ્રના એક ગામથી શરૂ થયેલી આ અભિયાન હવે અનેક રાજ્યો સુધી પહોંચી ચૂક્યું છે. આ દરમિયાન CJPના સંસ્થાપક અભિજિત દીપકેએ ગુજરાતને લઈને એવો સંકેત આપ્યો છે કે, જેનાથી માનવામાં આવી રહ્યું છે કે આ અભિયાનનો આગામી પડાવ ગુજરાત હોઈ શકે છે.

CJPએ આ અભિયાનની શરૂઆત 15 ઓગસ્ટ 2026ના રોજ મહારાષ્ટ્રના હિંગોલી જિલ્લાના સંતુક પિંપરી ગામથી કરી હતી. અહીં સ્કૂલમાં શૌચાલયમાં પાણીની વ્યવસ્થા ન હોવી, તૂટેલી બારીઓ અને પૂરતી બેન્ચો ન હોવાની બાબતો સામે આવી હતી. જોકે, બાદમાં ત્યાં રિપેરિંગનું કામ શરૂ થયું અને પહેલીવાર કોમ્પ્યુટર પણ પહોંચ્યું. આ ઉપરાંત મહારાષ્ટ્રના લાતુર જિલ્લામાં પણ આ અભિયાનને લઈને વિવાદો અને પોલીસ કેસ સામે આવ્યા હતા. રાજસ્થાન: જયપુરની સરકારી પ્રાથમિક શાળાની જર્જરિત ઈમારતનો મુદ્દો સૌથી વધુ ચર્ચાયો હતો. CJPના નિરીક્ષણ બાદ તંત્ર હરકતમાં આવ્યું અને નવી બિલ્ડીંગ માટે 18 લાખ રૂપિયાની વ્યવસ્થા કરીને જૂની બિલ્ડીંગ પાડી દેવામાં આવી. હરિયાણા: ભિવાનીની એક શાળામાં મિડ-ડે મિલના અનાજમાં જીવાત અને ખરાબ શૌચાલય મળ્યા બાદ શિક્ષિકાને સસ્પેન્ડ કરવામાં આવ્યા અને સરકારે 2814 અસુરક્ષિત બિલ્ડીંગને પાડવાનો આદેશ આપ્યો.

પશ્ચિમ બંગાળ: બાંકુડા જિલ્લામાં શાળાઓની સ્થિતિ સામે લાવ્યા બાદ હિંસા અને એક વ્યક્તિના મૃત્યુનો ગંભીર માહોલ પણ સામે આવ્યો હતો.

કર્ણાટક: બેંગલુરુમાં છતની ખરાબ હાલત અને શિક્ષકોની ઘટ જેવા મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા, ત્યારબાદ મંત્રી સાથે મુલાકાત બાદ રિપેરિંગનું કામ શરૂ થયું હતું.

પંજાબ: અહીં લુધિયાણાની શાળાઓમાં 'સ્કૂલ ઓફ એમીનેન્સ' જેવી જગ્યાએ આધુનિક સુવિધાઓ (સ્વિમિંગ પુલ, AI લેબ) જોઈને CJP ટીમ દ્વારા પ્રશંસા પણ કરવામાં આવી હતી.

રાહુલ ગાંધી એ ટ્રમ્પનું નામ લઈ PM પર સાધ્યું નિશાન

મોદીજી હિંમત બતાવો, UPI ટેક્સ પાછો લો: રાહુલ ગાંધી

■ રાહુલ ગાંધીએ વડાપ્રધાન પર અમેરિકાના ડોનાલ્ડ ટ્રમ્પ સામે ઝૂકી જવાનો આરોપ લગાવ્યો અને આ પ્રસ્તાવિત ટેક્સ તાત્કાલિક પાછો ખેંચવાની માંગ કરી

નવી દિલ્હી, તા.16

કેન્દ્ર સરકાર દ્વારા 15 ઓક્ટોબરથી રૂ.2,000થી વધુના મર્ચન્ટ UPI વ્યવહારો પર 0.4% મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ લાગુ કરવાના નિર્ણય સામે વિપક્ષ નેતા રાહુલ ગાંધીએ આક્રમક વલણ અપનાવ્યું છે. રાહુલ ગાંધીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સામે ઝૂકી જવાનો ગંભીર આરોપ લગાવતા આ પ્રસ્તાવિત ટેક્સ તાત્કાલિક પાછો ખેંચવાની માંગ કરી છે.

રાહુલ ગાંધીએ પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધીના એક ઐતિહાસિક કિસ્સાને ટાંકીને પીએમ મોદી પર આકરો કટાક્ષ કર્યો હતો. તેમણે કહ્યું કે, ઈન્દિરાજીને એકવાર પૂછવામાં આવ્યું હતું કે તેઓ ડાબે ઝૂકે છે કે જમણે? ત્યારે તેમણે કહ્યું હતું કે હું ટટ્ટાર ઊભી રહું છું. પરંતુ મોદીજીનો કન્સેપ્ટ સાવ અલગ છે. તેઓ ન તો લેફ્ટ છે કે ન તો રાઈટ; તેમણે સીધા ડોનાલ્ડ ટ્રમ્પ સામે નતમસ્તક થઈ જવાનો નિર્ણય કર્યો છે. મોદીજી, કૃપા કરીને અમેરિકા સામે ઝૂકવાનું બંધ કરો, થોડી હિંમત બતાવો, ટટ્ટાર ઊભા રહો અને આ UPI ટેક્સ પાછો લો. UPI પર ટેક્સ લાદીને સરકારે દરેક ભારતીય પર બોજ નાખ્યો છે અને અમેરિકન કંપનીઓને ભારે કમાણી કરવાની તક આપી દીધી છે.

રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ 'X' પર વિગતવાર પોસ્ટ શેર કરીને આક્ષેપ કર્યો કે સરકારે ગુપચુપ રીતે UPI પર ચાર્જ લગાવવાનો રસ્તો ખોલી દીધો છે. સરકારનો દાવો છે કે માત્ર 2,000 થી ઉપરના ટ્રાન્ઝેક્શન પર જ ચાર્જ લાગશે, જેની સંખ્યા કુલ વ્યવહારોમાં માત્ર 5% છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે UPIની કુલ વ્યવહાર મૂલ્ય (Transaction Value) નો આશરે 65% હિસ્સો આ 5% ટ્રાન્ઝેક્શન્સમાં જ સમાયેલો છે. સરકારે કહ્યું છે કે ગ્રાહક પાસેથી કોઈ ફી નહીં લેવાય, પણ દુકાનદાર પર લાદવામાં આવેલી ફી આખરે ચીજવસ્તુઓની કિંમતોમાં ઉમેરાઈને સામાન્ય ગ્રાહકના ખિસ્સામાંથી જ નીકળશે.

રાહુલ ગાંધીએ સીધો પ્રહાર કરતાં જણાવ્યું કે અમેરિકન પેમેન્ટ કંપનીઓ લાંબા સમયથી ભારતની 'ઝીરો-MDR' નીતિનો વિરોધ કરી રહી હતી. હવે સરકારે આ નીતિ બદલીને તેમના દબાણ સામે આત્મસમર્પણ કર્યું છે. જેમ યુએસ ટ્રેડ ડીલમાં દબાણ આવ્યું હતું, તેવી જ રીતે પીએમ મોદીએ ફરી એકવાર અમેરિકા સામે શરણાગતિ સ્વીકારી લીધી છે.

સરકાર તરફથી એવી દલીલ કરવામાં આવી રહી છે કે UPI સિસ્ટમ ચલાવવા માટે વાર્ષિક આશરે 20,700 કરોડની જરૂર પડે છે અને સરકાર પાસે આટલો ખર્ચ ઉઠાવવાના પૈસા નથી. તેના જવાબમાં કોંગ્રેસે આંકડાકીય વિગતો રજૂ કરી છે: નાણાકીય વર્ષ 2025-26 માં ભારતીય રિઝર્વ બેંકે કેન્દ્ર સરકારને 3 લાખ કરોડ સરપ્લસ ટ્રાન્સફર કર્યા છે.

દેશની લિસ્ટેડ બેંકોનો કુલ નફો 4.11 લાખ કરોડથી વધુ રહ્યો છે. UPIનું સંચાલન કરતી NPCI નો પ્રી-ટેક્સ નફો 1,888 કરોડ છે. એટલે કે RBI દ્વારા સરકારને અપાયેલા નાણાંના માત્ર 7.2% હિસ્સાથી સમગ્ર UPI સિસ્ટમ વિનામૂલ્યે ચલાવી શકાય તેમ છે. કોંગ્રેસે આક્ષેપ કર્યો કે સરકારે આ મામલે સંસદમાં પણ અસત્ય રજૂ કર્યું છે.

કરણી સેનાએ ભાજપની યોગી સરકારનું ટેન્શન વધાર્યું, યુપીમાં 50 બેઠક પર ઉતારશે ઉમેદવાર

લખનૌ, તા.16

ઉત્તર પ્રદેશમાં 2027ની વિધાનસભા ચૂંટણી પહેલાં રાજકીય ગરમાવો વધી ગયો છે. કરણી સેનાએ રાજ્યની 50 વિધાનસભા બેઠકો પર પોતાના ઉમેદવારો ઉતારવાની સત્તાવાર જાહેરાત કરી દીધી છે. કરણી સેનાના આ નિર્ણયથી યુપીના રાજકીય સમીકરણોમાં મોટો ઉલટફેર થવાની શક્યતા સેવાઈ રહી છે.

કરણી સેનાના રાષ્ટ્રીય અધ્યક્ષ સૂરજપાલ સિંહ અમ્મુ(Surajpal Singh Amu)એ જણાવ્યું કે, 'કરણી સેના પૂરા દમ સાથે યુપીના ચૂંટણી મેદાનમાં ઉતરશે. હાલની રાજનીતિ માત્ર ઓબીસી કેન્દ્રિત થઈ ગઈ છે, બધાને માત્ર ઓબીસીની ચિંતા છે અને સવર્ણોના મુદ્દા પર કોઈ બોલવા તૈયાર નથી. હું પોતે ચૂંટણી નહીં લડું, પરંતુ કરણી સેના 2027ની ચૂંટણીમાં ઉમેદવારો ઊભા રાખશે.'

હાલ યુપી પ્રવાસે આવેલા સૂરજપાલે સુભાસ્પા પ્રમુખ ઓમ પ્રકાશ રાજભર (Om Prakash Rajbhar) સાથે પણ મુલાકાત કરી હતી. તેમણે આરોપ લગાવતા કહ્યું કે, 'આર્થિક આધારે અનામત અંગે બધા પક્ષો મૌન છે, રાજપૂત મહાપુરુષોના ઈતિહાસ સાથે છેડછાડ થઈ રહી છે અને ક્ષત્રિય

નેતાઓની ઉપેક્ષા કરવામાં આવી રહી છે.' સંગઠને એવી બેઠકો પસંદ કરવાનું શરૂ કર્યું છે જ્યાં ક્ષત્રિય મતદારોની સંખ્યા 15થી 25 ટકા જેટલી છે. કરણી સેનાનો મુખ્ય જનાધાર ક્ષત્રિય સમાજ છે, જે પરંપરાગત રીતે ભાજપની મજબૂત વોટબેંક માનવામાં આવે છે. યુપીમાં રાજપૂત સમુદાયની વસ્તી 6થી 7 ટકા જેટલી છે અને તેઓ આશરે 65થી 70 બેઠકો પર જીત મેળવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. રાજ્યમાં ઘણી બેઠકો પર જીત-હારનું અંતર માત્ર 2,000થી 5,000 મતોનું હોય છે. આવા સંજોગોમાં કરણી સેના જો આક્રમક રીતે ચૂંટણી લડીને થોડા હજાર મતો પણ કાપશે, તો તે ભાજપના સવર્ણ વોટબેંકમાં મોટું ગાબડું પાડીને તેના ઉમેદવારોનું ગણિત બગાડી શકે છે. કરણી સેનાના મેદાનમાં આવવાથી સવર્ણ મતોમાં વિભાજન થઈ શકે છે, જેનો સીધો લાભ સમાજવાદી પાર્ટી અને અખિલેશ યાદવ(Akhilesh Yadav)ના પીડીએ (પછાત, દલિત, લઘુમતી) સમીકરણને મળી શકે છે.

UPI ચાર્જ પર વિપક્ષના હોબાળા બાદ કેન્દ્ર સરકારનો બચાવ

કોઈ વિદેશી દબાણ નથી, સિસ્ટમ સ્વનિર્ભર થશે....

■ આ નિર્ણય 15 ઓક્ટોબર, 2026થી ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમને ટકાઉ અને આત્મનિર્ભર બનાવવા લેવાયો

નવી દિલ્હી, તા.16

UPI ટ્રાન્ઝેક્શન્સ પર 15 ઓક્ટોબર, 2026 થી અમલમાં આવનારા નવા મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR)ને લઈને શરૂ થયેલા રાજકીય વિવાદ વચ્ચે કેન્દ્ર સરકારે સત્તાવાર સ્પષ્ટતા કરી છે. વિપક્ષી પક્ષ કોંગ્રેસ દ્વારા અમેરિકન કાર્ડ કંપનીઓને લાભ પહોંચાડવા અને વિદેશી દબાણ હેઠળ આ ચાર્જ લાદવામાં આવ્યો હોવાના આક્ષેપોને નાણા મંત્રાલયે સ્પષ્ટપણે ફગાવી દીધા છે. સરકાર આ મુદ્દે હાલ બેકફૂટ પર છે ત્યારે નાણા મંત્રાલયે સફાઈ આપી છે કે ભારત પોતાના નીતિગત નિર્ણયો સ્વાયત્ત રીતે લે છે અને આ નિર્ણય ડિજિટલ પેમેન્ટ ઈકોસિસ્ટમને ટકાઉ, સુરક્ષિત અને આત્મનિર્ભર બનાવવા માટે લેવામાં આવ્યો છે. આ સમગ્ર વિવાદની શરૂઆત કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ જયરામ રમેશના નિવેદન બાદ થઈ હતી. જયરામ રમેશે આક્ષેપ કર્યો હતો કે શૂન્ય MDRની વ્યવસ્થા ખતમ કરવાનો નિર્ણય અમેરિકન માંગણીઓ સામે ઝૂકીને લેવામાં આવ્યો છે, જેથી માસ્ટરકાર્ડ અને વિઝા જેવી અમેરિકન

કાર્ડ કંપનીઓને UPI સામે હરીફાઈમાં લાભ મળે. વિપક્ષના આક્ષેપો પર પ્રતિક્રિયા આપતાં નાણા મંત્રાલયે કહ્યું કે, ભારત સરકારના નિર્ણયોને કોઈ વિદેશી દબાણ સાથે લેવાદેવા નથી. તેનો હેતુ ડિજિટલ પેમેન્ટ સિસ્ટમને સર્વસમાવેશી અને આર્થિક રીતે ટકાઉ બનાવવાનો છે. નોંધનીય છે કે વર્ષ 2016માં શરૂ થયેલું UPI આજે વિશ્વની સૌથી મોટી રિયલ-ટાઈમ પેમેન્ટ સિસ્ટમ બની ચૂક્યું છે. એકલા ઓગસ્ટ 2026માં જ UPI મારફતે 24.5 અબજ વ્યવહારો નોંધાયા હતા. નાણા મંત્રાલયે ફરી દાવો કર્યો છે કે, સામાન્ય જનતાના ખિસ્સા પર આ નિર્ણયની કોઈ જ અસર પડશે નહીં. P2P ટ્રાન્સફર: પરિવાર કે મિત્રોને નાણાં મોકલવા કાયમ માટે 100% મફત રહેશે, પછી ભલે રકમ ગમે તેટલી હોય.

ગૃહમંત્રી અમિત શાહ આપશે લીલીઝંડી

PM મોદી જન્મ દિવસ પર વડનગરથી વારાણસી સુધીની યોજાશે બાઈક રેલી

સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના ૨૫ વર્ષની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાશે

નવી દિલ્હી, તા.16

પીએમ મોદીના જન્મ દિવસ પર ગુજરાતમાં ખાસ આયોજન કરવામાં આવશે. જેમાં સેવા, સુશાસન અને ગરીબ કલ્યાણના 25 વર્ષની ઉજવણી અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ પ્રસંગે યુવા મોરચા દ્વારા વડનગરથી વારાણસી સુધી વિશાળ બાઈક રેલી યોજાશે. આ બાઈક રેલી 17 સપ્ટેમ્બરથી 7 ઑક્ટોબર સુધી યોજાનાર છે. આ અંતર્ગત બે યાત્રાઓનું આયોજન કરાયું છે, જેમાં એક યાત્રા વડનગરથી વારાણસી અને બીજી યાત્રા વારાણસીથી વડનગર તરફ પ્રસ્થાન કરશે. આ યાત્રા બંને દિશામાંથી 250 સેવા યાત્રીઓના ગ્રુપ અનુસાર કુલ 10 ગ્રુપ સાથે નીકળશે. વડનગર ખાતેથી યાત્રાના પ્રસ્થાન અને ઉદઘાટન સમારોહમાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ હાજર રહેશે, જ્યારે

કાશી ખાતે યોજાનાર કાર્યક્રમમાં કેન્દ્રીયમંત્રી રાજનાથસિંહ હાજરી આપશે. આ યાત્રામાં યુવા મોરચાના આશરે 1000 જેટલા કાર્યકરો જોડાશે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જીવન અને સેવા સંકલ્પ અભિયાનના સંકલ્પ સાથે તેમજ યુવાશક્તિને માર્ગ જોડવાના અભિયાન અનુસાર આ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસે એટલે કે 17 સપ્ટેમ્બરે ગુજરાતના વિવિધ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેશે. તેઓ વડનગર અને અમદાવાદના વિવિધ આયોજનોમાં હાજરી આપશે. આ દરમિયાન તેઓ વડનગરથી વારાણસી બાઈક રેલીને પ્રસ્થાન કરાવશે. આ ઉપરાંત, પ્રધાનમંત્રીના દીર્ઘાયુની કામના સાથે કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી જગન્નાથ મંદિરે આરતી કરશે. ત્યારબાદ કાંકરિયા ખાતે યોજાનાર સવા લાખ દીવડા પ્રગટાવવાના વિશેષ પ્રસંગે પણ તેઓ ખાસ હાજરી આપશે.

તો બીજી તરફ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ 17 સપ્ટેમ્બરે ભારતીય જનતા પાર્ટીના કાર્યકરો કાશીથી ગુજરાત માટે એક વિશેષ કાર્યક્રમની તૈયારીમાં છે. આ દરમિયાન માત્ર ઉત્તર પ્રદેશ સરકારના દિગ્ગજો જ નહીં પરંતુ કેન્દ્ર સરકારના મંત્રીઓ અને NDAના પ્રમુખ સહયોગીઓ વારાણસીમાં હાજર રહેશે. આ પ્રસંગે ભાજપ તરફથી 'સેવા સંકલ્પ બાઈક યાત્રા'ની શરૂઆત કરવામાં આવશે, જે કાશીથી વડનગર માટે રવાના થશે. 17 સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસે ભારતીય જનતા પાર્ટી દ્વારા કાશીથી વડનગર માટે સેવા સંકલ્પ બાઈક યાત્રાની શરૂઆત કરવામાં આવશે, જેમાં આશરે 500 સેવા યાત્રીઓ જોડાશે. આ કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી રાજનાથ સિંહ, ચિરાગ પાસવાન, આંધ્ર પ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુ, ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ, ઉપમુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય, બ્રિજેશ પાઠક અને પ્રદેશ અધ્યક્ષ પંકજ ચૌધરી સહિત અનેક દિગ્ગજો હાજરી આપશે. આ યાત્રાને સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ અને મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ લીલી ઝંડી બતાવશે. આ સિવાય દેશના સૌથી પ્રમુખ ધાર્મિક સ્થળ શ્રી કાશી વિશ્વનાથ મંદિરમાં પણ પ્રધાનમંત્રીના જન્મદિવસે વિશેષ પૂજનનું આયોજન કરવામાં આવ્યું છે.

પાસપોર્ટ જપ્ત હોવા છતાં બોગસ દસ્તાવેજોના આધારે બીજો પાસપોર્ટ મેળવ્યાનો આરોપ, અમદાવાદના હરીકેશ પટેલ સામે ATSની કાર્યવાહી

અમદાવાદ, તા.16

અમદાવાદમાં તપાસ એજન્સી સમક્ષ મૂળ પાસપોર્ટ જમા હોવા છતાં ખોટા સરનામા અને બનાવટી દસ્તાવેજોના આધારે બીજો પાસપોર્ટ મેળવી વિદેશ પ્રવાસ કર્યાનો ગંભીર મામલો સામે આવ્યો છે. ગુજરાત ATS દ્વારા અમદાવાદના હરીકેશ પ્રણવકુમાર પટેલ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે. પોલીસ તપાસ મુજબ, હરીકેશ સામે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એટલે કે ED દ્વારા ચર્ચિત 'પાવરબેંક એપ મની લોન્ડરિંગ કેસ'માં તપાસ ચાલી રહી હતી. આ કેસની કાર્યવાહી દરમિયાન તેનો મૂળ ભારતીય પાસપોર્ટ તપાસ અધિકારી અને કોર્ટ સમક્ષ જમા કરાવવામાં આવ્યો હતો. તેમ છતાં તેણે પોતાનો પાસપોર્ટ ખોવાઈ ગયો હોવાની ખોટી ફરિયાદ કરી અને અન્ય સરનામા તથા દસ્તાવેજોના આધારે નવો પાસપોર્ટ મેળવ્યો હોવાનો આરોપ છે. મળતી માહિતી મુજબ હરીકેશ પટેલ ગુજરાત મહિલા કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ ગીતાબેન પટેલનો પુત્ર છે.

પોલીસના જણાવ્યા અનુસાર અમદાવાદના શાહીબાગ કેમ્પ રોડ પર મિરાપાર્ક સોસાયટી પાસે આવેલા ઉર્મી બંગલોઝમાં રહેતા હરીકેશ પ્રણવકુમાર પટેલ સામે EDની તપાસ ચાલી રહી હતી. મની લોન્ડરિંગ સાથે સંકળાયેલા આ કેસમાં કાયદાકીય કાર્યવાહી દરમિયાન તેનો મૂળ પાસપોર્ટ સત્તાવાર રીતે જમા કરવામાં આવ્યો હતો. તેની આગોતરા જામીન અરજી ફગાવવામાં આવ્યા બાદ તેણે હાઈકોર્ટનો પણ સંપર્ક કર્યો હતો. આ સમગ્ર કાયદાકીય પ્રક્રિયા વચ્ચે આરોપીએ વિદેશ જવા માટે વૈકલ્પિક માર્ગ શોધ્યો હોવાનો તપાસમાં દાવો કરવામાં આવ્યો છે.

ગુજરાત ATSની તપાસ મુજબ હરીકેશે પોતાનો મૂળ પાસપોર્ટ તપાસ એજન્સી અને કોર્ટ પાસે જમા હોવાની હકીકત છુપાવી હતી. ત્યારબાદ દિલ્હી ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ તેનો પાસપોર્ટ ખોવાઈ ગયો હોવાની ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પોલીસ તપાસમાં આ ફરિયાદ અંગે પણ શંકાસ્પદ વિગતો સામે આવી હોવાનું જણાવાયું છે. પાસપોર્ટ ખોવાઈ ગયો હોવાના આધારે નવા પાસપોર્ટ માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી હતી,

પરંતુ તે દરમિયાન આરોપીએ અગાઉનો પાસપોર્ટ કોર્ટ અને તપાસ એજન્સી સમક્ષ જમા કરાવ્યો હોવાની હકીકત જાહેર કરી ન હોવાનું ATSનું કહેવું છે.

તપાસમાં વધુ એક મહત્વની બાબત સામે આવી હોવાનું પોલીસનું કહેવું છે. હરીકેશે દિલ્હી અને ઉત્તર પ્રદેશના આગ્રામાં પોતાના રહેઠાણના ખોટા પુરાવા ઊભા કરવા માટે બનાવટી રેન્ટલ એગ્રીમેન્ટનો ઉપયોગ કર્યો હતો. આગ્રાના બોગસ સરનામાના આધારે ઓળખ સંબંધિત દસ્તાવેજો સહિત અન્ય કાગળો મેળવવામાં આવ્યા હોવાનો આરોપ છે. આ દસ્તાવેજોના આધારે તેણે ગાઝિયાબાદ સ્થિત રિજનલ પાસપોર્ટ ઓફિસમાં નવા પાસપોર્ટ માટે અરજી કરી હતી.

ATSની તપાસ પ્રમાણે 26 જુલાઈ, 2024ના રોજ હરીકેશને નવો પાસપોર્ટ મળી ગયો હતો. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન તેના મૂળ પાસપોર્ટની સ્થિતિ અને કોર્ટમાં તે પાસપોર્ટ જમા હોવાની હકીકત છુપાવવામાં આવી હોવાનું તપાસમાં સામે આવ્યું છે. પોલીસ હવે એ દિશામાં પણ તપાસ કરી રહી છે કે નવા પાસપોર્ટની પ્રક્રિયા દરમિયાન કયા દસ્તાવેજો રજૂ કરવામાં આવ્યા હતા અને તે દસ્તાવેજો કેવી રીતે તૈયાર કરવામાં આવ્યા હતા.

નવો પાસપોર્ટ મળ્યા બાદ હરીકેશે તેનો ઉપયોગ કરીને ભારત અને વિદેશ વચ્ચે મુસાફરી કરી હોવાનો ATSનો દાવો છે. તપાસમાં તેના વિદેશ પ્રવાસના રૂટ અંગે પણ વિગતો સામે આવી છે. આરોપીએ ભારતમાંથી ભૂતાન તરફ પ્રવાસ કર્યો હતો અને ત્યારબાદ બેંગકોક, સિંગાપોર તથા દુબઈ સુધી પહોંચ્યો હતો. વિદેશ પ્રવાસ પૂર્ણ કર્યા બાદ તે નેપાળના માર્ગે ભારત પરત ફર્યો હોવાનું તપાસમાં જાણવા મળ્યું છે. આ રૂટનો ઉપયોગ કરીને તેણે સામાન્ય ઈમિગ્રેશન તપાસથી બચવાનો પ્રયાસ કર્યો હતો કે કેમ તે અંગે પણ એજન્સી તપાસ કરી રહી છે.

પાસપોર્ટ સંબંધિત આ સમગ્ર મામલો પોલીસના ધ્યાન પર એક બાતમીના આધારે આવ્યો હતો. પોલીસ ઈન્સ્પેક્ટર જે. પી. રોઝિયાને એવી માહિતી મળી હતી કે હરીકેશ પટેલ પાસે બે પાસપોર્ટ છે અને તે બીજા પાસપોર્ટનો ઉપયોગ કરીને વિદેશ પ્રવાસ કરી રહ્યો છે. માહિતી મળ્યા બાદ સિનિયર અધિકારીઓને જાણ કરવામાં આવી હતી અને હકીકતની ખરાઈ કરવા માટે ATS દ્વારા તપાસ શરૂ કરવામાં આવી હતી.

સિનિયર અધિકારીઓની સૂચના બાદ પીઆઈ બી. એચ. કોરોટના નેતૃત્વ હેઠળ ATSની ટીમે હરીકેશના પાસપોર્ટ, રહેઠાણના પુરાવા, પ્રવાસની વિગતો તથા સંબંધિત દસ્તાવેજોની તપાસ કરી હતી. તપાસ દરમિયાન એકથી વધુ પાસપોર્ટના ઉપયોગ અને નવા પાસપોર્ટ મેળવવા માટે રજૂ કરાયેલા દસ્તાવેજો અંગે મહત્વની વિગતો મળી હોવાનું પોલીસનું કહેવું છે. ત્યારબાદ હરીકેશની પૂછપરછ કરવામાં આવી હતી અને પૂછપરછ દરમિયાન પાસપોર્ટ સંબંધિત સમગ્ર પ્રક્રિયા અંગે માહિતી મેળવવામાં આવી હતી.

રખિયાલમાં યુવતી મામલે મિત્રો વચ્ચે લોહિયાળ ખેલ: પાનના ગલ્લે બોલાવી માથામાં ચપ્પુના ઘા ઝીંક્યા

અમદાવાદ, તા.16

અમદાવાદ શહેરમાં નજીવી તકરાર અને અંગત અદાવતમાં હિંસક હુમલાની ઘટનાઓ ચિંતાજનક રીતે સામે આવી રહી છે. પૂર્વ વિસ્તાર ગણાતા રખિયાલમાં યુવતીની બાબતે થયેલા વિવાદમાં એક મિત્રે જ બીજા મિત્ર પર ચપ્પુથી જીવલેણ હુમલો કરી દેતાં ભારે ચકચાર મચી ગઈ છે. ચકુડિયા મહાદેવ મંદિર સામે જાહેરમાં પાનના ગલ્લા પર બનેલી આ ઘટનામાં યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

અમદાવાદના ગોમતીપુર વિસ્તારમાં બળિયા કાકા ચાર રસ્તા પાસે આવેલી કાશીબાઈની ચાલીમાં રહેતો 22 વર્ષીય મોહમ્મદ સુફેલ ઉર્ફે ગોલુ મોઈનુદ્દીન પઠાણ POP મજૂરીકામ કરીને ગુજરાન ચલાવે છે. સોમવારે સાંજે આશરે 7:00 વાગ્યાની આસપાસ તે તેના મિત્ર સમીર સિકંદર સૈયદ સાથે રખિયાલ ચકુડિયા મહાદેવ મંદિર સામે આવેલા પાનના ગલ્લા પર ઊભો હતો. તે દરમિયાન, ચકુડિયા મહાદેવના છાપરામાં રહેતા તેના પરિચિત સમીરે સુફેલને ફોન કરીને તેનું લોકેશન પૂછ્યું હતું. સુફેલે પોતે પાનના ગલ્લે હોવાનું જણાવતાં જ સમીર માત્ર 2 થી 3 મિનિટમાં એક્સેસ ટુ-વ્હીલર લઈને ત્યાં પહોંચી ગયો હતો.

ત્યાં પહોંચતાંની સાથે જ આરોપી સમીરે એક યુવતીની બાબતને લઈને ઉગ્ર બની જઈ સુફેલ સાથે ગાળાગાળી શરૂ કરી દીધી હતી તેમજ તેને ગડદાપાટુનો માર મારવા લાગ્યો હતો. સુફેલે ગાળો બોલવાની અને મારપીટ કરવાની ના પાડતાં આરોપી સમીર વધુ ઉશ્કેરાયો હતો. આવેશમાં આવીને તેણે પોતાની પાસે રહેલું તીક્ષ્ણ ચપ્પુ કાઢી સુફેલના માથાના ભાગે ઉપરાઉપરી 2 ઘા મારી દીધા હતા.

હુમલો કર્યા બાદ આરોપી સમીરે ઈજાગ્રસ્ત સુફેલ તેમજ ત્યાં સ્થળ પર હાજર તેના મિત્ર સમીર સિકંદર સૈયદ બંનેને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ત્યારબાદ તે પોતાના ટુ-વ્હીલર પર સવાર થઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો.

હુમલામાં લોહીલુહાણ થયેલો સુફેલ બાઈક ચલાવીને પોતાની ચાલીના નાકે પહોંચ્યો હતો. ત્યાં તેના મોટા ભાઈ આમીરખાને તેની ગંભીર હાલત જોઈ તાત્કાલિક એમ્બ્યુલન્સ બોલાવી તેને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ પહોંચાડ્યો હતો. આ મામલે રખિયાલ પોલીસે આરોપી સમીર સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. પૂર્વ વિસ્તાર ગણાતા રખિયાલમાં યુવતીની બાબતે થયેલા વિવાદમાં એક મિત્રે જ બીજા મિત્ર પર ચપ્પુથી જીવલેણ હુમલો કરી દેતાં ભારે ચકચાર મચી ગઈ છે. ચકુડિયા મહાદેવ મંદિર સામે જાહેરમાં પાનના ગલ્લા પર બનેલી આ ઘટનામાં યુવક ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેને તાત્કાલિક સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

અમદાવાદના સાણંદમાં દીપડો દેખાયાની ચર્ચા, કૂતરાનો શિકાર કર્યાનો દાવો, ફરી પાંજરા ગોઠવાયા

અમદાવાદ, તા.16

થોડાક સમય પહેલા શેલા અને વૈષ્ણોદેવી વિસ્તારની આસપાસ દીપડો દેખાયો હોવાની ચર્ચા હતી એ પછી હવે સાણંદ પંથકમાં ફરી એકવાર દીપડો દેખાયાની વાતની ફફડાટ ફેલાયો છે. મોટી દેવતી ગામ તરફ જતા રસ્તા પર દીપડાના પગલાં જોવા મળતા ગ્રામજનોએ તાત્કાલિક વન વિભાગનો સંપર્ક કર્યો હતો. એક ઈંટના ભઠ્ઠા નજીક કૂતરાનો શિકાર થયો હોવાના નિશાન પણ મળી આવ્યા છે. આ ઘટનાને પગલે વન વિભાગની ટીમે તપાસ શરૂ કરી દીધી છે અને દીપડાને કેદ કરવા માટે પાંજરું ગોઠવવા કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, છેલ્લા કેટલાક સમયથી સાણંદ તાલુકા અને તેના આસપાસના વિસ્તારોમાં દીપડાની હિલચાલ સતત નોંધાઈ રહી છે. અગાઉ શેલા વિસ્તારમાં પણ દીપડો જોવા મળ્યો હતો, ત્યારબાદ બે-ત્રણ વાર અન્ય જગ્યાઓએ તેની હાજરીની આશંકા સેવાઈ રહી હતી. હવે મોટી દેવતી ગામની સીમમાં તેના આંટાફેરા હોવાની વાત સામે આવી છે.

મળતી માહિતી મુજબ, જંગલ જેવી ઝાડીઓ અને ઈંટના ભઠ્ઠાની આજુબાજુ દીપડાના

પંજાના નિશાન જોવા મળ્યા છે અને ત્યાં જ શ્વાનના શિકાર થયો છે. આ માહિતી મળતા જ વન વિભાગના અધિકારીઓ ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. હાલમાં દીપડો આ જ વિસ્તારમાં છુપાયેલો હોવાની શક્યતાને ધ્યાનમાં રાખીને તેને પકડી પાડવા માટે પાંજરા ગોઠવી દેવામાં આવ્યા છે.

આ અંગે RFO હરેશભાઈ દેસાઈએ જણાવ્યું કે, મોટી દેવડી ખાતે દીપડો હોવાની વાત સાચી છે, પરંતુ દીપડો હજુ ચોક્કસ લોકેટ થયો નથી. ગામના લોકો કૂતરા ઓછા થવાની વાત કરે છે પરંતુ એવું કંઈ પ્રોપર જાણવા મળ્યું નથી અને કૂતરાના મારણના ફોટા એક-બે દિવસ જૂના છે. અમે ગઈકાલે દીપડાનો રૂટ ફાઈનલ કરીને એક નવું પાંજરું મૂક્યું છે અને અગાઉના જૂના પાંજરા પણ ત્યાં જ છે.

અગાઉ અમે ડ્રોનથી સર્વેલન્સ કર્યું હતું અને આજે ફરીથી રી-સર્વે કરી રહ્યા છીએ જેથી તેના પગના માર્ક્સ કે ચિહ્નો દેખાય તો ટેરેટરી નક્કી કરી શકાય. આ અર્બન વિસ્તાર હોવાથી તથા સતત ટ્રાફિક અને કન્સ્ટ્રક્શન ચાલતું હોવાથી દીપડાની જગ્યા ફિક્સ નથી રહેતી અને તે સતત મુવ કરતો હોવાથી અમને તેને પકડવામાં મુશ્કેલી પડી રહી છે. જંગલ વિસ્તારની જેમ અહીં તેનો રૂટ ફિક્સ નથી રહેતો અને ખોરાક તથા પાણીની શોધમાં આ દીપડો એક દિવસમાં સરેરાશ 40થી 50 કે 60 કિલોમીટર સુધીનું અંતર કાપી શકે છે.

અમદાવાદની 3 લોકપ્રિય ટ્રેનો હવે LHB કોચ સાથે દોડશે, મુસાફરોની સલામતી સાથે મુસાફરી પણ બનશે વધુ આરામદાયક

અમદાવાદ, તા.16

લાખો દૈનિક મુસાફરો માટે ભારતીય રેલવે માત્ર એક સ્થળેથી બીજા સ્થળે પહોંચવાનું પરિવહનનું સાધન નથી, પરંતુ તેમના રોજિંદા જીવનનો મહત્વપૂર્ણ હિસ્સો છે. ખાસ કરીને ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત અને મુંબઈ વચ્ચે દરરોજ મોટી સંખ્યામાં નોકરિયાતો, વેપારીઓ, વિદ્યાર્થીઓ તેમજ અન્ય મુસાફરો ટ્રેન મારફતે અવરજવર કરે છે. લાંબા અંતરની સાથે દૈનિક મુસાફરી કરતા લોકો માટે ટ્રેનની સલામતી, સમયસર સેવા અને મુસાફરી દરમિયાન મળતી સુવિધાઓ ખૂબ મહત્વ ધરાવે છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને ભારતીય રેલવે દ્વારા જૂની ટેક્નોલોજી ધરાવતા ICF કોચને તબક્કાવાર હટાવીને વધુ આધુનિક LHB કોચનો ઉપયોગ વધારવામાં આવી રહ્યો છે.

આ જ અભિયાન હેઠળ પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝન દ્વારા અમદાવાદથી સંચાલિત થતી ત્રણ મહત્વપૂર્ણ અને લોકપ્રિય ટ્રેનોને LHB રેક સાથે દોડાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નિર્ણયથી અમદાવાદ અને આસપાસના વિસ્તારોમાંથી મુંબઈ, વલસાડ તથા વડોદરા તરફ મુસાફરી કરતા હજારો મુસાફરોને વધુ આધુનિક કોચમાં મુસાફરી કરવાની સુવિધા મળશે. અમદાવાદ-મુંબઈ સેન્ટ્રલ વચ્ચે દોડતી ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસ, અમદાવાદ-વલસાડ વચ્ચેની ગુજરાત ક્વીન અને અમદાવાદ-વડોદરા વચ્ચે દોડતી વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસને LHB રેક સાથે ચલાવવામાં આવશે.

LHB એટલે Linke Hofmann Busch પ્રકારના કોચ, જે પરંપરાગત ICF કોચની સરખામણીમાં વધુ આધુનિક ડિઝાઈન અને સલામતી સુવિધાઓ ધરાવે છે. ભારતીય રેલવેમાં છેલ્લા કેટલાક વર્ષોથી પરંપરાગત ICF કોચને તબક્કાવાર LHB કોચથી બદલવાની પ્રક્રિયા ચાલી રહી છે. LHB કોચનું બોડી સ્ટેનલેસ સ્ટીલનું બનેલું હોય છે, જેના કારણે તે મજબૂત અને લાંબા સમય સુધી ઉપયોગ માટે યોગ્ય માનવામાં આવે છે. આ કોચની ડિઝાઈનમાં મુસાફરોની સલામતીને વિશેષ મહત્વ આપવામાં આવ્યું છે.

LHB કોચની સૌથી મહત્વપૂર્ણ

વિશેષતાઓમાં તેની એન્ટિ-ટેલિસ્કોપિક ડિઝાઈનનો સમાવેશ થાય છે. સામાન્ય રીતે ગંભીર ટ્રેન અકસ્માત દરમિયાન એક કોચ બીજા કોચની અંદર ઘૂસી જવાની અથવા એકબીજા પર ચડી જવાની સ્થિતિ સર્જાઈ શકે છે. LHB કોચની ડિઝાઈન આવી સ્થિતિનું જોખમ ઘટાડવા માટે તૈયાર કરવામાં આવી છે. અકસ્માત દરમિયાન કોચ એકબીજા પર ચડી જવાની સંભાવના ઓછી રહેતી હોવાથી મુસાફરોની સુરક્ષામાં વધારો થાય છે. જોકે કોઈપણ અકસ્માતમાં જોખમ સંપૂર્ણપણે દૂર થઈ જાય એવું માનવું યોગ્ય નથી, પરંતુ આધુનિક કોચની ડિઝાઈન ગંભીર અસર ઘટાડવામાં મદદરૂપ બની શકે છે.

LHB કોચમાં બ્રેકિંગ સિસ્ટમ પણ પરંપરાગત કોચની સરખામણીમાં આધુનિક છે. તેમાં ડિસ્ક બ્રેક આધારિત બ્રેકિંગ વ્યવસ્થાનો ઉપયોગ થાય છે, જેના કારણે ટ્રેનને નિયંત્રિત કરવામાં વધુ અસરકારકતા મળે છે. ખાસ કરીને ઊંચી ઝડપે દોડતી ટ્રેનમાં ઈમરજન્સી બ્રેકિંગની સ્થિતિમાં ટ્રેનને નિયંત્રિત કરવામાં આ સિસ્ટમ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. ટ્રેનની ઝડપ, ટ્રેકની સ્થિતિ અને અન્ય પરિબળો અનુસાર બ્રેકિંગ અંતર બદલાઈ શકે છે, પરંતુ આધુનિક બ્રેકિંગ ટેક્નોલોજીનો હેતુ ટ્રેનના સંચાલનને વધુ સુરક્ષિત અને અસરકારક બનાવવાનો છે.

મુસાફરો માટે સલામતી ઉપરાંત LHB કોચનો સૌથી મોટો ફાયદો મુસાફરીના આરામમાં જોવા મળે છે. જૂના કોચમાં લાંબી મુસાફરી દરમિયાન ધ્રુજારી, અવાજ અને ઝટકાનો અનુભવ થતો હોવાની ફરિયાદો મુસાફરો દ્વારા કરવામાં આવતી હોય છે. LHB કોચમાં આધુનિક સસ્પેન્શન સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવ્યો હોવાથી ટ્રેન દોડતી વખતે કોચની હિલચાલ અને ઝટકા ઘટાડવામાં મદદ મળે છે. તેના કારણે લાંબા અંતરની મુસાફરી દરમિયાન મુસાફરોને વધુ શાંત અને આરામદાયક અનુભવ મળી શકે છે.

અમદાવાદથી મુંબઈ તરફની ગુજરાત સુપરફાસ્ટ એક્સપ્રેસ ગુજરાતના સૌથી વ્યસ્ત રેલવે રૂટ પૈકીના એક પર સેવા આપે છે. આ રૂટ પર દરરોજ મોટી સંખ્યામાં નોકરિયાતો, વેપારીઓ અને અન્ય મુસાફરો અવરજવર કરે છે. બીજી તરફ ગુજરાત ક્વીન અમદાવાદ અને દક્ષિણ ગુજરાત વચ્ચે જોડાણ પૂરું પાડતી મહત્વપૂર્ણ ટ્રેન છે. અમદાવાદ-વડોદરા રૂટ પર દોડતી વડોદરા ઈન્ટરસિટી એક્સપ્રેસ પણ દૈનિક મુસાફરો માટે અત્યંત ઉપયોગી સેવા છે. ખાસ કરીને નોકરી અને વ્યવસાય માટે અમદાવાદ અને વડોદરા વચ્ચે નિયમિત મુસાફરી કરતા લોકો માટે આ ટ્રેન મહત્વપૂર્ણ ગણાય છે.

ત્રણેય ટ્રેનોમાં LHB રેકના ઉપયોગથી મુસાફરોને આધુનિક કોચની સુવિધા અને સલામતી સંબંધિત ટેક્નોલોજીનો લાભ મળશે. ભારતીય રેલવે દ્વારા જૂના ICF કોચને તબક્કાવાર દૂર કરીને LHB તથા અન્ય આધુનિક કોચનો ઉપયોગ વધારવાની દિશામાં કરવામાં આવી રહેલા પ્રયાસોમાં અમદાવાદ ડિવિઝનનો આ નિર્ણય મહત્વપૂર્ણ છે.

નારોલમાં નશાકારક કફ સિરપનો મોટો જથ્થો ઝડપાયો, 1798 બોટલ સાથે બે આરોપી ઝડપાયા

અમદાવાદ, તા.16

અમદાવાદના નારોલ વિસ્તારમાં નશાકારક કફ સિરપના ગેરકાયદે જથ્થાનો પર્દાફાશ થયો છે. નારોલ ચાર રસ્તા નજીક સ્વામીનારાયણ બિઝનેસ પાર્ક પાસે નંબર પ્લેટ વગરની શંકાસ્પદ સ્કોર્પિયો કારમાંથી પોલીસે કોડીન ફોસ્ફેટ યુક્ત નશાકારક કફ સિરપની 1798 બોટલ ઝડપી પાડી છે. પોલીસે સ્થળ પરથી દાણીલીમડાના બે યુવકોની ધરપકડ કરી તેમની પાસેથી અંદાજે રૂ.21.15 લાખની કિંમતનો કફ સિરપનો જથ્થો કબજે કર્યો છે. પ્રાથમિક તપાસમાં આ કફ સિરપમાં NDPS એક્ટ હેઠળ આવતું કોડીન ફોસ્ફેટ હોવાનું સામે આવ્યું છે. સમગ્ર મામલે નારોલ પોલીસે ત્રણ લોકો સામે ગુનો નોંધી તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. પોલીસને બાતમી મળી હતી કે નારોલ ચાર રસ્તાના સર્વિસ રોડ પર કોટક મહિન્દ્રા બેંકવાળી ગલીમાં નવી બની રહેલી કન્સ્ટ્રક્શન સાઈટ નજીક નંબર પ્લેટ વગરની કાળા રંગની કારમાં નશાયુક્ત કફ સિરપનો જથ્થો લાવવામાં આવ્યો છે અને તેની સગેવગે કરવાની તૈયારી ચાલી રહી છે. બાતમીને ગંભીરતાથી લઈ નારોલ પોલીસની ટીમે સ્થળ પર વોચ ગોઠવી હતી. પોલીસની ટીમે શંકાસ્પદ હિલચાલ જણાતાં સ્કોર્પિયો કારને કોર્ડન કરી તેમાં તપાસ હાથ ધરી હતી.

કારની તપાસ દરમિયાન અંદર બે યુવકો બેઠેલા મળી આવ્યા હતા. પોલીસે તેમની પૂછપરછ કરતાં તેમની ઓળખ નવાઝહુસેન મુકદસહુસેન શેખ, ઉંમર 23 વર્ષ, રહે. ઈંડાવાળી ગલી, બેરલ માર્કેટ, દાણીલીમડા અને સરવરખાન બિસ્મીલ્લાહખાન પઠાણ, ઉંમર 26 વર્ષ, રહે. અલ્લાહનગર, દાણીલીમડા તરીકે થઈ હતી. પોલીસે બંનેને કસ્ટડીમાં લઈ કારની ઝીણવટભરી તપાસ શરૂ કરી હતી. તપાસ દરમિયાન કારની વચ્ચેની સીટમાંથી કુલ 18 પૂંઠાના બોક્સ મળી આવ્યા હતા. આ બોક્સ પર 'TO CHANGODAR, C/NEE ASHAPURA MEDICAL STORE' લખેલું ટ્રાન્સપોર્ટ માર્કિંગ જોવા મળ્યું હતું. પોલીસે શંકાના આધારે બોક્સ ખોલીને તપાસ કરતાં તેમાં 100 મિલીની 'CADIFOS-T' બ્રાન્ડની કુલ 1798 સીલબંધ બોટલો મળી આવી હતી. મોટી સંખ્યામાં કફ સિરપની બોટલો મળી આવતા પોલીસે સમગ્ર જથ્થો કબજે કરીને તેની તપાસ શરૂ કરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં આ કફ સિરપમાં કોડીન ફોસ્ફેટ નામનું પદાર્થ હોવાનું સામે આવ્યું હતું. કોડીન ફોસ્ફેટ ધરાવતી આ પ્રકારની દવાઓનો ગેરકાયદે ઉપયોગ નશા માટે થતો હોવાના કારણે પોલીસ દ્વારા સમગ્ર જથ્થાને ગંભીરતાથી લેવામાં આવ્યો હતો. આરોપીઓ પાસે આટલી મોટી માત્રામાં કફ સિરપ રાખવા કે તેની હેરફેર કરવા અંગે કોઈ કાયદેસર લાયસન્સ કે જરૂરી દસ્તાવેજો ન હોવાનું પણ સામે આવ્યું હતું. પોલીસે કફ સિરપનો સમગ્ર જથ્થો કબજે કરીને તેની કિંમત અંદાજે રૂ.21.15 લાખ હોવાનું જણાવ્યું છે. પોલીસની પૂછપરછ દરમિયાન ઝડપાયેલા નવાઝહુસેન શેખે કફ સિરપના જથ્થા અંગે મહત્વની માહિતી આપી હોવાનું સામે આવ્યું છે. તેની કબૂલાત મુજબ, આ કફ સિરપનો જથ્થો તેના મિત્ર મોઈન સૈયદ પાસેથી મંગાવવામાં આવ્યો હતો. મોઈન સૈયદ જુહાપુરામાં રહેતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. આરોપીએ પોલીસને જણાવ્યું હતું કે કફ સિરપનો જથ્થો પોર્ટર મારફતે મંગાવવામાં આવ્યો હતો અને ત્યારબાદ તેનો છૂટકમાં વેપાર કરવામાં આવતો હતો.

આરોપીએ જે કારનો ઉપયોગ કર્યો હતો તે પણ તપાસનો મહત્વનો મુદ્દો બન્યો છે. પોલીસના જણાવ્યા મુજબ, સ્કોર્પિયો કાર આરોપીએ પોતાના મિત્ર મુસીબ પાસેથી ફરવા જવાના બહાને મેળવી હતી. ત્યારબાદ આ કારનો ઉપયોગ કફ સિરપનો જથ્થો એક સ્થળેથી બીજા સ્થળે લઈ જવા માટે કરવામાં આવ્યો હોવાની વિગતો સામે આવી છે. હવે પોલીસ કારના માલિક સહિત સમગ્ર નેટવર્કની ભૂમિકા અંગે પણ તપાસ કરી રહી છે.

આ કેસમાં નારોલ પોલીસે નવાઝહુસેન શેખ અને સરવરખાન પઠાણ ઉપરાંત જુહાપુરામાં રહેતા મોઈન સૈયદ સામે પણ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધ્યો છે. પોલીસે તપાસ દરમિયાન કફ સિરપનો જથ્થો ક્યાંથી આવ્યો, કોના મારફતે અમદાવાદ પહોંચાડવામાં આવ્યો અને આ જથ્થો કોને પહોંચાડવાનો હતો તે સહિતના મુદ્દાઓ પર તપાસ શરૂ કરી છે. આરોપીઓની પૂછપરછમાં આ ગેરકાયદે વેપાર સાથે સંકળાયેલા અન્ય લોકોનાં નામ બહાર આવે તેવી શક્યતા છે.

ખાસ વાત એ છે કે પોલીસે જપ્ત કરેલા કફ સિરપના પૂંઠાના બોક્સ પર ટ્રાન્સપોર્ટની પેકિંગ સ્લિપ મળી આવી છે. તેના પર 'TO CHANGODAR, C/NEE ASHAPURA MEDICAL STORE' લખેલું હોવાથી હવે પોલીસ આ ટ્રાન્સપોર્ટ લાઈનની પણ તપાસ કરી રહી છે. પ્રાથમિક શંકા મુજબ મેડિકલ એજન્સીના સાચા કે બોગસ નામનો ઉપયોગ કરીને આ કફ સિરપનો જથ્થો ટ્રાન્સપોર્ટ મારફતે ઉત્તરાખંડના હરિદ્વારથી અમદાવાદ મંગાવવામાં આવ્યો હોવાની શક્યતા તપાસવામાં આવી રહી છે.

'હું ઔડાનો ડિરેક્ટર છું... કહીને ઠગે પ્રધાનમંત્રી આવાસના નામે ગરીબોના 19.60 લાખ પડાવ્યા

અમદાવાદ, તા.16

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતમાં નકલી સરકારી કર્મચારીઓ બનીને લોકો સાથે છેતરપિંડી થતી હોવાની ઘટના સામે આવતી રહે છે. એવામાં વધુ એક ઘટના વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનના ચોપડે નોંધાઈ છે. જેમાં રાજેશસિંહ રાઠોડ નામના શખ્સે પોતાની ખોટી ઓળખ ઔડાના બોર્ડ ઓફ ડિરેક્ટર તરીકે આપીને જયશ્રીબેન શર્મા અને તેમના ગ્રુપને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં મકાન અપાવવાની લાલચ આપી કુલ રૂપિયા 19.60 લાખની છેતરપિંડી કરી હતી. રૂપિયા લીધા બાદ મકાન ન મળતાં લોકોએ ઉઘરાણી કરી હતી. જે બાદ આરોપીએ આપેલા ચેક પણ બેંકમાંથી રિટર્ન થયા હતા. અંતે આરોપી ઔડામાં કોઈ જ હોદ્દો ધરાવતો ન હોવાનો ભાંડો ફૂટતાં ભોગ બનનારાઓએ તેની સામે વસ્ત્રાપુર પોલીસ સ્ટેશનમાં છેતરપિંડીની ફરિયાદ નોંધાવી છે.

નવેમ્બર 2025માં ફરિયાદી જયશ્રીબેન શર્મા અને તેમના ગ્રુપના અન્ય સભ્યોને રાજેશસિંહ ઉર્ફે રાજભા બાબુસિંહ રાઠોડ નામના વ્યક્તિએ પોતે ઔડાના બોર્ડ ઓફ ડિરેક્ટર હોવાની ખોટી

ઓળખ આપી હતી. તેણે પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ ઔડામાં તાત્કાલિક મકાન અપાવવાની લાલચ આપી હતી. તેણે કહ્યું હતું કે, હું પ્રધાનમંત્રી આવાસ યોજનાના મકાનના ફોર્મ ભરીને ચોક્કસ મકાન લગાડી આપું છું હું ઔડાનો બોર્ડ ઓફ ડિરેક્ટર છું,જો તમારે ઔડામાં મકાન જોઈતુ હોય તો કહેજો. હું તમને ઔડામાં તાત્કાલિક મકાન લગાડી આપીશ. ઔડાનું મકાન લેવા માટે પહેલા રૂપિયા આપવા પડશે પછી લોન કરાવી દઈશ. આ પછી મકાન માટે એડવાન્સ રકમ માંગી હતી. જયશ્રીબેને નવેમ્બર 2025ના રોજ ઓનલાઈન અને રોકડા એમ કૂલ 1,60,000 રૂપિયા આપ્યા હતા. ત્યારબાદ તેમના ગ્રુપના અન્ય સભ્યો અંકિતભાઈ, વિશાલભાઈ, મનીષાબા, વિક્રમભાઈ, પ્રફુલ્લાબેન, આશિષનાબેન અને યોગેશભાઈએ પણ રોકડ અને બેંક ટ્રાન્સફર દ્વારા રૂપિયા આપ્યા હતા.

આમ, આરોપીએ મકાન અપાવવાના બહાને આ તમામ લોકો પાસેથી કુલ રૂપિયા 19,60,000ની રૂપિયા પડાવી લીધા હતા. રૂપિયા લીધા બાદ મકાન ના મળતા અને આરોપી દ્વારા સતત ગોળ-ગોળ જવાબો આપતો હતો. ફરિયાદી અને તેમના ગ્રુપે પોતાના રૂપિયા પાછા માંગ્યા હતા. જેના જવાબમાં આરોપીએ જુલાઈ 2026ના રોજ નોટરી સમક્ષ સમજૂતી કરાર કરી એક મહિનામાં રૂપિયા પાછા આપવાની બાંહેધરી આપી હતી અને બેંકના ચેક આપ્યા હતા. જોકે, સમય મર્યાદા પૂરી થયા બાદ આ ચેક બેંકમાં જમા કરાવતા તે રિટર્ન થયા હતા. આ બાબતે વધુ તપાસ કરતા જાણવા મળ્યું કે રાજેશ રાઠોડ ઔડામાં કોઈ ડિરેક્ટર નથી કે ત્યાં કોઈ નોકરી પણ કરતો નથી. આ રીતે પોતાની સાથે છેતરપિંડી થયાની જાણ થયા બાદ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે તેમણે ફરિયાદ નોંધાવી હતી.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

યુરોપમાં ગરમીથી 35,000 લોકોના મોત: નદીઓ સુકાઈ, જંગલોમાં આગ લાગી, યુરોપિયન યુનિયને ઉનાળાને પણ આપત્તિ ગણાવી

યુરોપ, તા.16

યુરોપમાં આ વર્ષે પડેલી અભૂતપૂર્વ અને અત્યંત ભયાનક ગરમીએ સમગ્ર વિશ્વ માટે એક મોટો ચિંતાનો વિષય ઊભો કર્યો છે. કાળઝાળ હીટવેવના કારણે સમગ્ર યુરોપ ખંડમાં આશરે 35 હજારથી પણ વધુ લોકોના અકાળે કરુણ મોત નિપજ્યા છે, જ્યારે ત્યાંની કુદરતી સંપદા અને પર્યાવરણને ન પુરી શકાય તેવું વિશાળ નુકસાન પહોંચ્યું છે. ખંડની સૌથી મુખ્ય અને જાણીતી નદીઓ સુકાઈને તળિયાઝાટક થઈ ગઈ છે તથા તેના સમૃદ્ધ જંગલોમાં ભયાનક આગ લાગવાની અનેક મોટી હોનારતો સામે આવી છે. આ સમગ્ર ભયાનક પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખીને યુરોપિયન યુનિયન (EU) હવે ગરમીને સામાન્ય વાતાવરણીય ફેરફાર ગણવાને બદલે એક અત્યંત મોટી કુદરતી આફત ગણીને તેનો સામનો કરવા માટે એક નવી, સુસજ્જ અને આધુનિક ઈમરજન્સી સિસ્ટમ તૈયાર કરવાની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે.

આ અંગે વિગતવાર વાત કરતા યુરોપિયન કમિશનના અધ્યક્ષ ઉર્સુલા વોન ડેર લેયેને એક ખાસ નિવેદનમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે આ વર્ષે પડેલી ભીષણ ગરમીએ સમગ્ર યુરોપિયન દેશોને એક મોટો, કડવો અને ક્યારેય ન ભૂલાય તેવો પાઠ શીખવ્યો છે. તાપમાનમાં થયેલા અસહ્ય અને રેકોર્ડબ્રેક વધારાને કારણે ડેન્યુબ, રાઈન અને ફ્રાન્સની પ્રસિદ્ધ ગારોન જેવી વિશાળ નદીઓમાં પણ પાણીની સપાટી ચિંતાજનક સ્તરે ઘટી ગઈ હતી. આ સિવાય મોટા શહેરોની હોસ્પિટલો અને ખાસ કરીને વૃદ્ધો માટેના કેર હોમ્સ પણ આ ભયાનક ગરમીની સીધી ઝપેટમાં આવી ગયા હતા, જેના કારણે ત્યાં સારવાર હેઠળ રહેલા દર્દીઓ અને વૃદ્ધો માટે રહેવું અત્યંત મુશ્કેલ અને અસહ્ય બની ગયું હતું. તેમના જણાવ્યા મુજબ, ગરમીની વ્યાપક અને વિનાશક અસર શરૂઆતમાં રજૂ કરવામાં આવેલા પ્રાથમિક અંદાજો કરતાં પણ ક્યાંય વધારે ગંભીર અને ભયાનક સાબિત થઈ છે.

બીજી તરફ, જંગલોમાં ફાટી નીકળેલી ભયાનક અને વિકરાળ આગને કારણે પણ યુરોપિયન યુનિયનના દેશોને અબજો રૂપિયાનું આર્થિક અને પર્યાવરણીય નુકસાન વેઠવાનો વારો આવ્યો છે. એક જ વર્ષના ટૂંકા ગાળામાં આશરે 6.60 લાખ હેક્ટર જેટલી સમૃદ્ધ લીલોતરી ધરાવતી જંગલ જમીન બળીને સંપૂર્ણપણે ખાખ થઈ ગઈ હતી, જેના કારણે 1.2 કરોડ ટન જેટલો તૈયાર પાક પણ સંપૂર્ણપણે બરબાદ થઈ ગયો હતો. આ અતિ વિકટ પરિસ્થિતિમાંથી બહાર આવવા માટે યુરોપિયન યુનિયન હવે આખા ખંડમાં આગ લાગવાનું સૌથી વધુ જોખમ ધરાવતા 100 અત્યંત સંવેદનશીલ વિસ્તારોની ખાસ ઓળખ કરી રહ્યું છે અને ત્યાં ભવિષ્યમાં થનારી બચાવ કામગીરીઓની તૈયારીઓનું ખાસ મૂલ્યાંકન કરવામાં આવશે. હાલના તબક્કે યુરોપિયન યુનિયન પાસે આગ ઓલવવા માટેના ફાયરફાઈટિંગ વિમાનોનો ખૂબ જ મર્યાદિત કાફલો ઉપલબ્ધ છે, જેની મદદથી સભ્ય દેશો વચ્ચે કટોકટીના સમયે વોટર ટેન્કર અને બચાવ ટીમો મોકલવામાં આવે છે. પરંતુ હવે આ સમગ્ર ઈમરજન્સી અને રેસ્ક્યૂ વ્યવસ્થાને વધુ વ્યાપક, મોટો અને આધુનિક બનાવવાની દિશામાં કામ શરૂ કરી દેવામાં આવ્યું છે, જેમાં અનુભવી ફાયરફાઈટર્સ અને આંતરરાષ્ટ્રીય રાહત ટુકડીઓના મહત્ત્વના સૂચનોનો પણ સમાવેશ કરવામાં આવી રહ્યો છે.

આંતરરાષ્ટ્રીય સ્તરે સર્જાયેલી આ મોટી કટોકટી વચ્ચે કમિશનના અધ્યક્ષે ગ્રીસના જંગલોમાં લાગેલી વિકરાળ આગને બુઝાવવાની કામગીરી દરમિયાન શહીદ થયેલા ડેનમાર્કના વીર હેલિકોપ્ટર પાયલટ રૂને કિંડલને પણ વિશેષ રૂપે યાદ કરીને શ્રદ્ધાંજલિ અર્પી હતી. ઓગસ્ટ માસમાં જંગલની આગ પર કાબૂ મેળવવાની જોખમી કામગીરી દરમિયાન અન્ય અજાણ્યા લોકોના પ્રાણ બચાવવા માટે પોતાના જીવનનું બલિદાન આપનાર પાયલટ રૂનેના અસાધારણ સન્માનમાં યુરોપિયન સંસદમાં ઉપસ્થિત તમામ સાંસદો અને અધિકારીઓએ ઊભા થઈને લાંબા સમય સુધી તાળીઓના ગડગડાટથી તેમની શૌર્યગાથાને બિરદાવી હતી. પર્યાવરણીય સંસ્થાઓ અને વર્લ્ડ વેધર એટ્રિબ્યુશનના તાજેતરના અભ્યાસ અનુસાર, ક્લાઈમેટ ચેન્જ અને ગ્લોબલ વોર્મિંગના ઝડપથી વધતા પ્રભાવના કારણે જ યુરોપમાં આ વર્ષે આટલી બધી તીવ્ર અને ઘાતક ગરમી જોવા મળી છે. યુરોપ ખંડ વિશ્વના અન્ય ભાગોના સરેરાશ તાપમાન વૃદ્ધિ દરની સરખામણીએ આશરે બમણી ઝડપે ગરમ થઈ રહ્યો છે, જેના પરિણામે આગામી વર્ષોમાં આનાથી પણ વધુ તીવ્ર અને લાંબા સમય સુધી ચાલનારી હીટવેવનો સામનો કરવો પડી શકે છે. ખાસ કરીને આર્કટિક પ્રદેશની ખૂબ નજીક હોવાને કારણે, સમુદ્રની સરખામણીએ જમીનનો ભાગ ઝડપથી ગરમ થતો હોવાથી અને પૃથ્વીની સપાટી પરથી વાતા પવનો તેમજ જેટ સ્ટ્રીમની પેટર્નમાં મોટા પાયે બદલાવ આવવાથી ગરમ હવા એક જ જગ્યાએ લાંબા સમય સુધી ફસાઈ રહે છે.

ટ્રમ્પ ઇઝરાયલને આપશે રુ. 26 હજાર કરોડના હથિયાર: ટનલોને તબાહ કરે તેવા 900 કિલોના 40 હજાર સુપર-હેવી બોમ્બ પહોંચાડશે

વોશિંગ્ટન, તા.16

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું પ્રશાસન ઈઝરાયલને 2.8 અબજ ડોલર એટલે કે લગભગ 26 હજાર કરોડના હથિયારો આપવાની તૈયારી કરી રહ્યું છે. આ પેકેજમાં લગભગ 40 હજાર ભારે બોમ્બ શામેલ છે.

દરેક બોમ્બનું વજન 2000 પાઉન્ડ એટલે કે લગભગ 900 કિલો છે. આ બોમ્બના સપ્લાય પર પૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડને 2024માં રોક લગાવી હતી.

પ્રસ્તાવિત હથિયાર પેકેજમાં 20 હજાર Mk84 અને 20 હજાર BLU-117 બોમ્બ શામેલ છે. ડીલ હજુ ફાઈનલ થઈ નથી. અમેરિકી અધિકારીઓ અનુસાર, કોંગ્રેસને તેની અનૌપચારિક જાણકારી આપી દેવામાં આવી છે.

2024માં બાઈડન પ્રશાસને 2,000 પાઉન્ડના આ બોમ્બની એક ખેપ ઈઝરાયલ મોકલવા પર રોક લગાવી દીધી હતી. તે સમયે ચિંતા હતી કે ગાઝા જેવા ગીચ વસ્તીવાળા વિસ્તારમાં તેનો ઉપયોગ થવા પર મોટી સંખ્યામાં લોકોના મોત થઈ શકે છે.

ટ્રમ્પના ફરીથી રાષ્ટ્રપતિ બન્યા પછી આ રોક હટાવી દેવામાં આવી. હવે તેમનું પ્રશાસન આ જ બોમ્બની મોટી સંખ્યાવાળી નવી ડીલની તૈયારી કરી રહ્યું છે.

આ 900 કિલોના બોમ્બના અલગ-અલગ મોડેલ છે. કેટલાકને જમીનની અંદરના ઠેકાણાઓને નિશાન બનાવવા માટે ડિઝાઈન કરવામાં આવ્યા છે, જ્યારે કેટલાક જમીન ઉપર ફાટીને મોટા વિસ્તારમાં ભારે નુકસાન પહોંચાડી શકે છે.

નિષ્ણાતોએ ગાઝામાં થયેલા હુમલાઓના વીડિયો અને ઘટનાસ્થળો પરથી મળેલા બોમ્બના ટુકડાઓનું વિશ્લેષણ કર્યું છે. તેમના મતે, ત્યાં અમેરિકી નિર્મિત બોમ્બનો ઉપયોગ થયો છે.

આમાંથી કેટલાકનો ઉપયોગ હમાસના સુરંગ નેટવર્કને નિશાન બનાવવા માટે કરવામાં આવ્યો હતો, પરંતુ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં પણ લોકોના મોત થયા.

ટ્રમ્પ પ્રશાસને ગયા વર્ષે ઈઝરાયલ માટે લગભગ 3 અબજ ડોલરના હથિયારોના વેચાણને મંજૂરી આપી હતી. આમાં 35,500થી વધુ ભારે બોમ્બનો સમાવેશ થતો હતો. ત્યારબાદ જાન્યુઆરીમાં ઈઝરાયલ માટે 6.67 અબજ ડોલરના વધુ એક હથિયાર વેચાણને મંજૂરી આપવામાં આવી.

7 ઓક્ટોબર 2023ના રોજ હમાસના નેતૃત્વમાં દક્ષિણ ઈઝરાયલ પર હુમલો કરવામાં આવ્યો હતો. આમાં લગભગ 1,200 લોકો માર્યા ગયા અને 251 લોકોને બંધક બનાવવામાં આવ્યા. ત્યારબાદ ઈઝરાયલે ગાઝામાં સૈન્ય અભિયાન શરૂ કર્યું.

ગાઝાના આરોગ્ય મંત્રાલય અનુસાર, ઈઝરાયલી અભિયાનમાં અત્યાર સુધીમાં 73,264થી વધુ પેલેસ્ટિનિયન માર્યા ગયા છે. આમાં યુદ્ધવિરામ પછી માર્યા ગયેલા લોકો પણ સામેલ છે.

અમેરિકાની મધ્યસ્થીથી યુદ્ધવિરામ થયો છે, પરંતુ ગાઝામાં હિંસા સંપૂર્ણપણે બંધ થઈ નથી. ઈઝરાયલ તરફથી હુમલાઓ ચાલુ રહેવાની સાથે જ હમાસ સાથે સંકળાયેલા ઉગ્રવાદીઓ અને ઈઝરાયલી સૈનિકો વચ્ચે પણ હિંસાની ઘટનાઓ સામે આવતી રહી છે.

UAEએ 4 હજાર બાંગ્લાદેશીઓના વિઝા રદ કર્યા: વર્ષોથી UAEમાં હતા, રજા પરથી પાછા ફર્યા તો વિઝા રદ

અબુ ધાબી/ઢાકા, તા.16

સંયુક્ત આરબ અમીરાત (UAE)એ 4 હજારથી વધુ બાંગ્લાદેશીઓના વિઝા રદ કર્યા છે. તેમાં ઘણા એવા લોકો છે, જેઓ UAEમાં નોકરી કે વ્યવસાય કરતા હતા અને રજાઓ ગાળવા બાંગ્લાદેશ ગયા હતા. આ લોકો હવે UAE પાછા જઈ શકતા નથી. આ લોકોના વિઝા રદ કરવાનું કોઈ સ્પષ્ટ કારણ જણાવવામાં આવ્યું નથી. ઘણા લોકોને ઈમેલ કે મોબાઈલ મેસેજ દ્વારા તેની જાણકારી મળી. બાંગ્લાદેશ સરકારે આ મામલો રાજદ્વારી સ્તરે UAE સમક્ષ ઉઠાવ્યો છે અને વિઝા રદ કરવાના કેસોની ફરીથી તપાસની માંગ કરી છે. પ્રભાવિત લોકોએ સરકારને 22 સપ્ટેમ્બર સુધીમાં ઉકેલ લાવવાનો સમય આપ્યો છે.

જે લોકોના વિઝા રદ થયા છે તેમાં અબુલ કલામ આઝાદનો પણ સમાવેશ થાય છે. તેઓ છેલ્લા 27 વર્ષથી UAEમાં રહેતા હતા. 7 એપ્રિલે રજા પર બાંગ્લાદેશ પાછા ફર્યા હતા. લગભગ સાડા ત્રણ મહિના પછી 24 જુલાઈએ તેમને ઈમેલ મળ્યો, જેમાં જણાવવામાં આવ્યું હતું કે તેમના વિઝા રદ કરવામાં આવ્યા છે. આઝાદે ધ ડેઈલી સ્ટારને જણાવ્યું કે તેમને વિઝા રદ કરવાનું કારણ જણાવવામાં આવ્યું નથી.

અબુલ કલામ આઝાદ તે 350 બાંગ્લાદેશીઓમાં સામેલ હતા, જેઓ 7 સપ્ટેમ્બરે ઢાકાના નેશનલ પ્રેસ ક્લબમાં આયોજિત કાર્યક્રમમાં પહોંચ્યા હતા. આ લોકોએ સરકાર પાસે મામલાનો ઉકેલ લાવવાની માંગ કરી. અન્ય લોકોએ પણ જણાવ્યું કે જુલાઈથી તેમને ઈમેલ અથવા મોબાઈલ મેસેજ દ્વારા વિઝા રદ થવાની જાણકારી મળવા લાગી. કેટલાક લોકોના UAEમાં હાજર સ્પોન્સરને પણ તેની સૂચના આપવામાં આવી.

એક વ્યક્તિએ ધ ડેઈલી સ્ટારને જણાવ્યું કે UAEમાં તેની વિરુદ્ધ કોઈ ફોજદારી કેસ કે કાનૂની વિવાદ નથી. તેમ છતાં તેનો વિઝા રદ કરી દેવામાં આવ્યો. તેણે જણાવ્યું કે UAEમાં તેના બે વ્યવસાય છે અને તેની પત્ની દુબઈમાં રહે છે. હવે તે પાછા જવાની પરવાનગી માટે અલગ-અલગ સરકારી કચેરીઓના ચક્કર લગાવી રહ્યો છે. બાંગ્લાદેશે 1976માં UAEમાં પોતાના લોકોને નોકરી માટે મોકલવાનું શરૂ કર્યું હતું. હાલમાં UAEમાં 12 લાખથી વધુ બાંગ્લાદેશીઓ રહી રહ્યા છે. આમાં નોકરી કરનારાઓ ઉપરાંત વેપારીઓ અને અન્ય કામ કરનારા લોકો પણ સામેલ છે.

બાંગ્લાદેશના પ્રવાસી કલ્યાણ અને વિદેશ રોજગાર રાજ્ય મંત્રી નુરુલ હક નૂરે 7 સપ્ટેમ્બરે ફેસબુક પર જણાવ્યું હતું કે તેમના મંત્રાલય અને વિદેશ મંત્રાલયને લગભગ 4 હજાર બાંગ્લાદેશીઓના વિઝા રદ થવાની જાણકારી છે. ત્યારબાદ બાંગ્લાદેશના મંત્રાલયના સૂત્રોના હવાલેથી પ્રભાવિત લોકોની સંખ્યા 4,800 સુધી જણાવવામાં આવી હોવાના અહેવાલો આવ્યા. જોકે, UAE સરકારે અત્યાર સુધી સાર્વજનિક રૂપે 4,800 વિઝા રદ થવાની સંખ્યાની પુષ્ટિ કરી નથી. 7 સપ્ટેમ્બરે નેશનલ પ્રેસ ક્લબમાં યોજાયેલા કાર્યક્રમમાં પ્રભાવિત બાંગ્લાદેશીઓએ સરકાર સમક્ષ અનેક માંગણીઓ મૂકી.

પ્રભાવિત લોકોને ફરીથી UAE જવાની મંજૂરી અપાવવામાં આવે. UAE સાથે ઉચ્ચ સ્તરે વાતચીત કરીને તેમને જૂના કામ અને વ્યવસાય પર પાછા ફરવાનો રસ્તો કાઢવામાં આવે. સંકટ સમાપ્ત ન થાય ત્યાં સુધી પ્રભાવિત લોકોને અને તેમના પરિવારોને દર મહિને 15 હજારથી 20 હજાર ટાકાની આર્થિક મદદ આપવામાં આવે. જે લોકો UAE પાછા જઈ શકતા નથી, તેમના માટે અન્ય દેશોમાં રોજગારની વ્યવસ્થા કરવામાં આવે. પ્રભાવિત લોકોના પુનર્વસન અને આર્થિક મદદ માટે સરકાર પગલાં ભરે. વિઝા રદ કરવાનું કોઈ એક સત્તાવાર કારણ હજુ સુધી સામે આવ્યું નથી. સેન્ટર ફોર નોન-રેસિડેન્ટ બાંગ્લાદેશીના અધ્યક્ષ એમએસ શેખિલ ચૌધરીના મતે, મધ્ય પૂર્વમાં ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે UAEએ પ્રવાસીઓની તપાસ અને દેખરેખ વધારી દીધી છે. તેમનું કહેવું છે કે હવે વિઝા સમયસર રિન્યુ થયા છે કે નહીં, દસ્તાવેજોમાં કોઈ ગડબડ તો નથી અને સોશિયલ મીડિયા પર તેમની ગતિવિધિઓ કેવી છે, આ બાબતોની વધુ તપાસ કરવામાં આવી રહી છે. જોકે, તેમણે એમ નથી કહ્યું કે જે લોકોના વિઝા રદ થયા છે.

સાઉદીએ મક્કા પાસે હુતી ડ્રોન તોડી પાડ્યું: મક્કા-જેદ્દાહમાં 'ઈમરજન્સી એલર્ટ', મુશ્કેલ ઘડીએ પાકિસ્તાને હાથ ઊંચા કર્યા, હુતી બોલ્યા- મક્કાને કોઈ જોખમ નથી

મક્કા, તા.16

સાઉદી અરબના એર ડિફેન્સ સિસ્ટમે મંગળવારે મક્કાના દક્ષિણમાં એક હુતી ડ્રોનને ઈન્ટરસેપ્ટ કરીને નષ્ટ કરી દીધું. સાઉદી નેતૃત્વવાળા સૈન્ય ગઠબંધને બુધવારે જણાવ્યું કે ડ્રોનને મક્કાના પ્રતિબંધિત હવાઈ ક્ષેત્રમાં દાખલ થતા પહેલા જ તોડી પાડવામાં આવ્યું. સૈન્ય ગઠબંધનના પ્રવક્તા તુર્કી અલ-મલિકીએ કહ્યું કે ઈસ્લામના બે સૌથી પવિત્ર સ્થળો અને યાત્રાળુઓની સુરક્ષા સાઉદી અરબ માટે રેડ લાઈન છે. તેમણે કહ્યું કે ગઠબંધન હુતીઓ વિરુદ્ધ જરૂરી પગલાં લેશે.

જ્યારે હુતી ઉગ્રવાદીઓએ મક્કા કે બીજા પવિત્ર સ્થળોને નિશાન બનાવવાની વાતનો ઈનકાર કર્યો છે. હુતીઓની સમાચાર એજન્સી SABA અનુસાર, સંગઠનથી મક્કા કે અન્ય પવિત્ર સ્થળોને કોઈ ખતરો નથી.

મંગળવારે સાઉદી અરબના ઘણા વિસ્તારોમાં સુરક્ષા એલર્ટ જાહેર કરવામાં આવ્યા. તેમાં મક્કા અને અન્ય શહેરોનો સમાવેશ થતો હતો. આ ઘટનાક્રમ એવા સમયે બન્યો, જ્યારે છેલ્લા એક સપ્તાહમાં ઈરાન સમર્થિત ઉગ્રવાદીઓનાં હુમલાઓ પછી સાઉદી અરબ ક્ષેત્રીય સંઘર્ષથી વધુ પ્રભાવિત થયું છે. હુતીઓના હુમલાઓથી સાઉદી અરબના તે તેલ નિકાસ માર્ગો પર પણ જોખમ વધ્યું છે, જેમને સ્ટ્રેટ ઓફ હોર્મુઝથી હટાવીને વૈકલ્પિક રસ્તાઓથી ઉપયોગમાં લેવામાં આવી રહ્યા છે.

યમનના હુતી વિદ્રોહીઓએ મંગળવારે સાઉદી અરબ પર ડ્રોન અને મિસાઈલ હુમલા કર્યા. ત્યારબાદ સાઉદી અરબે મક્કામાં પહેલીવાર ઈમરજન્સી એલર્ટ જાહેર કર્યું. સાઉદી સિવિલ ડિફેન્સ અનુસાર, નેશનલ અર્લી વોર્નિંગ પ્લેટફોર્મે એલર્ટ જાહેર કર્યું હતું. લોકોને ઊંચી ઈમારતોથી દૂર રહેવાની અપીલ કરવામાં આવી હતી. થોડા સમય પછી સિવિલ ડિફેન્સે જણાવ્યું કે ખતરો ટળી ગયો છે. જોકે, લોકોને ભીડથી દૂર રહેવા અને કોઈ ઘટનાનો વીડિયો કે ફોટો ન બનાવવા અપીલ કરવામાં આવી હતી. મંગળવારે સવારે જેદ્દા અને તાઈફમાં પણ આવા જ ઈમરજન્સી એલર્ટ જાહેર કરવામાં આવ્યા હતા. તેમને પણ થોડા સમય પછી પાછા ખેંચી લેવામાં આવ્યા હતા. આ પહેલા 27 જુલાઈ 2017ના રોજ હુતી વિદ્રોહીઓએ મક્કા તરફ બેલિસ્ટિક મિસાઈલ છોડી હતી. પરંતુ મિસાઈલને મક્કાથી લગભગ 69 કિલોમીટર દૂર અલ-વસિલિયા વિસ્તારમાં નષ્ટ કરી દેવામાં આવી હતી. મક્કા, જેદ્દાહ અને તાઈફમાં જારી કરાયેલા એલર્ટમાં લોકોને ભીડવાળા અને ખુલ્લા વિસ્તારોમાં જવાનું ટાળવા જણાવાયું છે. લોકોને શાંત રહેવા અને કોઈપણ ખતરાની સ્થિતિમાં તરત જ સુરક્ષિત સ્થળે જવાની અપીલ કરવામાં આવી છે.

લોકોને ઘરની અંદર રહેવા અને બારી, બાલ્કની, છત, કાચ અને

ખુલ્લી જગ્યાઓથી દૂર રહેવા જણાવાયું છે. જો કોઈ વ્યક્તિ ઘરની બહાર હોય, તો તેને તરત જ નજીકની કોઈ ઈમારતમાં જવા અથવા કોઈ મજબૂત વસ્તુની આડમાં છુપાઈ જવા અને ખતરો ટળી ન જાય ત્યાં સુધી ત્યાં જ રહેવાની સલાહ આપવામાં આવી છે. મક્કા દુનિયાનું સૌથી મહત્વપૂર્ણ ઈસ્લામિક તીર્થસ્થળ છે. અહીં મસ્જિદ અલ-હરમ અને કાબા આવેલા છે. દર વર્ષે લગભગ 3 કરોડ શ્રદ્ધાળુઓ અહીં હજ અને ઉમરા માટે પહોંચે છે. તેથી મિસાઈલ, ડ્રોન કે આતંકી હુમલાથી સુરક્ષા અત્યંત મહત્વપૂર્ણ છે. મક્કાની સુરક્ષા 4 લેયરમાં થાય છે;- એર ડિફેન્સ: સાઉદી પ્રેસ એજન્સી અનુસાર, મિસાઈલ અને ડ્રોન જેવા હવાઈ ખતરાઓને રસ્તામાં જ રોકવાનો પ્રયાસ કરવામાં આવે છે. 2017માં મક્કા તરફ છોડવામાં આવેલી બેલિસ્ટિક મિસાઈલને લગભગ 69 કિમી દૂર ઈન્ટરસેપ્ટ કરવામાં આવી હતી.

રડાર અને દેખરેખ: હવાઈ ક્ષેત્ર પર સતત નજર રાખવામાં આવે છે, જેથી કોઈ ખતરાનો સમયસર ખ્યાલ આવી શકે. મોબાઈલ એલર્ટ: સાઉદી અરબનું નેશનલ અર્લી વોર્નિંગ પ્લેટફોર્મ મોબાઈલ નેટવર્ક દ્વારા લોકોને ખતરાની જાણકારી આપે છે. આ સિસ્ટમ 2022માં લોન્ચ કરવામાં આવી હતી. પોલીસ અને સિવિલ ડિફેન્સ: કોઈ હુમલા કે વિસ્ફોટની સ્થિતિમાં લોકોને સુરક્ષિત બહાર કાઢવા, આગ બુઝાવવી, રેસ્ક્યુ અને ભીડને નિયંત્રિત કરવી તેમની જવાબદારી હોય છે. આ ઈમરજન્સી એલર્ટ સાઉદી અરેબિયા પર હુતીઓના સતત હુમલાઓ વચ્ચે જારી કરવામાં આવ્યા છે. સોમવારે હુતીઓએ સાઉદી શહેરો ખમિસ મુશૈત, અબહા અને તાઈફ તરફ અનેક મિસાઈલ અને ડ્રોન છોડ્યા હતા. સાઉદીના નેતૃત્વ હેઠળના સૈન્ય ગઠબંધનના પ્રવક્તા કર્નલ તુર્કી અલ-મલિકીના જણાવ્યા અનુસાર, આ હુમલાઓમાં ઓછામાં ઓછા 13 નાગરિકો ઘાયલ થયા હતા. મંગળવારે જારી કરાયેલા નિવેદનમાં અલ-મલિકીએ સાઉદી નાગરિકોને નિશાન બનાવનારા હુતીઓના હુમલાઓને ઈરાદાપૂર્વકનો હુમલો ગણાવ્યો.

ગયા અઠવાડિયે પણ હુતીઓએ સાઉદી અરેબિયા પર મોટી સંખ્યામાં મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હતા. જેમાં અબહા, ખમિસ મુશૈત, જાઝાન અને નજરન શહેરોને નિશાન બનાવવામાં આવ્યા હતા. આ હુમલાઓમાં ઓછામાં ઓછા 73 લોકો ઘાયલ થયા હતા. હુમલાઓ પછી સાઉદી અરેબિયાની કેટલીક ઊર્જા સુવિધાઓનું કામ પણ થોડા સમય માટે રોકવું પડ્યું હતું.

ઈરાન સાથે સંકળાયેલા હુતીઓનો આરોપ છે કે સાઉદી અરબ યમનમાં હવાઈ હુમલા કરી રહ્યું છે અને ક્રુઝ મિસાઈલો છોડી રહ્યું છે. યમનના દક્ષિણી અને પશ્ચિમી ભાગોમાં હુતી ઉગ્રવાદીઓ અને સાઉદી સમર્થિત સરકારી દળો વચ્ચે ભારે લડાઈ ચાલી રહી છે.

આ દરમિયાન હુતીઓએ યમનના પશ્ચિમી રેડ સી તટ પર ઝડપથી પોતાનો કબજો વધાર્યો છે. તેમણે સોમવારે આ વિસ્તારમાં વધુ બે ટાપુ ગ્રેટર હનીશ અને લેસર હનીશ પર પણ કબજો કરી લીધો. આ બંને ટાપુઓ બાબ અલ-મંદેબ સ્ટ્રેટથી લગભગ 160 કિમી ઉત્તરમાં આવેલા છે. યમનમાં હુતીઓ સામેની લડાઈમાં છેલ્લા ચાર અઠવાડિયામાં સરકાર સમર્થિત 500થી વધુ ઉગ્રવાદીઓ માર્યા ગયા છે. સરકારના સમર્થનમાં લડતી નેશનલ રેઝિસ્ટન્સ ફોર્સે આ દાવો કર્યો છે. સંગઠન મુજબ, આ દરમિયાન હોદેદા અને તાઈઝ પ્રાંતોમાં 1,000થી વધુ હુતી ઉગ્રવાદીઓ પણ માર્યા ગયા. જોકે, હુતીઓએ આ આંકડાઓ પર કોઈ પ્રતિક્રિયા આપી નથી. આ દરમિયાન યમનની સરકારે રેડ સીના કિનારે વધુ સૈનિકો મોકલવાનો નિર્ણય કર્યો છે.

ઈરાન યુદ્ધથી તેલ મોંઘું, દુનિયાભરમાં ગુસ્સો વધ્યો: બાંગ્લાદેશની ફેક્ટરીઓમાં કામ અટક્યું, ફિલિપાઈન્સમાં માછીમારોએ બોટ રોકી દીધી

તહેરાન, તા.16

ઈરાન યુદ્ધની અસર હવે પશ્ચિમ એશિયાની બહાર પણ દેખાવા લાગી છે. ક્રૂડ ઓઈલની કિંમત 100 ડોલર પ્રતિ બેરલને પાર પહોંચી ગઈ છે. તેની અસર દરેક દેશમાં અલગ રીતે જોવા મળી રહી છે. ક્યાંક પેટ્રોલ પંપ પર લાંબી લાઈનો છે, ક્યાંક રસોઈ ગેસ નથી મળી રહ્યો. ફિલિપાઈન્સમાં માછીમારો મોંઘા ડીઝલને કારણે સમુદ્રમાં જઈ શકતા નથી.

બાંગ્લાદેશમાં ગેસ અને વીજળીની અછતને કારણે કાપડ ફેક્ટરીઓનું કામ પ્રભાવિત થયું છે. શ્રીલંકામાં સરકાર આ મૂંઝવણમાં છે કે ઈંધણની કિંમત વધારે કે સબસિડી આપીને લોકોને રાહત આપે. જ્યારે, સીરિયા અને ગ્વાટેમાલામાં મોંઘા ઈંધણ વિરુદ્ધ લોકો રસ્તાઓ પર ઉતરી આવ્યા. પોર્ટુગલમાં ડ્રાઈવરોએ ધીમી ગતિએ ગાડીઓ ચલાવીને અને સતત હોર્ન વગાડીને વિરોધ કર્યો.

એટલે કે, તેલનું સંકટ હવે માત્ર પેટ્રોલ પંપ સુધી સીમિત નથી. તેની અસર પરિવહન, ખેતી, મત્સ્યપાલન, વીજળી અને ઉદ્યોગ સુધી પહોંચી રહી છે. ઈન્ડોનેશિયાના સુલાવેસી પ્રાંતમાં રસોઈ ગેસની અછત અને વીજળી કાપની ફરિયાદો સામે આવી છે. કેટલીક જગ્યાએ પેટ્રોલનું રેશનિંગ પણ શરૂ કરવામાં આવ્યું છે. પેટ્રોલ પંપોની બહાર લાંબી કતારો લાગી રહી છે. ઘણા લોકો ખાલી ટાંકીવાળી બાઈકને ધક્કો મારીને પંપ સુધી લઈ જતા જોવા મળી રહ્યા છે. ઈંધણના રેશનિંગ સામે ટેક્સી ડ્રાઈવરોએ પ્રદર્શન કર્યું. જાવાના યોગ્યાકાર્તામાં વિદ્યાર્થીઓએ પણ વધતી ઈંધણ કિંમતો સામે વિરોધ કર્યો. ઈન્ડોનેશિયા માટે મુશ્કેલી એ છે કે સરકાર પહેલેથી જ ઈંધણ પર

સબસિડી આપે છે. ક્રૂડ ઓઈલની કિંમત અંદાજ કરતાં વધુ વધવા પર આ સબસિડીનો ખર્ચ પણ વધી રહ્યો છે. મનીલા ખાડીના માછીમારો ઘણા અઠવાડિયાના વરસાદ પછી દરિયામાં પાછા ફરવાની તૈયારી કરી રહ્યા હતા. પરંતુ મોંઘા ડીઝલે તેમની મુશ્કેલી વધારી દીધી.

મોટી સંખ્યામાં માછીમારો હોડી લઈને દરિયામાં ગયા નહીં, કારણ કે તેમની પાસે ઈંધણ ખરીદવા માટે પૂરતા પૈસા નથી. માછીમાર સંગઠનના નેતા ફર્નાન્ડો હિકાપે કહ્યું કે ઘણા લોકો ફરીથી માછલી પકડવા માટે તૈયાર હતા, પરંતુ બોટમાં નાખવા માટે ઈંધણ ખરીદવું તેમના માટે મુશ્કેલ બની ગયું છે.

આની અસર માત્ર માછીમારોની કમાણી પર નથી. જો બોટ દરિયામાં નહીં જાય તો માછલીનો પુરવઠો પણ પ્રભાવિત થઈ શકે છે. બાંગ્લાદેશની મુશ્કેલી સીધી ઉદ્યોગ સુધી પહોંચી ગઈ છે. દેશ પોતાની જરૂરિયાતના 90% થી વધુ પેટ્રોલિયમ આયાત કરે છે અને મોટી માત્રામાં તેલ મિડલ ઈસ્ટમાંથી આવે છે. ઈંધણ અને ગેસની અછતને કારણે વીજ ઉત્પાદન પ્રભાવિત થયું છે. તેની અસર દેશના કાપડ ઉદ્યોગ પર પણ પડી છે. કેટલીક ફેક્ટરીઓને અસ્થાયી રૂપે બંધ કરવી પડી. ગાઝીપુરના એક કાપડ કારખાનાના અધિકારીએ જણાવ્યું કે દિવસમાં ચાર-પાંચ વાર વીજળી કપાઈ રહી છે. આને કારણે ફેક્ટરીઓમાં ઘણા કલાકો સુધી કામ અટકી જાય છે. બાંગ્લાદેશ માટે આ એટલા માટે મહત્વનું છે કારણ કે કાપડ ઉદ્યોગ દેશના મોટા રોજગાર અને નિકાસ ક્ષેત્રોમાં સામેલ છે. વીજળી અને ગેસની અછત લાંબા સમય સુધી રહી તો ઉત્પાદન પર તેની અસર પડી શકે છે. શ્રીલંકામાં દર મહિને ઈંધણની કિંમત નક્કી કરવામાં આવે છે. પરંતુ પેટ્રોલ પંપોને સપ્લાય કરતી કંપનીઓએ ઈંધણ આપવાનું મર્યાદિત કરવાનું શરૂ કરી દીધું છે. કંપનીઓનું કહેવું છે કે વર્તમાન કિંમત પર તેમને નુકસાન થઈ રહ્યું છે. હવે સરકાર સામે બે રસ્તા છે. તે ઈંધણની કિંમત વધારે અથવા કંપનીઓને નુકસાનથી બચાવવા માટે વધુ સબસિડી આપે. કિંમત વધારવાનો અર્થ લોકો માટે પેટ્રોલ અને ડીઝલ મોંઘું થવું છે. તેની અસર પરિવહન અને અન્ય વસ્તુઓની કિંમત પર પડી શકે છે. જ્યારે, સબસિડી વધારવાનો અર્થ સરકારી ખર્ચ વધારવો છે.

બસ દુર્ઘટનાનું LIVE કવરેજ કરી રહેલું હેલિકોપ્ટર ક્રેશ: લોસ એન્જલસમાં ન્યૂઝ ચેનલનું હેલિકોપ્ટર પાર્કિંગમાં પટકાયું, 3નાં મોત

વોશિંગ્ટન, તા.16

અમેરિકાના લોસ એન્જલસમાં મંગળવાર, 15 સપ્ટેમ્બરે એક મોટી દુર્ઘટના ઘટી. NBC ન્યૂઝ માટે ઉપયોગમાં લેવાઈ રહેલું એક હેલિકોપ્ટર પાર્કિંગ એરિયામાં ક્રેશ થઈ ગયું, જેમાં ત્રણ લોકોનાં મોત થયા છે. દુર્ઘટના સમયે ન્યૂઝ ટીમ નજીકમાં જ થયેલા એક બસ અકસ્માતનું રિપોર્ટિંગ કરી રહી હતી. NBC4 લોસ એન્જલસના એન્કર કોલીન વિલિયમ્સે લાઈવ બ્રોડકાસ્ટ દરમિયાન જણાવ્યું કે સ્ટેશનનું હેલિકોપ્ટર સાંજે લગભગ 7 વાગ્યાથી થોડા સમય પહેલા ક્રેશ થયું હતું. તેમણે કહ્યું કે, 'અમે આ ઘટનાને સમજવા માટે થોડી મિનિટો લઈશું.' આ દરમિયાન તેમનો અવાજ ધ્રૂજી રહ્યો હતો. થોડી જ વારમાં NBC4 નું લાઈવ કવરેજ અચાનક બંધ થઈ ગયું.

લોસ એન્જલસ ફાયર ડિપાર્ટમેન્ટના જણાવ્યા અનુસાર, હેલિકોપ્ટર લોસ એન્જલસના સેન



ફર્નાન્ડો વેલી વિસ્તારના ચેટ્સવર્થમાં એક સ્ટોરેજ ફેસિલિટી પાસે ક્રેશ થયું હતું. તે સમયે ન્યૂઝ ટીમ એક બસ અકસ્માતને કવર કરી રહી હતી. આ બસ અકસ્માતમાં બે લોકોનાં મોત અને 6 લોકો ઘાયલ થયા હતા. હેલિકોપ્ટર ક્રેશ થયા પછી વધુ એક વ્યક્તિને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. જોકે, તે વ્યક્તિની સ્થિતિ અંગે તરત જ કોઈ માહિતી મળી શકી ન હતી.

હેલિકોપ્ટરની અંદરથી રેકોર્ડ કરાયેલો એક વીડિયો પણ સામે આવ્યો છે, જેમાં અકસ્માતની અંતિમ મોમેન્ટ દેખાઈ રહી છે. વીડિયોમાં હેલિકોપ્ટર બસ અકસ્માત વાળી જગ્યા ઉપર ફરતું જોવા મળે છે. ત્યારબાદ કેમેરો અચાનક ઝડપથી હલવા લાગે છે અને હેલિકોપ્ટર નીચે પડતું દેખાય છે. ફાયર વિભાગના પ્રવક્તા કેપ્ટન બ્રાન્ડેન સિલ્વરમેને જણાવ્યું હતું કે, અકસ્માતમાં મૃત્યુ પામેલી એક વ્યક્તિ પાર્કિંગ સ્થળ પર હોવાની પુષ્ટિ થઈ છે. જોકે, હજુ એ સ્પષ્ટ નથી થયું કે બાકીના બે મૃતકો જમીન પર હાજર હતા કે હેલિકોપ્ટરમાં સવાર હતા. અકસ્માત બાદ એક વ્યક્તિને હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. તેની સ્થિતિ અંગે તાત્કાલિક કોઈ માહિતી મળી શકી નથી. સિલ્વરમેને કહ્યું કે, અકસ્માત સમયે હેલિકોપ્ટરમાં કેટલા લોકો સવાર હતા તે જાણવાનો અધિકારીઓ પ્રયાસ કરી રહ્યા છે. તેમના જણાવ્યા મુજબ, હેલિકોપ્ટર સંપૂર્ણપણે બળી ગયું છે અને કાટમાળની તપાસ કર્યા પછી જ અકસ્માતમાં કુલ નુકસાન અને મૃત્યુઆંક અંગેની સ્થિતિ સ્પષ્ટ થઈ શકશે.

તંત્રી લેખ

₹2,000થી વધુના UPI વ્યવહારો પર MDR મુદ્દે રાહુલ ગાંધીના સવાલો

લોકસભામાં વિરોધપક્ષના નેતા અને કોંગ્રેસના સાંસદ રાહુલ ગાંધીએ UPIના મર્ચન્ટ ટ્રાન્ઝેક્શન પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (MDR)ના મુદ્દે કેન્દ્રની મોદી સરકારની ટીકા કરી છે. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને આક્ષેપ કર્યો છે કે સરકાર દ્વારા 2,000થી વધુના મર્ચન્ટ UPI વ્યવહારો પર MDR લાગુ કરવામાં આવી રહ્યો છે. તેમણે દાવો કર્યો છે કે આ પ્રકારના વ્યવહારોની સંખ્યા UPIના કુલ વ્યવહારોની સરખામણીએ માત્ર આશરે પાંચ ટકા છે, પરંતુ તેમની કુલ ટ્રાન્ઝેક્શન વેલ્યુ આશરે 65 ટકા જેટલી છે. રાહુલ ગાંધીએ પોતાના સંદેશમાં એવો સવાલ ઉઠાવ્યો છે કે જો ગ્રાહક પાસેથી સીધી રીતે કોઈ રકમ વસૂલવામાં નહીં આવે અને MDRની ફી વેપારી પાસેથી લેવામાં આવે તો અંતે તેનો આર્થિક બોજ કોના ખિસ્સામાં જશે. તેમના કહેવા પ્રમાણે, દુકાનદાર કે વેપારી લાંબા સમય સુધી પોતાના નફામાંથી આ વધારાની ફી ચૂકવશે નહીં અને આ ખર્ચનો બોજ અંતે ગ્રાહક સુધી પહોંચી શકે છે. વેપારી પોતાના વ્યવસાયના ખર્ચમાં MDRની રકમનો સમાવેશ કરીને વસ્તુઓ અથવા સેવાઓના ભાવમાં વધારો કરી શકે છે, જેના કારણે પરોક્ષ રીતે ગ્રાહકને જ વધુ ચૂકવણી કરવી પડી શકે છે.

રાહુલ ગાંધીએ એવો પણ સવાલ કર્યો છે કે UPI જેવી ડિજિટલ પેમેન્ટ વ્યવસ્થાને અત્યાર સુધી સરળ અને ઓછા ખર્ચવાળી વ્યવસ્થા તરીકે પ્રોત્સાહન આપવામાં આવી છે ત્યારે તેના પર કોઈ પ્રકારની ફી લાગુ થવાથી નાના વેપારીઓ અને સામાન્ય ગ્રાહકો પર તેની શું અસર પડશે. ખાસ કરીને નાના દુકાનદારો માટે ડિજિટલ પેમેન્ટના વ્યવહારો રોજિંદા વેપારનો મહત્વનો હિસ્સો બની ગયા છે. આવા સંજોગોમાં વ્યવહારની રકમ વધે તેમ MDRનો ખર્ચ વેપારી માટે વધવાની શક્યતા રહે છે અને તેના કારણે વેપારીઓના ખર્ચના માળખા પર પણ અસર પડી શકે છે. UPI વ્યવહારોમાં MDR એટલે મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ એવી ફી છે જે ડિજિટલ પેમેન્ટ વ્યવહારને પ્રોસેસ કરતી વખતે વેપારી પાસેથી વસૂલવામાં આવે છે. પેમેન્ટની પ્રક્રિયામાં બેન્કો, પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર અને અન્ય સંબંધિત સંસ્થાઓ સામેલ હોય છે અને MDRમાંથી મળતી રકમ આવા પેમેન્ટ ઈકોસિસ્ટમના વિવિધ ભાગીદારો વચ્ચે વહેંચાય છે. UPIના મોટા ભાગના નાના મૂલ્યના વ્યવહારોને અત્યાર સુધી શૂન્ય MDRના કારણે પ્રોત્સાહન મળ્યું છે, જેના કારણે દેશભરમાં ડિજિટલ પેમેન્ટનો વ્યાપ ઝડપથી વધ્યો છે. રાહુલ ગાંધીના આક્ષેપનો મુખ્ય મુદ્દો એ છે કે ભલે વ્યવહારોની સંખ્યાની દૃષ્ટિએ 2,000થી વધુના ટ્રાન્ઝેક્શનનો હિસ્સો ઓછો હોય, પરંતુ મોટા મૂલ્યના વ્યવહારોને કારણે તેમની કુલ નાણાકીય કિંમતમાં હિસ્સો ઘણો મોટો છે. તેથી આવા વ્યવહારો પર MDR લાગુ કરવામાં આવે તો વ્યવહારની સંખ્યા ઓછી હોવા છતાં વેપારીઓ પર લાગનારી કુલ ફીની રકમ નોંધપાત્ર બની શકે છે. આ સ્થિતિમાં વેપારીઓ આ વધારાનો ખર્ચ ગ્રાહકો સુધી કેવી રીતે પહોંચાડે છે તે આગામી સમયમાં મહત્વનો મુદ્દો બની શકે છે.

કોંગ્રેસે આ મુદ્દાને ડિજિટલ પેમેન્ટ અને સામાન્ય ગ્રાહકો સાથે જોડીને સરકાર સમક્ષ સવાલો ઉઠાવ્યા છે. પક્ષનું કહેવું છે કે UPIનો સૌથી મોટો ફાયદો તેની સરળતા, ઝડપ અને ઓછા ખર્ચમાં છે અને તેમાં કોઈપણ પ્રકારની ફીનો બોજો વધે તો તેની અસર નાના વેપારીઓ તથા ગ્રાહકો પર પડી શકે છે. બીજી તરફ, MDR અંગેની વ્યવસ્થા અને તેની અસર કયા પ્રકારના વ્યવહારો પર થશે તે અંગેની સત્તાવાર જોગવાઈઓના આધારે જ અંતિમ અસર નક્કી થશે.

આ સમગ્ર મુદ્દે હવે સરકાર અને વિરોધપક્ષ વચ્ચે રાજકીય ચર્ચા તેજ બની છે. રાહુલ ગાંધી દ્વારા ઉઠાવવામાં આવેલા સવાલોમાં મુખ્યત્વે એ વાત પર ભાર મૂકવામાં આવ્યો છે કે વેપારી પાસેથી વસૂલાતી ફી અંતે ગ્રાહક સુધી પહોંચે તો UPIની વ્યવહાર કિંમત પર તેની પરોક્ષ અસર થઈ શકે છે. આગામી સમયમાં MDRના દર, લાગુ પડતી વ્યવહારોની શ્રેણી અને વેપારીઓ દ્વારા આ ખર્ચ ગ્રાહકો સુધી પહોંચાડવામાં આવે છે કે નહીં તે મુદ્દે વધુ સ્પષ્ટતા થવાની શક્યતા છે.

2017ના ડાકલામ વિવાદ પછીનો ઘટનાક્રમ યાદ કરીએ, તો તે સમયે પણ બ્રિક્સ સમિટ પહેલાં સેનાઓ પાછળ હટી હતી. વુહાન અને મામલ્લાપુરમમાં અનૌપચારિક બેઠકો યોજાઈ હતી, મોદી અને શી જિનપિંગે સાથે ઝૂલા ઝૂલ્યા હતા અને સંબંધોમાં નવો અધ્યાય શરૂ થયાની વાતો થઈ હતી. પરિણામ શું આવ્યું? ૨૦૨૦નું ગલવાન! : લદ્દાખ સંઘર્ષ પછી ભારતમાં ચીની એપ્સ પર પ્રતિબંધ મુકાયો અને બહિષ્કારના નારા લાગ્યા, છતાં વાસ્તવિકતા એ છે કે ભારતની ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રી API માટે તથા ઈલેક્ટ્રોનિક્સ, ટેલિકોમ અને સોલાર સેક્ટર હજુ પણ ચીની આયાત પર નિર્ભર છે

ભારતનો અવિચારી આવકાર, ચીનનો દંભ અને ભડકે બળતી સરહદો

ચીને પોતાની સાથે જોડાયેલા ૧૪માંથી ૧૨ દેશો સાથે સરહદ વિવાદ ઉકેલ્યો પણ ભારતને કાયમ દબાવે છે

2017ના ડાકલામ વિવાદ પછીનો ઘટનાક્રમ યાદ કરીએ, તો તે સમયે પણ બ્રિક્સ સમિટ પહેલાં સેનાઓ પાછળ હટી હતી. વુહાન અને મામલ્લાપુરમમાં અનૌપચારિક બેઠકો યોજાઈ હતી, મોદી અને શી જિનપિંગે સાથે ઝૂલા ઝૂલ્યા હતા અને સંબંધોમાં નવો અધ્યાય શરૂ થયાની વાતો થઈ હતી. પરિણામ શું આવ્યું? ૨૦૨૦નું ગલવાન! : લદ્દાખ સંઘર્ષ પછી ભારતમાં ચીની એપ્સ પર પ્રતિબંધ મુકાયો અને બહિષ્કારના નારા લાગ્યા, છતાં વાસ્તવિકતા એ છે કે ભારતની ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રી API માટે તથા ઈલેક્ટ્રોનિક્સ, ટેલિકોમ અને સોલાર સેક્ટર હજુ પણ ચીની આયાત પર નિર્ભર છે. ભારત-ચીન વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૧૦૦ અબજ ડૉલરને વટાવી ચૂક્યો છે અને વેપાર ખાધ ભારત વિરુદ્ધ છે : ભારત માટે આત્મસંતોષ માનવાનો સમય નથી, પરંતુ આંખમાં આંખ પરોવીને પોતાના ક્ષેત્રીય અખંડિતતાની રક્ષા માટે દરેક મોરચે સજ્જ રહેવાનો સમય છે. નબળાઈ શાંતિ લાવી શકતી નથી; સામર્થ્ય જ અંતિમ ઉકેલ છે

આંતરરાષ્ટ્રીય મંચ કે બ્રિક્સ જેવી બહુપક્ષીય પરિષદ યોજાય છે, ત્યારે વિશ્વના કેમેરા બે એશિયાઈ મહાસત્તાઓ-ભારત અને ચીનના નેતાઓની મુલાકાત તરફ મંડાઈ જાય છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ વચ્ચે હસ્તધૂનન થાય છે, વિવાદો ઝડપથી અને વાટાઘાટો દ્વારા ઉકેલ લાવવાની સુફિયાણી વાતો થાય છે અને સરહદે શાંતિ સ્થાપવાના નામે વેપાર-વાણિજ્ય વધારવાના સૂર વહેતા મુકાય છે. તાજેતરમાં ભારતમાં યોજાયેલી બ્રિક્સની બેઠકમાં પણ કંઈક આવું જ થયું હતું. ભારત આવેલા ચીની પ્રમુખ શિ જિનપિંગ બેઠક દરમિયાન આયોજનપૂર્વક બિમાર પડી ગયા, તેમને જેટ લેગ થવા લાગ્યો અને ભારતીય વડા પ્રધાનની ડિનર ડિપ્લોમસીનો ભાગ બન્યા વગર હોટેલમાં જતા રહ્યા અને ત્યારબાદ બનાવટનું મહોરું પહેરીને ફોટા પડાવ્યા, સુફિયાણી વાતો કરી અને ભારતમાં રહીને અમેરિકાને ધમકીઓ આપીને વતન વાપસી કરી લીધી. ભારત અને ચીન વચ્ચે અંદાજે ૩૪૮૮ કિ.મી. લાંબી સરહદનો વિવાદ વર્ષોથી ચાલ્યા કરે છે. ભારતની આઝાદીથી માંડીને આજદિન સુધી અનેક વખત ચીની શાસકો અને ભારતીય નેતાઓ વચ્ચે વાતો થઈ પણ તે ફોટો ઈવેન્ટથી વિશેષ કંઈ જ સાબિત કરી શકી નથી.મોદીએ તો જિનપિંગને ઘણી વખત આવકાર્યા અને ભારતમાં ફેરવ્યા, ગુજરાત લઈ આવ્યા હતા અને તાજેતરમાં દિલ્હીમાં પણ ઉષ્માસભર આવકાર આપ્યો પણ જિનપિંગ પોતે જે કરવાનું છે તે ઘરેથી નક્કી કરીને જ આવ્યા હતા. તેમણે પોતાનું પાત્ર ભજવી દીધું અને બીજી તરફ ચીની જવાનોએ બ્રિક્સની બેઠક વચ્ચે પણ અરુણાચલ અને તેની આસપાસના વિસ્તારોમાં આવેલી સરહદે અટકચાળો ચાલુ રાખ્યો. ઉલ્લેખનીય છે કે, ગલવાન ઘાટીના લોહિયાળ સંઘર્ષ પછી સ્થિતિ થાળે પાડવાના જે દાવા કરવામાં આવી રહ્યા છે, તે માત્ર એક કામચલાઉ મેનેજમેન્ટ હતું આ સમસ્યાનો કોઈ કાયમી ઉકેલ આવે તેવું લાગતું નથી. ચીનની સામ્રાજ્યવાદી વિચારસરણી અને સરહદી મુદ્દે ભારતની આંતરિક-બાહ્ય મર્યાદાઓ વચ્ચે આ વિવાદનો ક્યારેય ઉકેલ આવી શકશે જ નહીં.

ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલાં ભારત અને ચીન વચ્ચે ઉચ્ચસ્તરીય મંત્રણાઓનો દોર ફરી શરૂ થયો છે. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ અને ચીનના વિદેશ મંત્રી વાંગ યી વચ્ચે ૨૦૦૩ના સ્થાપિત સ્પેશિયલ રિપ્રેઝન્ટેટિવ મિકેનિઝમ હેઠળ બેઈજિંગમાં વિગતવાર બેઠકો યોજાઈ. સરહદના સીમાંકન, ટ્રાન્સ-બાઉન્ડ્રી સહયોગ અને એલએસી પર શાંતિ જાળવવા મુદ્દે ટેબલ પર ચર્ચાઓ થઈ. વાસ્તવિકત રીતે જોઈએ તો તેમાં પારસ્પરિક વિશ્વાસ વધારવા માટે લદ્દાખના અમુક સ્થળો પર બંને સેનાઓ વચ્ચે પેટ્રોલિંગ માટેની શરતી સંમતિ સધાઈ. તે સિવાય પાંચ વર્ષથી સ્થગિત પડેલી સીધી કોમર્શિયલ ફ્લાઈટ્સ પુન: શરૂ કરવાની દિશામાં વાતો થઈ. આ સિવાય ભારતીય ઉદ્યોગપતિઓ માટે ચીને વિઝા પ્રતિબંધો હળવા કર્યા અને વેપાર સામાન્ય બનાવવાની અપીલ કરી. જાણકારોના મતે આ કૂટનીતિના આયોજનોમાં ચીન માત્ર મતભેદોનું સંચાલન કરવા માંગે છે, તેનો શાશ્વત અંત આવે તેમાં ચીનને રસ નથી. ચીન સાથેના ભારતના સરહદ વિવાદમાં આંતરરાષ્ટ્રીય સુરક્ષા જાણકારો સ્પષ્ટપણે ચેતવણી આપે છે કે હાલમાં જે કંઈ બદલાયું છે તે કાયમી નથી, માત્ર ઔપચારિક છે. વાસ્તવિક રીતે જોઈએ તો, ભારત અને ચીન વચ્ચે ૩,૪૮૮ કિલોમીટર લાંબી સરહદ હજુ પણ વણઉકેલાયેલી છે. બંને દેશોએ સરહદ પરથી પોતાનો મુખ્ય સૈન્ય જમાવડો પાછો ખેંચ્યો નથી. આજે પણ હજારો વધારાના સૈનિકો, ભારે તોપખાના, મિસાઈલ ડિફેન્સ સિસ્ટમ્સ અને વિશાળ એરસ્ટ્રીપ્સ સરહદના બંને તરફ મોજૂદ છે. ખાસ વાત એ છે કે, લદ્દાખમાં થયેલી આંશિક પીછેહઠથી સમગ્ર વિવાદ પતી જતો નથી. પૂર્વીય ક્ષેત્રમાં, ખાસ કરીને અરુણાચલ પ્રદેશમાં ચીનની સૈન્ય પ્રવૃત્તિઓ, આક્રમક બાંધકામો અને ગામડાઓ વસાવવાની નીતિ યથાવત્ છે. વૈશ્વિક મંચો પર આ ગંભીર મુદ્દાઓ પર કોઈ નક્કર પ્રગતિ જોવા મળતી નથી. આશ્ચર્યની વાત એ છે કે, ભારત સરકાર દેશમાં જે વાઘ થઈને ફરે છે તે ચીની સરહદે પહોંચીને નહોર વગરની થઈ જાય છે. ચીને ગલવાન વિવાદ બાદ જે રીતે સમજૂતી કરી અને ભારતે પરાણે કરવી પડી તેની વાસ્તવિકતા કંઈક જુદી જ છે. બંને દેશો વચ્ચે બફર ઝોન રચાયો તેની વાસ્તવિકતા લોકોને ખબર જ નથી. લદ્દાખમાં ઘર્ષણના સ્થળોએ પેટ્રોલિંગ સ્થગિત કરીને અથવા 'નો-પેટ્રોલિંગ બફર ઝોન' બનાવીને જે શાંતિ ઊભી કરાઈ છે, તેમાં નુકસાન કોનું ગયું? ભારતીય સેના જે વિસ્તારોમાં અગાઉ મુક્તપણે પેટ્રોલિંગ કરતી હતી, ત્યાં આજે મર્યાદાઓ લાદી દેવામાં આવી છે. આ પીછેહઠને વિજય ગણાવવો એ સૈન્ય વિશ્લેષણની દ્રષ્ટિએ આત્મઘાતી છે. મહત્ત્વની વાત એ છે કે, ચીન સાથેના કોઈ પણ કરાર પર વિશ્વાસ મૂકતાં પહેલાં તેના ઈતિહાસને સમજવો અનિવાર્ય છે. ચીન પોતાની કુખ્યાત નીતિ સલામી સ્લાઈસિંગ માટે જાણીતું છે. ચીની આ ખંધી નીતિનો અર્થ છે કે, ધીમે ધીમે, થોડા થોડા અંતરે બીજાની જમીન હડપ કરવી, પછી વિવાદિત ક્ષેત્રમાં સ્થિતિ પૂર્વવત કરવાના નામે વાટાઘાટો કરવી અને અંતે વાસ્તવિક નિયંત્રણ રેખાને પોતાના પક્ષમાં આગળ ખસેડી લેવી. આ દિશામાં વિચારીએ તો ચીન દુનિયાનો એવો મોટો દેશ છે જેની જમીની સરહદો ૧૪ દેશો સાથે જોડાયેલી છે. તેમાંથી તેણે ૧૨ દેશો સાથે જમીની વિવાદ અને સરહદ વિવાદનો ઉકેલ લાવી દીધો છે. તેણે માત્ર ભારત અને ભૂતાન સાથેના વિવાદને અકબંધ રાખ્યો છે. તેના ઉપરથી જ સમજી શકાય છે કે, ચીન ભારત સાથે સરહદી વિવાદ ઉકેલવા માંગતું જ નથી. ચીન માટે સરહદ એ માત્ર જમીનનો ટુકડો નથી, પરંતુ ભારતને સતત સુરક્ષા દબાણ હેઠળ રાખવાનું, તેને દક્ષિણ એશિયા પૂરતું જ સીમિત રાખવાનું અને વૈશ્વિક ક્ષિતિજ પર એક સ્વતંત્ર સુપરપાવર બનતા અટકાવવાનું સાધન છે. જ્યારે પણ ભારત આર્થિક કે ભૌગોલિક-રાજકીય રીતે આગળ વધવાનો પ્રયત્ન કરે છે, ત્યારે ચીન સરહદે કાંકરીચાળો કરીને ભારતની તાકાત અને સંસાધનોને ત્યાં કેન્દ્રિત કરવા મજબૂર કરે છે. ચીનની ખંધાઈ સમજવી હોય તો જો ૨૦૧૭ના ડૉકલામ વિવાદ પછીનો ઘટનાક્રમ યાદ કરીએ, તો આ પેટર્ન નવી નથી. તે સમયે પણ બ્રિક્સ સમિટ પહેલાં સેનાઓ પાછળ હટી હતી, વુહાન અને મામલ્લાપુરમમાં અનૌપચારિક બેઠકો યોજાઈ હતી, મોદી અને શી જિનપિંગે સાથે ઝૂલા ઝૂલ્યા હતા અને સંબંધોમાં નવો અધ્યાય શરૂ થયાની વાતો થઈ હતી. પરિણામ શું આવ્યું? ૨૦૨૦નું ગલવાન! ઈતિહાસ સાબિત કરે છે કે ચીન આ બેઠકોનો ઉપયોગ માત્ર ટાઈમ પાસ અને ટાઈમ બાઈંગ માટે તથા પોતાના આર્થિક હિતો સાચવવા માટે કરે છે. જ્યારે તેનું હિત સચવાઈ જાય, ત્યારે તે ફરીથી પૂર્વવત આક્રમકતા પર ઉતરી આવે છે. આ પરિસ્થિતિમાં માત્ર વાટાઘાટોથી ચીનનું હૃદયપરિવર્તન થશે એવું માનવું રાજકીય અપરિપક્વતા છે. સરહદ વિવાદના ઉકેલ માટે સરહદનું વાસ્તવિક સીમાંકન થવું જરૂરી છે, જે કરવા માટે ચીન ક્યારેય સંમત થયું નથી અને નજીકના ભવિષ્યમાં થવાની કોઈ શક્યતા દેખાતી નથી. ભારતે સરહદે એવો મારચો માંડવો પડશે કે, જેથી ચીનને સંદેશ મળે કે કોઈ પણ સૈન્ય સાહસ તેના માટે અત્યંત ખર્ચાળ અને નુકસાનકારક સાબિત થશે. આ સિવાય જ્યાં સુધી ભારત મહત્ત્વના ઔદ્યોગિક કાચા માલ અને ટેકનોલોજી માટે ચીન પર નિર્ભર રહેશે, ત્યાં સુધી રાજદ્વારી ટેબલ પર ભારતનો હાથ નબળો રહેશે. ચીનને વૈશ્વિક મંચો પર ઉઘાડું પાડવું પડશે કે તે પોતાના તમામ પડોશીઓ સાથે વિવાદો વકરાવીને પ્રાદેશિક શાંતિ માટે ખતરો બની રહ્યું છે. ભારત માટે આત્મસંતોષ માનવાનો સમય નથી, પરંતુ આંખમાં આંખ પરોવીને પોતાના ક્ષેત્રીય અખંડિતતાની રક્ષા માટે દરેક મોરચે સજ્જ રહેવાનો સમય છે. નબળાઈ શાંતિ લાવી શકતી નથીત સામર્થ્ય જ અંતિમ ઉકેલ છે.

જાણકારોના મતે ચીનની માનસિકતા જેટલી ક્રૂર છે, તેટલી જ સામે ભારતની મજબૂરીઓ પણ વાસ્તવિક છે. રાજદ્વારી ભાષણો ગમે તેટલા પ્રભાવશાળી હોય, પણ આર્થિક અને લશ્કરી અસંતુલન એક નગ્ન સત્ય છે. ભારતની મજબૂરી પણ એટલી જ જલદ છે. લદ્દાખ સંઘર્ષ પછી ભારતમાં ચીની એપ્સ પર પ્રતિબંધ મુકાયો અને બહિષ્કારના નારા લાગ્યા, છતાં વાસ્તવિકતા એ છે કે ભારત-ચીન વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર ૧૦૦ અબજ ડૉલરને વટાવી ચૂક્યો છે અને વેપાર ખાધ ભારત વિરુદ્ધ છે. ભારતની ફાર્માસ્યુટિકલ ઈન્ડસ્ટ્રી છૈઁ માટે તથા ઈલેક્ટ્રોનિક્સ, ટેલિકોમ અને સોલાર સેક્ટર હજુ પણ ચીની આયાત પર નિર્ભર છે. ભારત ચીન સામે આર્થિક યુદ્ધ લડવાની સ્થિતિમાં પૂર્ણપણે આત્મનિર્ભર બન્યું નથી. આ સિવાય ભારતને બે મોરચે યુદ્ધનો ભય ઊભો થાય તેમ છે. ભારતીય સેનાને પશ્ચિમમાં પાકિસ્તાન અને ઉત્તર-પૂર્વમાં ચીન એમ એક સાથે બે મોરચે પડકારનો સામનો કરવો પડે છે. ચીન અને પાકિસ્તાન વચ્ચેની ગાઢ સંબંધો છે. પાકિસ્તાન તો ચીનનું રમકડું છે. ચીનના ઈશારે તે ગમે તે ગતકડાં કરે તેમ છે. તેથી ભારત માટે આવી સ્થિતિ વધારે જોખમી બની શકે છે. આ સિવાય ભારતે છેલ્લા એક દાયકામાં બોર્ડર રોડ્સ ઓર્ગેનાઈઝેશન દ્વારા સરહદી રસ્તાઓ અને ટનલોનું નિર્માણ તેજ કર્યું છે, છતાં તિબેટિયન પ્લેટો પર ચીને દાયકાઓથી જે રેલવે, ઓલ-વેધર હાઈવે અને અદ્યતન મિલિટરી બેઝ ઊભા કર્યા છે, તેની સરખામણીએ હજુ અંતર મોટું છે. આ આર્થિક અને વ્યૂહાત્મક લાચારીને કારણે ભારતે સરહદે તંગદિલી ઓછી કરવા માટે ચીનની અમુક શરતો અથવા આંશિક સમાધાનો સ્વીકારવા પડે છે.

પ્રકૃતિપૂજનથી કુળ વધે,લોકદેવ ની ભક્તિથી મનોકામના ફળે: ભાદરવા સુદ આઠમ અને નોમના નેજાપાટોત્સવનો પાવન મહિમા

વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભારતીય સંસ્કૃતિમાં તહેવારો માત્ર ઉજવણી નથી, પણ જીવનમૂલ્યોના સંસ્કાર છે. ભાદરવો મહિનો આવે એટલે પ્રકૃતિમાં નવી હરિયાળી અને ભક્તિનો અનોખો રંગ છવાય જાય છે.આ મહિનાની સુદ પક્ષની આઠમ અને નોમ એ બે એવા દિવસો છે જે એક તરફ માતૃત્વ અને વંશપરંપરા ની ભાવનાને તો બીજી તરફ લોક શ્રદ્ધા અને માનતાની પૂર્ણતાને ઉજાગર કરે છે. એક તરફ છે સ્ત્રીઓ દ્વારા ઉજવાતું ધરો આઠમનું વ્રત, જે ધરો એટલે કે દૂર્વાના તૃણ જેવા અમર વંશની કામના કરે છે, તો બીજી તરફ છે લોકદેવ બાબા રામદેવપીરના ભક્તો માટેનો સૌથી પવિત્ર દિવસ - ભાદરવી નોમ અને નેજા ઉત્સવ. આ બંને પર્વો ભલે અલગ-અલગ પરંપરાના લાગે, પણ તેનો મૂળ સંદેશ એક જ છે - શ્રદ્ધા, સંયમ અને કુળના કલ્યાણની ભાવના. ધરો આઠમ - વંશવેલો વધારનારું માતૃવ્રત ધરો એટલે દૂર્વા. એક એવું ઘાસ જેને ગમે તેટલું કાપો, ઉખેડો, સૂકવી નાખો તોય તેનો નાશ થતો નથી. તેના એક નાના ટુકડામાંથી પણ તે ફરી ઉગી નીકળે છે.આપણા ઋષિઓએ આ અમરત્વના પ્રતીકને વંશવૃદ્ધિ સાથે જોડ્યું છે. ભાદરવા સુદ આઠમના દિવસે આ વ્રત કરવામાં આવે છે. આ વ્રત મુખ્યત્વે સંતાનોના કલ્યાણ અને કુળની વૃદ્ધિ માટે સ્ત્રીઓ કરે છે.

આ દિવસે વ્રત કરનાર સ્ત્રીએ સવારે વહેલા ઉઠી, સ્નાન કરી પવિત્ર થઈને ધરોની પૂજા કરવાની હોય છે. ધરોને ગંગાજળથી ધોઈ, કંકુ, ચોખા, ફૂલથી પૂજીને પ્રાર્થના કરવામાં આવે છે - 'હે ધરો મા! જેમ તમે અમર છો, ક્યારેય સુકાતા નથી, તેમ અમારા કુળનો વંશવેલો પણ અખંડ રહો, વધતો રહો.'

આ દિવસે લીલું ઘાસ વાઢવું, લીલોતરી કાપવી કે ખેતરમાં હળ ચલાવવો વર્જિત મનાય છે. ધરતીમાતાને પણ આ દિવસે આરામ આપવાનો ભાવ છે. આ દિવસે ટાઢું જમવાનો રિવાજ છે. એટલે કે એક દિવસ અગાઉ બનાવેલું ભોજન. ઘણા વિસ્તારોમાં ચોખાના લાડુ, ફણગાવેલા કઠોળના વડા, દહીં-ભાત જેવું સાત્વિક અને ટાઢું ભોજન લેવામાં આવે છે. આ સંયમ પણ પ્રકૃતિ પ્રત્યેના સન્માનનો જ ભાગ છે.

ધરો આઠમ પાછળ એક ખૂબ જ પ્રચલિત લોકકથા છે જે શ્રદ્ધાનું બળ સમજાવે છે. એક ગામમાં સાસુ-વહુ સંપીને રહેતા હતા. વહુને એક નાનો દીકરો હતો. બંને ખેતમજૂરી કરી ગુજરાન ચલાવતા. વહુ ખૂબ આજ્ઞાંકિત હતી. એક વખત ભાદરવા સુદ આઠમ આવી. વહુ આ દિવસે ધરો આઠમનું વ્રત કરતી હતી. સાસુએ કહ્યું, 'ચાલ વહુ, ખેતરે જઈને ઘાસ વાઢી લાવીએ.'

વહુ મૂંઝાઈ. વ્રતના દિવસે લીલું ઘાસ કેમ કપાય? તેણે ના પાડી. સાસુ ગુસ્સે થઈ ગઈ અને બોલી, 'ઘાસ નહીં લાવીએ તો ખાઈશું શું? તારું કપાળ?' લાચાર વહુને સાસુ સાથે જવું પડ્યું. દીકરાને ઘોડિયામાં સુવડાવી, બારણે સાંકળ ચઢાવી બંને ખેતરે ગયા. વહુએ મનમાં નક્કી કર્યું કે તે ધરોને તો નહીં જ કાપે. તેણે ધરોને બાજુ પર રાખી બીજું ઘાસ વાઢ્યું. સાંજે જ્યારે તેઓ ઘાસના ભારા લઈને પાછા ફરતા હતા, ત્યારે રસ્તામાં એક માણસે બૂમ પાડી, 'અરે ઝટ ઘેર જાવ, તમારું ઘર ભડભડ બળે છે!'

બંને દોડતી ઘરે આવી. આખું ઘર બળીને રાખ થઈ ગયું હતું. વહુનું કાળજું ફફડી ઉઠ્યું. તે અડધા બળેલા બારણાને હડસેલી અંદર ગઈ તો શું જુએ છે? તેના દીકરાની આસપાસ ધરો વીંટળાયેલી હતી અને બાળક સુરક્ષિત હતું, જાણે ધરોએ તેને આગથી રક્ષણ આપ્યું હોય! વહુની આંખમાંથી હર્ષના આંસુ વહી નીકળ્યા. તે બોલી, 'જોયું સાસુમા! મારા ધરો આઠમના વ્રતે મારા દીકરાને બચાવી લીધો.'

આ ચમત્કાર જોઈ સાસુને પણ ધરો માનો મહિમા સમજાયો અને તે દિવસથી તેણે પણ પ્રતિજ્ઞા લીધી કે આઠમના દિવસે ક્યારેય ઘાસ નહીં વાઢવું.આપણને શીખવે છે કે નિયમ નું પાલન અને શ્રદ્ધામાં અપારશક્તિ છે.જે વ્રત સંતાનના રક્ષણ માટેહોય તે વ્રતનું ફળ પણ રક્ષણ જ હોયછે. ભાદરવી નોમ લોકદેવ રામદેવપીરનો નેજા ઉત્સવ.ભાદરવા સુદઆઠમની બીજી જ સવારે આવે છે ભાદરવી નોમ. જો આઠમ માતૃશક્તિનો દિવસ છે,તો નોમ લોકશક્તિ અને લોકશ્રદ્ધાનો દિવસ છે.

રાજસ્થાન અને ગુજરાતના લાખો લોકો માટે રામદેવપીર માત્ર દેવ નથી પણ લોકદેવ છે.ભાદરવા સુદ એકમ થી નોમ સુધી ભક્તો રામદેવ પીરના નોરતા કરે છે.નવ દિવસ સુધી ઉપવાસ,ભજન,કીર્તન અને રામદેવ પીરની વાતો ગવાય છે.ભાદરવી નોમ એ આ નવરાત્રિની પૂર્ણાહુતિનો દિવસ છે.

આ દિવસનું મુખ્ય આકર્ષણ છે 'નેજા' ચડાવવાનો ઉત્સવ. રામદેવપીરની ધજાને નેજા કહેવામાં આવે છે. આ નેજા સામાન્ય રીતે સફેદ અથવા પંચરંગી કાપડના હોય છે. આ પાંચ રંગ માનવ જીવનના પાંચ તત્વો અને એકતાનું પ્રતીક છે. નેજા પર સૂર્ય, ચંદ્ર અને બાબા રામદેવપીરના પગલાની આકૃતિ હોય છે, જે દર્શાવે છે કે જ્યાં સુધી સૂરજ-ચાંદ છે ત્યાં સુધી બાબાનું નામ રહેશે.

જે ભક્તોએ બાબા પાસે કોઈ માનતા માની હોય દીકરાની,ધંધાની, સુખ-શાંતિની - તેઓ નોમના દિવસે માનતા પૂરી કરવા માટે વાજતે- ગાજતે પગપાળા સંઘો સાથે નેજા ચડાવે છે. 'બાબો... બાબો...' ના જયઘોષ સાથે જ્યારે નેજા મંદિરના શિખરે લહેરાય છે,ત્યારે આકાશ ભક્તિ મય બની જાય છે.

નોમના દિવસે મંદિરોમાં મહાનિવેદ ધરાવવામાં આવે છે. અખાજી એટલે કે ઘી-ગોળ વાળી મીઠી ખીર, લાપસી અને ચુરમાનો ભોગ બાબા ને ધરાવાય છે.રાત્રે ઘણાભક્તો'પાટ ઉત્સવ' એટલે કે જ્યોત પાઠ રાખે છે,જેમાં આખી રાત રામદેવ પીરના પરચા અને ભજનો ગવાય છે.

આ દિવસે રાજસ્થાનના રણુજા (રામદેવરા) ધામમાં તો લાખોની મેદની ઉમટે છે. ત્યાં ભાદરવા મેળો ભરાય છે. ગુજરાતના અનેક ગામડાઓથી પગપાળા સંઘો હાથમાં નેજા લઈને રણુજા તરફ પ્રયાણ કરે છે, અને બરાબર નોમના દિવસે ત્યાં પહોંચીને ધજા ચડાવે છે. આ એકતા અને શ્રદ્ધાની અદભૂત યાત્રા છે.આમ, ભાદરવા સુદ આઠમ અને નોમ એ બે દિવસનો સંગમ છે. એક દિવસ આપણને શીખવે છે કે પ્રકૃતિના નાના તણખલા જેવા ધરોમાં પણ વંશને બચાવવાની શક્તિ છે, જો તેને સાચા હૃદયથી પૂજવામાં આવે. તો બીજો દિવસ શીખવે છે કે સાચા દિલથી માનેલી માનતા ક્યારેય ખાલી જતી નથી. બાબા રામદેવપીરનો નેજો એ માત્ર ધજા નથી, પણ ભક્તના વિશ્વાસની જીતનું પ્રતીક છે. આ વર્ષે આપણે સૌ પણ આ બંને પર્વોના મૂળ ભાવને સમજીએ. ધરો આઠમના દિવસે આપણા કુળ, પરિવાર અને સંતાનોના સુખ માટે પ્રાર્થના કરીએ અને ભાદરવી નોમના દિવસે લોકદેવના ચરણોમાં શીશ નમાવી સર્વના કલ્યાણની કામના કરીએ.

250 કરોડ રૂપિયાથી વધુ સંપત્તિ ધરાવનારની સંખ્યા 19,000

શ્રીમંતોની સંખ્યા વધવાના પગલે તેમના રોકાણ કરવાનો અભિગમ પણ બદલાઇ રહ્યો છે

ભારતના અતિધનિક પરિવારો અને અલ્ટ્રા હાઈ નેટવર્થ ઈન્ડિવિજ્યુઅલ્સ (UHNIs)ની રોકાણ કરવાની પદ્ધતિમાં છેલ્લા કેટલાક વર્ષોમાં નોંધપાત્ર પરિવર્તન જોવા મળી રહ્યું છે. અત્યાર સુધી દેશના અતિધનિક પરિવારો પોતાની સંપત્તિનો મોટો હિસ્સો શેરબજારની ઈક્વિટી, ફિક્સ્ડ ડિપોઝિટ, રિયલ એસ્ટેટ અને પોતાના કૌટુંબિક વ્યવસાયોમાં રોકતા હતા. સંપત્તિનું સંરક્ષણ અને જોખમને મર્યાદિત રાખવું તેમની રોકાણ વ્યૂહરચનાનું મુખ્ય કેન્દ્ર રહેતું હતું. જોકે હવે નવી પેઢીના આગમન અને વધુ સારા વળતરની શોધ સાથે આ પરંપરાગત રોકાણ પદ્ધતિમાં ધીમે ધીમે મોટો ફેરફાર આવી રહ્યો છે.

જુલિયસ બેર અને EYના 2026ના અહેવાલ 'ઈન્ડિયન ફેમિલી ઓફિસ પ્લેબુક: નાઉ, નેક્સ્ટ એન્ડ બિયોન્ડ' અનુસાર, ભારતમાં ઘણી ફેમિલી ઓફિસો હવે તેમની કુલ મૂડીમાંથી આશરે 40થી 45 ટકા હિસ્સો વૈકલ્પિક રોકાણોમાં ફાળવી રહી છે. આ રોકાણોમાં ખાનગી ઈક્વિટી, વેન્ચર કેપિટલ, ખાનગી ધિરાણ, વૈકલ્પિક રોકાણ ભંડોળ, રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ જેવા વિકલ્પોનો સમાવેશ થાય છે. આ બદલાવ એ સંકેત આપે છે કે દેશના અતિધનિક પરિવારો હવે માત્ર સંપત્તિને સુરક્ષિત રાખવા કરતાં નવી સંપત્તિનું સર્જન કરવા અને મૂડીમાંથી વધુ અસરકારક વળતર મેળવવા પર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. અહેવાલ મુજબ અગાઉ ભારતીય ફેમિલી ઓફિસો માટે વેલ્થ પ્રિઝર્વેશન એટલે કે સંપત્તિનું જતન સૌથી મહત્વપૂર્ણ બાબત હતી. આ કારણસર તેમનું રોકાણ પ્રમાણમાં ઓછા જોખમવાળા નિશ્ચિત આવકના સાધનો, બેન્ક ડિપોઝિટ અને રિયલ એસ્ટેટ જેવા પરંપરાગત વિકલ્પોમાં વધુ જોવા મળતું હતું. પરંતુ ભારતીય અર્થતંત્રમાં સંપત્તિ સર્જનની પ્રક્રિયા ઝડપથી આગળ વધતાં અને અતિધનિક પરિવારોની સંખ્યા વધતાં તેમની રોકાણની માનસિકતા પણ બદલાઈ રહી છે. હવે તેઓ જોખમ અને વળતર વચ્ચે સંતુલન જાળવીને પોતાના પોર્ટફોલિયોમાં નવા પ્રકારની એસેટ્સનો સમાવેશ કરી રહ્યા છે.

પરંપરાગત ડેટ ઈન્સ્ટ્રુમેન્ટ્સમાંથી મળતું વળતર મર્યાદિત રહેતું હોવાથી પણ ફેમિલી ઓફિસો વૈકલ્પિક રોકાણ તરફ વળી રહી છે. ખાનગી બજારોમાં રોકાણ દ્વારા લાંબા ગાળે વધુ વળતર મેળવવાની સંભાવના તેમને આકર્ષી રહી છે. ખાસ કરીને ઝડપથી વિકસતા સ્ટાર્ટઅપ્સ અને અનલિસ્ટેડ કંપનીઓમાં વહેલી તકે રોકાણ કરીને ભવિષ્યમાં મૂડીમાં વધારો કરવાની તકો તરફ અતિધનિક પરિવારોનું ધ્યાન ગયું છે. હવે ઘણી ફેમિલી ઓફિસો માત્ર મ્યુચ્યુઅલ ફંડ અથવા અન્ય ફંડ મારફતે જ રોકાણ કરતી નથી, પરંતુ પસંદગીના સ્ટાર્ટઅપ્સ અને ખાનગી કંપનીઓમાં સીધો હિસ્સો પણ ખરીદી રહી છે.

ખાનગી ઈક્વિટી અને વેન્ચર કેપિટલ ક્ષેત્રમાં ફેમિલી ઓફિસોની ભાગીદારી સતત વધી રહી છે. અહેવાલ મુજબ કેટલીક ફેમિલી ઓફિસો પોતાના પોર્ટફોલિયોના 10થી 20 ટકા અથવા તેનાથી પણ વધુ હિસ્સાને ખાનગી ઈક્વિટી અને વેન્ચર કેપિટલમાં ફાળવી રહી છે. સ્ટાર્ટઅપ્સમાં સીધું રોકાણ કરવા ઉપરાંત મોટી રોકાણ સંસ્થાઓ સાથે કો-ઈન્વેસ્ટમેન્ટ કરવાની પદ્ધતિ પણ વધી રહી છે. આ માધ્યમથી પરિવારની મૂડીને નવા બિઝનેસ મોડલ, ટેકનોલોજી આધારિત કંપનીઓ અને ઝડપથી વિકસતા ઉદ્યોગોમાં લગાવવાની તક મળી રહી છે. ખાનગી ધિરાણ પણ અતિધનિક પરિવારો માટે રોકાણના મહત્વના વિકલ્પ તરીકે ઉભરી રહ્યું છે. ખાનગી ધિરાણની વ્યવસ્થામાં બેન્કિંગ સિસ્ટમની બહારની સંસ્થાઓ અથવા રોકાણકારો કંપનીઓ અને અન્ય બિઝનેસને સીધું ધિરાણ પૂરું પાડે છે. તેના બદલામાં રોકાણકારોને વ્યાજ અથવા અન્ય નાણાકીય વળતર મળે છે. ભારતમાં વૈકલ્પિક એસેટ માર્કેટનું કદ હાલમાં આશરે 400 અબજ ડોલર હોવાનું જણાવવામાં આવે છે અને 2034 સુધીમાં તે 2 ટ્રિલિયન ડોલરથી વધુ થવાનો અંદાજ વ્યક્ત કરવામાં આવ્યો છે. આ વૃદ્ધિની સંભાવનાને ધ્યાનમાં રાખીને ફેમિલી ઓફિસો આ ક્ષેત્રમાં પણ પોતાની હાજરી વધારી રહી છે. રિયલ એસ્ટેટમાં સીધું રોકાણ કરવા ઉપરાંત હવે ફેમિલી ઓફિસો REITs અને InvITs જેવા માધ્યમોનો ઉપયોગ પણ કરી રહી છે. રિયલ એસ્ટેટ ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ દ્વારા રોકાણકારોને વિવિધ આવક આપતી મિલકતોમાં પરોક્ષ રીતે ભાગીદારી કરવાની તક મળે છે, જ્યારે ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઈન્વેસ્ટમેન્ટ ટ્રસ્ટ મારફતે ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સમાં રોકાણ કરી શકાય છે. આ પ્રકારના સાધનો પરંપરાગત રિયલ એસ્ટેટ રોકાણની સરખામણીએ પોર્ટફોલિયોને વધુ વૈવિધ્યસભર બનાવવામાં મદદ કરી શકે છે. ભારતના અતિધનિક પરિવારો હવે માત્ર સ્થાનિક બજાર પૂરતા મર્યાદિત રહેવા માંગતા નથી. તેઓ પોતાના પોર્ટફોલિયોમાં વૈશ્વિક રોકાણનો હિસ્સો પણ વધારી રહ્યા છે. તેનું એક કારણ એકાગ્રતા જોખમ ઘટાડવાનું છે. પરિવારની મોટાભાગની સંપત્તિ એક જ દેશ અથવા એક જ ક્ષેત્રમાં રોકાયેલી હોય તો કોઈ ચોક્કસ આર્થિક કે બજાર આધારિત પરિસ્થિતિની અસર સમગ્ર પોર્ટફોલિયો પર થઈ શકે છે. તેથી વૈશ્વિક બજારોમાં રોકાણ કરીને તેઓ પોતાના રોકાણને વિવિધ દેશો અને ક્ષેત્રોમાં ફેલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે. વિશ્વભરમાં નવી ટેકનોલોજી અને નવા ઉદ્યોગો ઊભરી રહ્યા હોવાથી આ ક્ષેત્રો પણ ફેમિલી ઓફિસોની નજરમાં આવ્યા છે.

રમતગમતથી શિક્ષણ સુધી: ગુજરાતમાં 'સ્પોર્ટિંગ ગુજરાત'ના નિર્માણ તરફ PEFIનું મજબૂત કદમ

અમદાવાદ, તા.16

ગુજરાતમાં રમતગમતને માત્ર સ્પર્ધા નહીં પરંતુ શિક્ષણ, વ્યક્તિત્વ વિકાસ, ફિટનેસ અને યુવા સશક્તિકરણનો અભિન્ન ભાગ બનાવવાના ઉદ્દેશ સાથે ફિઝિકલ એજ્યુકેશન ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયા (PEFI) ગુજરાત ચેપ્ટર દ્વારા આયોજિત મેજર ધ્યાનચંદ રાષ્ટ્રીય ખેલ મહોત્સવ ૨.૦ - ૨૦૨૬નો સફળ સમાપન તબક્કો અમદાવાદના નોલેજ કન્સોર્ટિયમ ઓફ ગુજરાત (KCG) ખાતે યોજાયેલા ભવ્ય સન્માન સમારોહ અને PEFI ગુજરાત સ્ટેટ બેઠક સાથે સંપન્ન થયો.

એક મહિના સુધી ગુજરાતના ૩૪ જિલ્લાઓમાં યોજાયેલી વિવિધ રમતગમત અને શારીરિક શિક્ષણની પ્રવૃત્તિઓમાં ૩૦,૦૦૦થી વધુ ખેલાડીઓની ભાગીદારીએ ગુજરાતમાં રમતગમત પ્રત્યેની વધતી જાગૃતિ અને જનભાગીદારીનું નવું ઉદાહરણ પૂરું પાડ્યું.

૧૨૬ નોડલ ઓફિસર્સ, કોઓર્ડિનેટર્સ અને વોલન્ટિયર્સનું સન્માન મહોત્સવને ગુજરાતના વિવિધ જિલ્લાઓ અને ગ્રાસરૂટ્સ સુધી સફળતાપૂર્વક પહોંચાડવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર ૧૨૬ નોડલ ઓફિસર્સ, કોઓર્ડિનેટર્સ અને વોલન્ટિયર્સનું સન્માન કરવામાં આવ્યું.

આ સન્માન માત્ર પ્રમાણપત્ર કે પુરસ્કાર પૂરતું નહોતું, પરંતુ મેદાન સુધી બાળકો અને યુવાનોને પહોંચાડનાર, રમતગમતનું મહત્વ સમજાવનાર અને ગુજરાતમાં સ્પોર્ટ્સ કલ્ચર ઊભું કરવા માટે કાર્ય કરનાર જાગૃત કાર્યકરોના સમર્પણને મળેલું સન્માન હતું.

મેજર ધ્યાનચંદજીની વિરાસત સાથે જોડાયેલી ગૌરવપૂર્ણ ક્ષણ

કાર્યક્રમમાં ભારતીય હોકીના મહાનાયક મેજર ધ્યાનચંદજીના સુપુત્ર, અર્જુન એવોર્ડી અને ઓલિમ્પિયન શ્રી અશોક ધ્યાનચંદજી મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમની ઉપસ્થિતિએ સમગ્ર કાર્યક્રમને ઐતિહાસિક અને પ્રેરણાદાયી બનાવ્યો.

મેજર ધ્યાનચંદજીની રમતગમતની મહાન વિરાસતને યાદ કરતાં તેમણે રમત સાથે જોડાયેલા તમામ કાર્યકરો અને ખેલાડીઓને શુભેચ્છા પાઠવી અને આગામી પેઢીને રમત સાથે જોડાવા માટે પ્રેરણા આપી.

આ પ્રસંગે PEFIના રાષ્ટ્રીય અધ્યક્ષ તથા દ્રોણાચાર્ય એવોર્ડી ડૉ. એ. કે. બંસલ, PEFIના રાષ્ટ્રીય સચિવ ડૉ. પિયુષ જૈન, PEFI ગુજરાત ચેપ્ટરના અધ્યક્ષ પ્રો. ડૉ. અર્જુનસિંહ રાણા અને ડૉ. ઉજ્જવલ બી. શેઠ સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિ રહી હતી. રમતગમતની સાથે નીતિ અને ભવિષ્યની દિશા અંગે મંથન

સન્માન સમારોહ સાથે યોજાયેલી PEFI ગુજરાત સ્ટેટ બેઠકમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવેલા પ્રતિનિધિઓ સાથે રમતગમત અને શારીરિક શિક્ષણના ભવિષ્ય અંગે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

બેઠકમાં ગ્રાસરૂટ્સ સ્પોર્ટ્સ, શાળાઓ અને શિક્ષણ સંસ્થાઓમાં શારીરિક શિક્ષણ, ફિટનેસ, યુવા વિકાસ, રમતગમતનું સંગઠનાત્મક વિસ્તરણ, આગામી આયોજન તથા નીતિ નિર્માણ સહિતના અનેક મહત્વપૂર્ણ મુદ્દાઓ પર સકારાત્મક અને રચનાત્મક ચર્ચા થઈ.

PEFI ગુજરાતના અધ્યક્ષ પ્રો. ડૉ. અર્જુનસિંહ રાણા દ્વારા ગુજરાતમાં રમતગમત અને શારીરિક શિક્ષણને વધુ મજબૂત બનાવવા માટેની દિશા, આગામી આયોજન અને જરૂરી પગલાં અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.

આ સમગ્ર પ્રયાસમાં શ્રી દુષ્યંતસિંહ ઝાલા, ડૉ. વિકાસ અગ્રવાલ અને શ્રી જનમેજયસિંહ વાઘેલાનું મહત્વપૂર્ણ યોગદાન અને સહયોગ પણ નોંધપાત્ર રહ્યો.

ડૉ. આકાશ ગોહિલના સંકલનથી સંગઠનને નવી ગતિ

PEFI ગુજરાતના રાજ્ય સચિવ ડૉ. આકાશ એચ. ગોહિલના સંકલન અને માર્ગદર્શન હેઠળ ગુજરાતના વિવિધ જિલ્લાઓને સંગઠન સાથે વધુ મજબૂત રીતે જોડવા તેમજ રમતગમતની પ્રવૃત્તિઓને ગ્રાસરૂટ્સ સુધી પહોંચાડવાના પ્રયાસોને નવી ગતિ મળી છે.

PEFI ગુજરાતની સમગ્ર ટીમના સંકલિત પ્રયાસોથી આ મહોત્સવ માત્ર એક કાર્યક્રમ બનીને રહ્યો નથી, પરંતુ ગુજરાતમાં રમતગમતને લોકોના જીવન અને શિક્ષણ સાથે જોડવાની એક સક્રિય પહેલ બની રહ્યો છે.

PEFI ગુજરાતનો સંકલ્પ – દરેક શાળાથી દરેક મેદાન સુધી રમત PEFI ગુજરાતનું માનવું છે કે સાચું શિક્ષણ માત્ર વર્ગખંડમાં પૂરું થતું નથી.

વર્ગખંડ બાળકને જ્ઞાન આપે છે, મેદાન તેને શિસ્ત, ટીમવર્ક, નેતૃત્વ, આત્મવિશ્વાસ અને સંઘર્ષ સામે લડવાની શક્તિ શીખવે છે.

આથી PEFI ગુજરાતનું આગામી લક્ષ્ય છે કે દરેક શાળામાં રમત, દરેક બાળકમાં ફિટનેસ, દરેક શિક્ષણ સંસ્થામાં શારીરિક શિક્ષણ અને દરેક જિલ્લામાં મજબૂત રમતગમતનું વાતાવરણ ઊભું થાય. PEFI ગુજરાત દ્વારા આગામી સમયમાં રમતગમત અને શારીરિક શિક્ષણના ક્ષેત્રે વધુ વ્યાપક કાર્યક્રમો, તાલીમ, જાગૃતિ અભિયાનો અને ગ્રાસરૂટ્સ પહેલો હાથ ધરવામાં આવશે.

ડીઆરએમ વેદ પ્રકાશ એ વડનગર રેલવે સ્ટેશન પર યાત્રી સુવિધાઓ અને વ્યવસ્થાઓનું કર્યું નિરીક્ષણ

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ના 76મા જન્મદિવસના અવસર પર વડનગર રેલવે સ્ટેશન પર થશે વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમ

અમદાવાદ, તા.16

મંડળ રેલ પ્રબંધક, અમદાવાદ વેદ પ્રકાશ એ 16 સપ્ટેમ્બર 2026 ના રોજ સિનિયર અધિકારીઓની સાથે વડનગર રેલવે સ્ટેશનનું નિરીક્ષણ કર્યું. આ દરમિયાન તેમણે સ્ટેશન સંકુલમાં રેલવે સંરક્ષા, યાત્રી સુવિધાઓ તથા આગામી કાર્યક્રમને ધ્યાનમાં રાખતાં કરવામાં આવેલ વિવિધ વ્યવસ્થાઓની સમીક્ષા કરી.

નિરીક્ષણ દરમિયાન ઊંઝાના ધારાસભ્ય કે.કે. પટેલ, મહેસાણા જિલ્લા પ્રભારી અને પૂર્વ મેયર, વડોદરા ભરતભાઈ ડાંગર તથા મહેસાણા જિલ્લા મહામંત્રી કમલ પટેલ સહિત જનપ્રતિનિધિ અને રેલવેના સિનિયર અધિકારીઓ ઉપસ્થિત રહ્યા.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 76મા જન્મદિવસ પર વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 76મા જન્મદિવસના અવસર પર પર્યાવરણ સંરક્ષણ અને હરિત ભવિષ્યના સંદેશાને સામાન્ય જનતા સુધી પહોંચાડવાના ઉદ્દેશથી 17 સપ્ટેમ્બર 2026 ના રોજ વડનગર સ્ટેશન પર વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમ આયોજિત કરવામાં આવશે. આ કાર્યક્રમ 'સ્વચ્છતામાં સહભાગ: સ્વચ્છ ભારત, વિકસિત ભારત' અભિયાન હેઠળ આયોજિત કરવામાં આવી રહ્યો છે.

આ વિશેષ અવસર પર 76 દિવ્યાંગ ખેલાડીઓ દ્વારા 76 છોડનું છોડરોપણ કરવામાં આવશે. આની સાથે જ દિવ્યાંગ ખેલાડીઓની સહભાગીતાને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશથી સ્પોર્ટ્સ કાર્યક્રમ પણ આયોજિત કરવામાં આવશે. આ પહેલ પર્યાવરણ સંરક્ષણની સાથે-સાથે દિવ્યાંગ ખેલાડીઓની સક્રિય સહભાગીતા અને સમાવેશી સમાજની ભાવનાને પ્રોત્સાહન આપવાની દિશામાં એક મહત્વપૂર્ણ પ્રયત્ન છે.

'છોડરોપણથી સંરક્ષણ સુધી' ની પહેલ ઉલ્લેખનીય છે કે 17 સપ્ટેમ્બર 2025 ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 75મા જન્મદિવસના અવસર પર 'એક પેડ માં કે નામ' અભિયાન હેઠળ વડનગર રેલવે સ્ટેશન પર 75 છોડનું છોડરોપણ કરવામાં આવ્યું હતું.

પાછલા એક વર્ષ દરમિયાન આ છોડની નિયમિત દેખરેખ અને સંરક્ષણ સુનિશ્ચિત કરવામાં આવ્યું છે. સતત દેખરેખના પરિણામે વાવવામાં આવેલા છોડ આજે સ્વસ્થ અને વિકસિત થઈને હર્યા-ભર્યા વૃક્ષોનું રૂપ લઈ ચુક્યા છે તથા ફળ-ફૂલથી સમૃદ્ધ થઈ રહ્યા છે.

આ જ ક્રમમાં આગળ વધતાં આ વર્ષે 76 નવા છોડનું છોડરોપણ કરવામાં આવશે. અમદાવાદ મંડળની આ પહેલ 'છોડરોપણથી સંરક્ષણ સુધી' ની ભાવનાને સાકાર કરતાં રેલવે સંકુલોને સ્વચ્છ, હરિત અને પર્યાવરણ-અનુકૂળ બનાવવાની દિશામાં સતત પ્રયત્નનો ભાગ છે.

ડીઆરએમ એ તૈયારીઓ અને યાત્રી સુવિધાઓની કરી સમીક્ષા

આગામી કાર્યક્રમની તૈયારીઓને ધ્યાનમાં રાખતાં મંડળ રેલ પ્રબંધક વેદ પ્રકાશ એ વડનગર રેલવે સ્ટેશનનું તળસ્પર્શી નિરીક્ષણ કર્યું. તેમણે સ્ટેશન સંકુલ, યાત્રી સુવિધાઓ, સ્વચ્છતા, સંરક્ષા તથા કાર્યક્રમથી સંબંધિત વ્યવસ્થાઓની સમીક્ષા કરી.

ડીઆરએમ એ સંબંધિત અધિકારીઓને યાત્રી સુવિધાઓને વધુ ઉત્તમ બનાવવા, સ્ટેશન સંકુલમાં સ્વચ્છતા જાળવી રાખવા તથા રેલવે સંરક્ષા પરિમાણોને સુદ્રઢ કરવાના જરૂરી નિર્દેશ આપ્યા.

અમદાવાદ મડળ દ્વારા પર્યાવરણ સંરક્ષણ, સ્વચ્છતા, યાત્રી સુવિધાઓ અને રેલવે સંકુલોના સમગ્ર વિકાસ માટે સતત વિવિધ પહેલો કરવામાં આવી રહી છે. વડનગર રેલવે સ્ટેશન પર આયોજિત થનાર આ વિશેષ વૃક્ષારોપણ કાર્યક્રમ આ જ દિશામાં એક મહત્વપૂર્ણ પહેલ છે, જે પર્યાવરણ સંરક્ષણની સાથે-સાથે સામાજિક સહભાગીતા અને સમાવેશનનો સંદેશ પણ આપશે.

ગાંધીનગરમાં અમદાવાદની મહિલા કોન્સ્ટેબલનો આપઘાત, બે દિવસે મૃતદેહ મળ્યો, પોલીસ વિભાગમાં ચકચાર......

ગાંધીનગર, તા.16

ગાંધીનગરના સેક્ટર-3ડી વિસ્તારમાં એક અત્યંત હૃદયદ્રાવક ઘટના સામે આવી છે, જેમાં અમદાવાદના શાહીબાગ પોલીસ હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતી 28 વર્ષીય મહિલા લોકરક્ષક કોન્સ્ટેબલ જહાનવી અનિલભાઈ ડાભીએ પોતાના ઘરમાં પંખા સાથે દુપટ્ટો બાંધીને જીવન ટૂંકાવી લીધું છે. એક સક્રિય અને ફરજનિષ્ઠ મહિલા પોલીસ કર્મચારીના આ પ્રકારે અચાનક આપઘાત કરી લેવાના સમાચાર વાયુવેગે પ્રસરતાં જ સમગ્ર ગુજરાત પોલીસ બેડામાં ભારે શોકની કાલીમા છવાઈ ગઈ છે અને ભારે ચકચાર મચી જવા પામી છે.

ઘટનાની વિગતવાર માહિતી અનુસાર, મૃતક મહિલા કર્મચારી શાહીબાગ ખાતે પોતાની ફરજ પૂરી કરીને ગત 14 સપ્ટેમ્બરના રોજ રાત્રિના સમયે ગાંધીનગર સ્થિત પોતાના નિવાસસ્થાને પરત ફર્યા હતા. ત્યારબાદ તેઓ પોતાના રૂમમાં ગયા પછી મોડી રાત સુધી કે બીજા દિવસે પણ બહાર આવ્યા ન હતા. પરિવારજનો કે આસપાસના

લોકો દ્વારા દરવાજો ખખડાવવા છતાં અંદરથી કોઈ જ પ્રતિસાદ સાંપડ્યો ન હતો. આથી ચિંતાતુર બનેલા લોકોએ આજુબાજુના લોકોની મદદથી દરવાજો તોડીને તપાસ કરતાં જહાનવીબેન સીલિંગ ફેન સાથે લટકતી હાલતમાં મળી આવ્યા હતા, જેથી તાત્કાલિક ધોરણે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવી હતી.

બનાવની ગંભીરતાને ધ્યાને રાખીને સેક્ટર-7 પોલીસ સ્ટેશનનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતદેહને નીચે ઉતારી પ્રાથમિક પંચનામાની તમામ જરૂરી કાર્યવાહી પૂર્ણ કરી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે સરકારી હોસ્પિટલ ખસેડ્યો હતો. સ્થળ પર પહોંચેલી પોલીસને મૃતદેહ ડીકમ્પોઝ એટલે કે કુદરતી સડાની પ્રાથમિક હાલતમાં મળી આવ્યો હતો.

આ સ્થિતિના આધારે પોલીસનું એવું પ્રાથમિક અનુમાન છે કે તેમણે ઘટનાના દોઢથી બે દિવસ પહેલાં જ આ આત્મઘાતી પગલું ભરી લીધું હશે. બનાવ સ્થળેથી તમામ વૈજ્ઞાનિક પુરાવા એકત્ર કરવા અને મોતનું ચોક્કસ કારણ સ્પષ્ટ કરવા માટે એફએસએલ (FSL) નિષ્ણાતોની પણ વિશેષ મદદ લેવામાં આવી રહી છે.

તપાસ દરમિયાન સામે આવેલા અંગત પાસાંઓની વાત કરીએ તો, પ્રાથમિક વિગતો મુજબ મૃતક જહાનવીના અગાઉ ડિવોર્સ થઈ ચૂક્યા હતા. આ સિવાય તેઓ સોશિયલ મીડિયા પર પણ ખૂબ સક્રિય હતા અને ઈન્સ્ટાગ્રામ પર તેમના 25 હજારથી વધુ ફોલોઅર્સ હતા. હાલમાં સેક્ટર-7 પોલીસે આ સમગ્ર મામલે અકસ્માતે મોતનો ગુનો નોંધીને આગળની કાયદેસરની તપાસ તેજ કરી છે. મહિલા કોન્સ્ટેબલે આટલું આકરું પગલું કયા માનસિક તણાવ કે કારણોસર ભર્યું તે જાણવા માટે પોલીસ દ્વારા તેમના પરિવારજનો, નજીકના મિત્રો અને શાહીબાગ પોલીસ મથકના સહકર્મીઓની સઘન પૂછપરછ હાથ ધરવામાં આવી રહી છે.

સુરતમાં પરિણીત પ્રેમીયુગલનો સામૂહિક આપઘાત

સિદ્ધનાથ મહાદેવ મંદિર પાસે તાપીની પાળે બેસી બંનેએ ઝેરી દવા ગટગટાવી, પહેલાં પ્રેમી અને બાદમાં પ્રેમિકાનું મોત

સુરત, તા.16

સુરત શહેરમાં વધુ એક સામૂહિક આપઘાતનો હૃદયદ્રાવક કિસ્સો સામે આવ્યો છે. વરાછા વિસ્તારમાં રહેતી 29 વર્ષીય પરિણીતા અને ઉત્રાણના 40 વર્ષીય પરિણીત યુવકે વરીયાવ બ્રિજ નીચે સિદ્ધનાથ મહાદેવ મંદિર પાસે તાપી નદીના પાળે બેસીને ઝેરી દવા ગટગટાવી લીધી હતી. આ બનાવમાં હોસ્પિટલ ખસેડાયા બાદ પહેલાં પ્રેમી અને ત્યારબાદ ટૂંકી સારવારના અંતે પ્રેમિકાનું પણ મોત નીપજ્યું હતું. બંને વચ્ચે ચાલી રહેલા પ્રેમસંબંધમાં મનદુઃખ થતાં આ આત્યંતિક પગલું ભર્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાને પગલે બંને પરિવારોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે.

મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ સુરતના વરાછા ખાતે લાભેશ્વર ભવન પાસે રહેતી 29 વર્ષીય ખુશ્બુ (નામ બદલ્યું છે) મંગળવારે સવારે નિત્યક્રમ મુજબ સફાઈ કામ માટે નીકળી હતી. સાંજે મોડે સુધી તે પરત ઘરે ન ફરતાં ચિંતાતુર બનેલા પતિએ તેના મોબાઈલ પર કોલ કર્યો હતો. જોકે, ફોન કોઈ અજાણી વ્યક્તિએ ઉપાડ્યો હતો અને જણાવ્યું હતું કે આ મહિલા અને એક યુવક વરીયાવ બ્રિજ નીચે સિદ્ધનાથ મહાદેવ મંદિર પાસે બેભાન અવસ્થામાં પડ્યા છે.

પરિવારજનો તાબડતોબ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને 108 એમ્બ્યુલન્સ મારફતે બંનેને તાત્કાલિક સ્મીમેર હોસ્પિટલ ખસેડ્યા હતા. જ્યાં ફરજ પરના તબીબોએ યુવકને તપાસીને મૃત જાહેર કર્યો હતો. બીજી તરફ ખુશ્બુની હાલત અત્યંત નાજુક હોવાથી તેને વધુ સારવાર અર્થે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી, જ્યાં ટૂંકી સારવાર બાદ રાત્રે તેનું પણ પ્રાણપંખેરું ઊડી ગયું હતું.

પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતક યુવકની ઓળખ ઉત્રાણ લેક ગાર્ડન પાસે રહેતા 40 વર્ષીય પરેશ નાનજી ચૌહાણ તરીકે થઈ છે. તપાસ દરમિયાન સામે આવ્યું કે પરેશ પરિણીત હતો. જ્યારે મૃતક ખુશ્બુના પણ 12 વર્ષ અગાઉ લગ્ન થયા હતા અને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. તેનો પતિ પાલિકાના વરાછા ઝોનમાં ફરજ બજાવે છે.

પ્રાથમિક વિગતો મુજબ, ખુશ્બુ અને પરેશ એક જ જગ્યાએ સાથે કામ કરતા હોવાથી બંને વચ્ચે પરિચય થયા બાદ પ્રેમસંબંધ બંધાયો હતો. બંને પરિણીત હોવા છતાં એકબીજાના સંપર્કમાં હતા. પ્રાથમિક અનુમાન મુજબ, કોઈ અંગત કારણોસર બંને વચ્ચે વિવાદ કે મનદુઃખ થતાં તેમણે તાપી નદીના પાળે જઈ આ અંતિમ પગલું ભરી લીધું હતું. આ બનાવ સંદર્ભે સિંગણપોર પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી સમગ્ર મામલે ઊંડાણપૂર્વકની તપાસ શરૂ કરી છે. બંને વચ્ચે ચાલી રહેલા પ્રેમસંબંધમાં મનદુઃખ થતાં આ આત્યંતિક પગલું ભર્યું હોવાની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. ઘટનાને પગલે બંને પરિવારોમાં ભારે શોકનું મોજું ફરી વળ્યું છે. મૂળ મહારાષ્ટ્રના વતની અને હાલ સુરતના વરાછા ખાતે લાભેશ્વર ભવન પાસે રહેતી 29 વર્ષીય ખુશ્બુ (નામ બદલ્યું છે) મંગળવારે સવારે નિત્યક્રમ મુજબ સફાઈ કામ માટે નીકળી હતી.

સારોલીમાં સાલાસર માર્કેટના 5મા માળે ભીષણ આગ

કાપડનો જથ્થો હોવાથી આગ પર 3 કલાકે કાબૂ મેળવાયો, વેપારીઓનો લાખો રૂપિયાનો કાપડનો જથ્થો બળીને ખાખ

સુરત, તા.16

સુરત શહેરના ટેક્સટાઈલ હબ ગણાતા સારોલી વિસ્તારમાંથી ફરી એક મોટા અકસ્માતના સમાચાર સામે આવ્યા છે. સારોલી સ્થિત જાણીતી સાલાસર માર્કેટના પાંચમા માળે આવેલી દુકાનોમાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. સવારે અંદાજે 11:30 વાગ્યાની આસપાસ આગની આ ઘટના બની હતી, જેના પગલે સમગ્ર માર્કેટ અને આસપાસના વિસ્તારમાં ભારે નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. દુકાનોમાં કાપડનો જથ્થો હોવાથી આગ પર કાબૂ મેળવવામાં 4 કલાકથી વધુનો સમય લાગ્યો હતો.

પ્રાથમિક વિગતો મુજબ, માર્કેટના પાંચમા માળે આવેલી અંદાજે ચાર જેટલી દુકાનોમાં આગ ઝડપથી પ્રસરી ગઈ હતી. દુકાનોમાં ફેબ્રિકેટ કાપડ તેમજ પોલિએસ્ટર સહિતના કાપડનો મોટો જથ્થો સંગ્રહાયેલો હોવાને કારણે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. દૂર-દૂર સુધી કાળા ડિબાંગ ધુમાડાના ગોટેગોટા આકાશમાં ઊડતા જોવા મળ્યા હતા, જેને લીધે આસપાસના વેપારીઓમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો.

ઘટનાની જાણ ફાયર કંટ્રોલ રૂમને કરવામાં આવતાં જ સુરત ફાયર બ્રિગેડ તાબડતોબ એક્શન મોડમાં આવ્યું હતું. શહેરના અલગ-અલગ 15 ફાયર સ્ટેશનો પરથી 15થી વધુ ફાયર ફાઈટરો અને અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે રવાના કરવામાં આવ્યો હતો. ફાયર જવાનોએ તાત્કાલિક હોઝ પાઈપો પાથરીને ચારેય તરફથી પાણીનો ભારે મારો ચલાવી આગ પર કાબૂ મેળવવાની કામગીરી યુદ્ધના ધોરણે શરૂ કરી દીધી છે. કાપડનો જથ્થો વધુ હોવાથી આગને સંપૂર્ણ કાબૂમાં લેવા માટે ફાયર ફાઈટરો સતત પ્રયાસ કરી રહ્યા છે. સદનસીબે હજુ સુધી કોઈ જાનહાનિના અહેવાલ મળ્યા નથી, પરંતુ વેપારીઓને લાખો રૂપિયાનું કાપડ બળીને ખાખ થઈ જતાં મોટા પાયે આર્થિક નુકસાન થવાની આશંકા છે. આગ કયા કારણોસર લાગી તે અંગે હજુ સુધી કોઈ સત્તાવાર કારણ જાણી શકાયું નથી. શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું પ્રાથમિક અનુમાન લગાવવામાં આવી રહ્યું છે.

તેજકરણ ચારણ (વેપારી) એ જણાવ્યું હતું કે, આગ ૫મા માળે આવેલી દુકાન નંબર ૫૦૪૪માં લાગી હતી. શરૂઆતમાં માર્કેટના લોકોએ આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ આગે જોતજોતામાં વિકરાળ અને ભયાનક સ્વરૂપ ધારણ કરી લીધું હતું. બહારથી સ્થિતિ સામાન્ય લાગતી હોવા છતાં અંદરની સ્થિતિ અત્યંત ગંભીર છે. ૫મા માળની લગભગ 4થી 5 જેટલી દુકાનો આગની ચપેટમાં આવી જતાં બળીને ખાખ થઈ ગઈ છે

અને તેમાં રહેલો મોટો જથ્થો બળી જવાથી ભારે આર્થિક નુકસાન થયું છે. આનંદ ચાંડકે જણાવ્યું કે તેમની સામે આવેલી દુકાનમાં અચાનક આગ લાગી હતી. સવારે આશરે 11:30 વાગ્યે તેમના પાર્ટનરનો ફોન આવ્યો કે માર્કેટમાં આગ લાગી છે અને તરત જ સ્થળ પર પહોંચવા કહ્યું. જ્યારે તેઓ ત્યાં પહોંચ્યા ત્યારે ઉપર આગ ફેલાયેલી હતી અને પ્રશાસન દ્વારા રોકવામાં આવતા તેઓ ઉપર જઈ શક્યા નહોતા અને નીચે જ ઊભા રહ્યા હતા. તેમણે ઉમેર્યું કે જે દુકાનમાં આગ લાગી હતી તે દુકાનદાર ત્યાં હાજર નહોતો અને દુકાનનું શટર બંધ હતું, જ્યાં ગ્રે કાપડનો મોટો જથ્થો રાખવામાં આવ્યો હતો. આથી સ્થાનિક સોસાયટીના મેનેજમેન્ટ અને લોકોએ શટર તોડી જેમ બને તેમ માલ બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તે દુકાનનો માલ બળીને ખાખ થઈ ગયો છે. તેમણે પોતાની ચિંતા વ્યક્ત કરતા કહ્યું કે, તેમની પોતાની પણ મોટી દુકાન છે અને તેમાં ઘણો માલ ભરેલો છે, જેમાં ધુમાડો ભરાઈ ગયો હોવાથી નુકસાનની ભીતિ છે. વધુમાં તેમણે જણાવ્યું કે સુરતમાં દિવાળી પહેલાં પણ વેપાર મંદીમાં ચાલી રહ્યો છે, તેવામાં તહેવાર ટાણે જ લાગેલી આ આગને કારણે વેપારીઓની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. રવિન્દ્ર નામના વેપારીએ જણાવ્યું હતું કે, માર્કેટના પાંચમા માળે આગ લાગી છે અને તેમની દુકાન ત્રીજા માળે આવેલી છે. તેમણે ફાયર સેફ્ટી સિસ્ટમ અને વ્યવસ્થા સામે રોષ વ્યક્ત કરતાં જણાવ્યું કે, માર્કેટનો પાવર સપ્લાય સંપૂર્ણ બંધ થઈ જવાને કારણે બિલ્ડિંગની ફાયર સેફ્ટી સિસ્ટમ કામ કરી રહી નથી. નિયમ મુજબ ઈમરજન્સી માટે જનરેટર અથવા વૈકલ્પિક વીજળીની વ્યવસ્થા હોવી જોઈએ, જેથી કોઈપણ પરિસ્થિતિમાં પંપ ચાલુ રહે અને સમયસર આગ પર કાબૂ મેળવી શકાય. વીજળીના અભાવે અને આગનું અંતર વધારે હોવાથી ફાયર બ્રિગેડના જવાનોને પણ ભારે મુશ્કેલી પડી હતી.

પ્રત્યક્ષદર્શી વિશાલભાઈએ આગની ઘટના અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, પ્રાથમિક દ્રષ્ટિએ આગ શોર્ટ સર્કિટના કારણે લાગી હોવાનું જણાય છે. દિવાળીની સીઝન હોવાથી દુકાનોમાં મોટા પ્રમાણમાં માલનો સ્ટોક ઉપલબ્ધ હતો, જેના લીધે અંદાજે 2થી 3 કરોડ રૂપિયાનું નુકસાન થયું હોવાની શક્યતા છે. વધુમાં તેમણે ઉમેર્યું હતું કે મુખ્ય 4 દુકાનો ઉપરાંત આસપાસની અન્ય દુકાનો લપેટમાં આવતાં કુલ 8થી 10 દુકાનોને આગની અસર થઈ હોઈ શકે છે. ફાયર અધિકારી હરીશ ગઢવીએ જણાવ્યું હતું કે, ફાયર વિભાગના 22 વાહનો ઘટનાસ્થળે પહોંચ્યા હતા. તેમણે જણાવ્યું કે પેસેજમાં માલ-સામાન ભરેલો હોવાથી તથા દુકાનો બંધ હોવાના કારણે શટર તોડીને અંદર પ્રવેશવામાં શરૂઆતમાં મુશ્કેલી પડી હતી. આ ઉપરાંત, દુકાનોમાં નીચે વેપાર થતો હતો અને ઉપરના માળિયામાં મોટા પ્રમાણમાં માલ સ્ટોક કરેલો હોવાથી માળિયા તોડવા, સામાન બહાર કાઢવો અને આગ ઓલવવામાં શારીરિક શ્રમ ઘણો વધી ગયો હતો. હાલ આગ પર કાબૂ મેળવી લેવાયો છે અને કૂલિંગની કામગીરી ચાલુ છે, જેને પૂર્ણ થતાં હજુ અંદાજે દોઢેક કલાક જેટલો સમય લાગશે.

'હું મશીન કે રોબોટ નથી...' સંજુ સેમસનનું દર્દ છલકાયું, વૈભવના સિલેક્શન અંગે કહી મોટી વાત

નવી દિલ્હી, તા.16

દિલ્હી ખાતે અફઘાનિસ્તાન સામે રમાયેલી બીજી T20 મેચમાં સંજુ સેમસને જે જવાબી ઈનિંગ્સની લાંબા સમયથી રાહ જોવાઈ રહી હતી તે પોતાના બેટથી રમી બતાવી છે. તેણે માત્ર 22 બોલમાં 57 રનની તોફાની અડધી સદી ફટકારીને ભારતની 7 વિકેટથી થયેલી શાનદાર જીતમાં નિર્ણાયક ભૂમિકા ભજવી હતી. મેચ પૂર્ણ થયા બાદ સંજુએ પોતાની વિસ્ફોટક બેટિંગ ઉપરાંત તેની સામે થતી સતત આલોચનાઓ, સોશિયલ મીડિયા પર થતા બહારના અવાજો અને 15 વર્ષીય વૈભવ સૂર્યવંશીની ટીમમાં પસંદગી અંગે ખુલીને પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા.

સંજુએ સ્વીકાર્યું કે ભારતીય ક્રિકેટરોની આસપાસ થતી અવિરત ચર્ચાઓ અને ટીકાઓથી બચવું સરળ નથી અને તેની અસર તેના પર પણ પડે છે. 'હું Wi-Fi બંધ રાખવાનો પ્રયાસ કરું છું, પરંતુ ક્યારેક Wi-Fi ઓન થઈ જાય છે અને સોશિયલ મીડિયા પર કેટલાક નેગેટિવ કમેન્ટ્સ સામે આવી જાય છે.'

પૂર્વ કે સિનિયર ખેલાડીઓની ટિપ્પણીઓ અંગે તેણે કહ્યું કે કેટલાક ખેલાડીઓ તેના વિશે બોલે છે અને કેટલાક નથી બોલતા, જે તેમની તે સમયની માનસિક સ્થિતિ અને પસંદગી પર નિર્ભર કરે છે; કોઈ સકારાત્મક શબ્દો વાપરે છે તો કોઈ નકારાત્મક. 'હું કોઈ મશીન કે રોબોટ નથી. તમે એક માણસ છો એટલે થોડી ઘણી અસર તો થાય જ છે અને ખરાબ પણ લાગે છે. પરંતુ ત્યારબાદ તમારે પોતાની જાત સાથે વાત કરવી પડે છે અને ખુદને યાદ અપાવવું પડે છે કે તમે કોણ છો અને તમારે મેદાન પર શું કરવાનું છે.'

તેણે કહ્યું કે જો તે લોકોની વાતો સાંભળતો હોત તો બોલને ફટકારતાં પહેલાં 10 વાર વિચારતો. જો બોલ બાઉન્ડ્રી બહાર જતો રહે તો ફરી Wi-Fiની સમસ્યા ઊભી થતી, પરંતુ હવે તેને આ બાબતોથી કોઈ ફરક પડતો નથી. ખેલાડીએ જાતે જ નક્કી કરવું પડે છે કે તેને કઈ માનસિકતા સાથે તૈયારી કરીને મેદાનમાં ઉતરવું છે.

હાલના સમયમાં ઓપનિંગ સ્લોટ માટે 15 વર્ષીય વૈભવ સૂર્યવંશીના દાવેદારીથી સંજુ સામે મોટો પડકાર ઊભો થયો છે. વૈભવે આ સિઝનમાં અંદાજે 700થી 800 રન ફટકારીને જોરદાર પ્રદર્શન કર્યું છે, જેનો ઉલ્લેખ સંજુએ પણ કર્યો હતો. 'ભારતીય ટીમ ચલાવવી સહેલું કામ નથી. એક 15 વર્ષના બાળકે સિઝનમાં 700-800 રન બનાવ્યા છે અને ટુર્નામેન્ટ પહેલાં પણ ઉત્કૃષ્ટ રમત બતાવી હતી. તેથી તેને કોઈને કોઈ રીતે ટીમમાં તક આપવી અત્યંત સ્વાભાવિક અને જરૂરી હતું.' સેમસને પોતાની ભૂલ સ્વીકારતાં કહ્યું કે તે પોતે અગાઉની 2-3 મેચોમાં સારું પ્રદર્શન કરી શક્યો નહોતો, જ્યારે વૈભવ શાનદાર ફોર્મમાં હતો અને સિરિઝ જીતવાના પ્રબળ ઇરાદા સાથે આવ્યો હતો. આવા સંજોગોમાં ટીમ મેનેજમેન્ટે તેને તક આપી તે યોગ્ય નિર્ણય હતો.

ટીમમાંથી બહાર બેસવા કે સ્થાન ગુમાવવા અંગે કોઈ પણ પ્રકારની ફરિયાદ કરવાને બદલે સંજુએ હેડ કોચ ગૌતમ ગંભીર અને લીડરશીપ ગ્રુપની પ્રશંસા કરી હતી. સંજુએ કહ્યું કે તે પોતે પણ કેપ્ટન રહી ચૂક્યો છે, તેથી જાણે છે કે આવા આકરા નિર્ણયો લેવા કેટલા અઘરા હોય છે.

'આવી પરિસ્થિતિમાં સૌથી મહત્વનું પરિબળ સંવાદ છે. સીરિઝ શરૂ થતાં પહેલાં પણ હેડ કોચ ગૌતમ ગંભીરે મારી સાથે લાંબી વાતચીત કરી હતી અને ટીમની અંદર પણ સતત સ્પષ્ટ ચર્ચાઓ થતી રહી હતી. લોકપ્રિય નિર્ણયો લેવા ખૂબ સહેલા હોય છે, પરંતુ ટીમના હિતમાં કઠિન નિર્ણયો લેવા અત્યંત મુશ્કેલ હોય છે. અમારું લીડરશીપ ગ્રુપ વ્યક્તિગત ખેલાડીઓ કરતાં ટીમના હિતને સર્વોપરી રાખીને કઠોર નિર્ણયો લઈ રહ્યું છે, જેનો સંપૂર્ણ શ્રેય મેનેજમેન્ટને મળવો જોઈએ.' આમ, બીજી T20માં 22 બોલમાં 57 રનની તોફાની ઈનિંગ્સ રમીને પુનરાગમન કરનારા સંજુ સેમસને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે તેના માટે વ્યક્તિગત સ્થાન કરતાં હંમેશા દેશ અને ટીમનું હિત સર્વોચ્ચ રહેશે.

6,4,4,6,6,4... ઈંગ્લેન્ડના વિસ્ફોટક બેટરે એક જ ઓવરમાં 30 રન ઝૂડી કાઢ્યાં, 49 બોલમાં 114 રન ફટકાર્યાં

લંડન, તા.16

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના સ્ટાર ખેલાડી હેરી બ્રૂકે પોતાની તોફાની બેટિંગથી ક્રિકેટ જગતમાં સનસનાટી મચાવી દીધી છે. શ્રીલંકા સામે રમાયેલી પ્રથમ ટી20 મુકાબલામાં બ્રૂકે અણનમ 114 રનની ઐતિહાસિક ઈનિંગ રમી હતી. આ દરમિયાન તેણે શ્રીલંકાના બોલર દુનિથ વેલ્લાલગેના એક જ ઓવરમાં 30 રન ફૂટી કાઢ્યા હતા, જેમાં તેણે 3 છગ્ગા અને 3 ચોગ્ગા ફટકાર્યા હતા. બ્રૂકની આ ધમાકેદાર બેટિંગના જોરે ઈંગ્લેન્ડે શાનદાર જીત મેળવી હતી.

ઈંગ્લેન્ડ ક્રિકેટ ટીમના કેપ્ટન હેરી બ્રૂકે શ્રીલંકા સામેની પહેલી ટી20 મેચમાં માત્ર 49 બોલમાં અણનમ 114 રનની તોફાની ઈનિંગ રમી હતી. પોતાની આ શાનદાર ઈનિંગ દરમિયાન તેણે 10 ચોગ્ગા અને 6 ગગનચુંબી છગ્ગા ફટકાર્યા હતા. મેચની પાંચમી ઓવરમાં બ્રૂકે શ્રીલંકાના બોલર દુનિથ વેલ્લાલગે પર એવો કહેર વર્તાવ્યો કે એક જ ઓવરમાં 30 રન વસૂલ કરી લીધા.

શ્રીલંકા સામે હેરી બ્રૂકની બ્રૂકે વેલ્લાલગેના પહેલા જ બોલ પર મિડ ઓન ની દિશામાં શાનદાર છગ્ગો ફટકાર્યો હતો. ત્યારબાદ બીજા અને ત્રીજા બોલ પર બે કડક ચોગ્ગા જડ્યા. સતત ત્રણ બાઉન્ડ્રી ફટકાર્યા પછી બ્રૂકે ચોથા અને પાંચમા બોલ પર બે સિક્સરનો વરસાદ કર્યો. બોલરને એમ લાગ્યું કે તે છેલ્લા બોલ પર પુનરાગમન કરશે, પરંતુ બ્રૂકે છેલ્લા બોલ પર પણ ચોગ્ગો ફટકારીને ઓવરમાં પૂરા 30 રન બનાવી દીધા. આ તોફાની બેટિંગના કારણે બ્રૂકે માત્ર 20 બોલમાં જ પોતાની ફિફ્ટી પૂરી કરી લીધી હતી.

વિસ્ફોટક બેટિંગના કારણે ઈંગ્લેન્ડની ટીમે નિર્ધારિત 20 ઓવરમાં 4 વિકેટના નુકસાને મસમોટા 254 રનનો પહાડ જેવો સ્કોર બનાવ્યો હતો. ઈંગ્લેન્ડ તરફથી બ્રૂક ઉપરાંત જોસ બટલરે પણ આક્રમક બેટિંગ કરી હતી. બટલરે માત્ર 44 બોલમાં 8 વિકેટ અને 3 છગ્ગાની મદદથી 80 રનની શાનદાર ઈનિંગ રમી હતી. આ ઉપરાંત વિલ જેક્સે 21 રન, એન્યુરિન ડોનાલ્ડે 12 રન અને ટોમ બેન્ટને 10 રનનું યોગદાન આપ્યું હતું. ઈંગ્લેન્ડ દ્વારા આપવામાં આવેલા 254 રનના વિશાળ લક્ષ્યાંક સામે શ્રીલંકાની બેટિંગ અત્યંત નબળી સાબિત થઈ હતી.

સાઉથ કોરિયા સામેની ડેવિસ કપ મેચમાંથી ચૂકી ભાંબરી આઉટ....

સિયુલ, તા.16

સાઉથ કોરિયા સામેની ડેવિસ કપ ટેનિસ ટુર્નામેન્ટની ક્વોલિફાયર મેચ અગાઉ ભારતનો અનુભવી ખેલાડી યૂકી ભાંબરી સ્નાયુ (થાઇ) ની ઈજાને કારણે બહાર થઈ જતાં ભારતને તેનો મુખ્ય ડબલ્સ ખેલાડી ગુમાવવો પડ્યો છે. આ મહત્વપૂર્ણ મુકાબલાના થોડા દિવસ અગાઉ જ ભારતીય ટીમને પોતાની ડબલ્સ જોડી અંગે નવેસરથી વિચારવાની ફરજ પડી છે. ભારત અને સાઉથ કોરિયા વચ્ચેની આ મેચની વિજેતા ટીમ ફાઇનલ્સમાં પ્રવેશ કરશે.

ભારતીય ટીમના કેપ્ટન રોહિત રાજપાલે પુષ્ટિ કરી હતી કે ભાંબરી બીજા રાઉન્ડની મેચ માટે ઉપલબ્ધ રહેશે નહીં. રાજપાલે કહ્યું હતું કે, "યૂકી ભાંબરીને થાઇની સમસ્યા વધી ગઈ છે અને તે ડેવિસ કપમાં

રમવા માટે ઉપલબ્ધ નહીં રહે તેવી શક્યતા છે. તેથી અમારું ટીમ કોમ્બિનેશન શું રહેશે તે ક્ષેત્ર પર અમે કામ કરી રહ્યા છીએ, જે ખરેખર ડેવિસ કપના સપ્તાહ દરમિયાન અમારે ન કરવું જોઈએ. પરંતુ કમનસીબે, અમારે તેમ કરવું પડી રહ્યું છે." ભાંબરીને યુએસ ઓપનની મેઈ ડ્રો મેચ અગાઉ જમણા થાઇમાં ખેંચાણ આવ્યું હતું અને ત્યારબાદ કોરિયા સામેની મેચ માટે તેની રમત શંકાસ્પદ બની ગયો હતો. તેની ગેરહાજરી ભારતના ડબલ્સ આયોજન માટે મોટો આઘાત છે કારણ કે રાજપાલે અગાઉ તેની જોડી દક્ષિણેશ્વર સુરેશ સાથે બનાવી હતી. બેંગલુરુમાં નેધરલેન્ડ્સ સામેની અગાઉની ડેવિસ કપ મેચ દરમિયાન આ જોડીએ ખૂબ જ અસરકારક પ્રદર્શન કર્યું હતું. રાજપાલે જણાવ્યું કે, "છેલ્લી વખતે મેં યૂકી અને ડીકે (દક્ષિણેશ્વર)ને રમાડ્યા હતા કારણ કે યૂકીની સૌથી મોટી તાકાત એડ કોર્ટમાંથી તેનો રિટર્ન છે. અને તે ડીકેની નબળાઈ છે. જ્યારે યૂકીની સર્વ તેની નબળાઈ છે અને ડીકે પાસે શક્તિશાળી સર્વ છે. આ વિપરીત કોમ્બિનેશને તેમને ખૂબ જ મજબૂત જોડી બનાવી હતી." ભાંબરીની રિટર્ન સ્કીલે સુરેશની સર્વિસ ગેમ પરથી દબાણ ઓછું કરવામાં મદદ કરી હતી, જ્યારે સુરેશની શક્તિશાળી સર્વિસે અને વૉલીએ ભાંબરીની રમતને પૂરક સાથ આપ્યો હતો.

અફઘાનિસ્તાન સામે ભારતનો દબદબો, ICC T20 રેન્કિંગમાં ભારતીય ખેલાડીઓની છલાંગ

અભિષેક શર્મા બીજા સ્થાને પહોંચ્યો, વરુણ ટોપ-5માં, બુમરાહ, અર્શદીપ અને અક્ષર પટેલની પણ રેન્કિંગમાં મોટી સુધારણા

નવી દિલ્હી, તા.16

અફઘાનિસ્તાન સામેની T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીમાં ભારતનું પ્રભાવશાળી પ્રદર્શન તાજેતરની ICC T20 આંતરરાષ્ટ્રીય ખેલાડી રેન્કિંગમાં પ્રતિબિંબિત થયું છે. ભારતે ત્રણ મેચની શ્રેણીની પ્રથમ બે મેચ જીતીને અજેય લીડ મેળવી છે. આ બે મેચમાં ભારતીય ખેલાડીઓના પ્રદર્શનને પગલે, ઘણા ખેલાડીઓએ રેન્કિંગમાં નોંધપાત્ર છલાંગ લગાવી છે.

ડિફેન્ડિંગ T20 વર્લ્ડ કપ ચેમ્પિયન ભારતના ખેલાડીઓએ બેટિંગ અને બોલિંગ બંનેમાં પોતાની સ્થિતિ મજબૂત બનાવી છે. બેટ્સમેનોમાં અભિષેક શર્મા સૌથી વધુ ફાયદાકારક રહ્યો છે, જ્યારે વરુણ ચક્રવર્તી, જસપ્રીત બુમરાહ, અર્શદીપ સિંહ અને અક્ષર પટેલે બોલરોમાં પોતાના રેન્કિંગમાં સુધારો કર્યો છે.

અભિષેક શર્માએ અફઘાનિસ્તાન સામેની શ્રેણીની પહેલી મેચમાં 82 રનની શાનદાર ઈનિંગ રમી હતી. આ ઈનિંગથી તેને તાજેતરની T20 આંતરરાષ્ટ્રીય બેટિંગ રેન્કિંગમાં ફાયદો થયો છે. ડાબોડી બેટ્સમેન એક સ્થાન આગળ વધીને પાકિસ્તાનના સાહિબજાદા ફરહાનને પાછળ છોડીને બીજા સ્થાને પહોંચી ગયો છે. હવે ફક્ત ઈશાન કિશન તેનાથી આગળ છે. ઈશાન અને અભિષેક વચ્ચે 51 રેટિંગ પોઈન્ટનો તફાવત છે. તેથી શ્રેણીની બાકીની મેચોમાં અભિષેકનું પ્રદર્શન તેના રેન્કિંગ માટે મહત્વપૂર્ણ બની શકે છે.

ભારતીય ખેલાડીઓએ ટી20 આંતરરાષ્ટ્રીય બોલરો રેન્કિંગમાં પણ પોતાનું સ્થાન મજબૂત બનાવ્યું છે. વરુણ ચક્રવર્તીએ એક સ્થાન ઉછાળો મેળવીને ટોચના પાંચમાં પ્રવેશ કર્યો છે. તે હવે પાંચમા ક્રમે

છે. અફઘાનિસ્તાન સામેની પ્રથમ બે મેચમાં તેના પ્રદર્શને આ સુધારામાં ફાળો આપ્યો છે. જસપ્રીત બુમરાહએ પણ રેન્કિંગમાં નોંધપાત્ર છલાંગ લગાવી છે. ભારતીય ઝડપી બોલર સાત સ્થાન ઉપર ચઢીને 10મા ક્રમે પહોંચી ગયો છે.

બીજા ભારતીય ફાસ્ટ બોલર અર્શદીપ સિંહે પણ રેન્કિંગમાં નોંધપાત્ર છલાંગ લગાવી 11 સ્થાન ઉપર 14મા સ્થાને પહોંચી ગયો. ઓલરાઉન્ડર અક્ષર પટેલે પણ પોતાનું સ્થાન સુધારીને 6 સ્થાન ઉપર આવીને 27મા સ્થાને પહોંચી ગયો છે. અફઘાનિસ્તાન સામેની શ્રેણીની પ્રથમ બે મેચ પછી T20 આંતરરાષ્ટ્રીય બોલિંગ રેન્કિંગમાં સુધારો કરનારા આ પહેલા ચાર ભારતીય બોલરો છે.

અફઘાનિસ્તાનના ઓલરાઉન્ડર અઝમતુલ્લાહ ઓમરઝાઈએ રેન્કિંગમાં ધ્યાન ખેંચ્યું છે. 26 વર્ષીય ખેલાડીએ શ્રેણીની પહેલી મેચમાં અણનમ અડધી સદી ફટકારી હતી. તેની ઈનિંગ બાદ તેણે નવીનતમ T20 આંતરરાષ્ટ્રીય ઓલરાઉન્ડર રેન્કિંગમાં સુધારો કર્યો છે. ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની ત્રણ મેચની શ્રેણીની પ્રથમ બે મેચ ભારતે જીતી લીધી છે. આ પ્રદર્શનથી ભારતીય ખેલાડીઓને રેન્કિંગમાં ફાયદો થયો છે, તો અફઘાનિસ્તાનના ઓમરઝાઈએ પણ પોતાનું પ્રદર્શન સુધાર્યું છે.

તાજેતરના ICC રેન્કિંગમાં ODIમાં પણ ઘણા ફેરફારો જોવા મળ્યા છે. ઓસ્ટ્રેલિયન ખેલાડીઓને પણ ફાયદો થયો છે. ઓસ્ટ્રેલિયાએ હરારેમાં ઝિમ્બાબ્વે સામેની પહેલી મેચ 59 રનથી જીતી હતી. ફાસ્ટ બોલર નાથન એલિસે તે મેચમાં પાંચ વિકેટ લીધી હતી, જેના કારણે તે ODI બોલરોની રેન્કિંગમાં 20 સ્થાન ઉપર પહોંચી ગયો છે. ઓસ્ટ્રેલિયાના મેથ્યુ રેનશોને પણ તેના પ્રભાવ શાળી પ્રદર્શનનો ફાયદો થયો છે. તેણે તે મેચમાં 109 રન બનાવ્યા હતા અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો. આ પછી તે ટોપના 100ની બહારના સ્થાનથી કૂદકો મારીને 68મા સ્થાને પહોંચી ગયો છે. કૂપર કોનોલી પણ ODI બેટ્સમેનોની રેન્કિંગમાં નવ સ્થાન ઉપર આવ્યો છે. ઝિમ્બાબ્વે સામેની તે મેચમાં ત્રીજા નંબરે બેટિંગ કરતા તેણે 51 રન બનાવ્યા હતા અને હવે તે 77મા ક્રમે છે.

'મ્યુઝિકને બેકગ્રાઉન્ડમાં નાખીને સત્યાનાશ કરી દીધો' : ગીતકાર સમીર

બોલિવૂડના વર્તમાન મ્યુઝિક ટ્રેન્ડ મુજબ 'ધુરંધર' અને 'ચૌહાણ' સહિતની ફિલ્મોમાં જૂનાં ગીતોના ઉપયોગ પર સમીરની નારાજગી

મુંબઈ, તા.16

બોલિવૂડમાં જૂના ગીતોના રિમિક્સ અને રિક્રિએશનનો ટ્રેન્ડ વર્ષોથી જોવા મળી રહ્યો છે. જોકે, ગીતકાર સમીર હવે ફિલ્મોમાં જૂના ગીતોના ઉપયોગની રીત અને હિન્દી ફિલ્મ મ્યુઝિકની વર્તમાન સ્થિતિ અંગે નારાજગી વ્યક્ત કરી છે. એક ઇન્ટરવ્યૂમાં તેમણે કહ્યું કે જૂના અને નવા સર્જકોના અનુભવનું યોગ્ય સંયોજન કરવામાં આવે તો ફિલ્મ મ્યુઝિકને તેનો લાભ મળી શકે છે.

સમીરે કહ્યું, "જે સારી વસ્તુ હોય છે, એ જ લાંબા સમય સુધી ચાલે છે. એટલે 100 વર્ષ પછી પણ જૂનાં ગીતો સાંભળનારા લોકો હશે." તેમણે એક પ્રોડ્યુસર સાથેની વાતચીતનો ઉલ્લેખ કરતાં કહ્યું કે તેની કંપનીમાં છેલ્લા 5-6 વર્ષથી માત્ર યુવા લોકોને કામે રાખવામાં આવ્યા છે. સમીરે સવાલ કર્યો કે એક સમયે આ જ કંપની દર વર્ષે 10 સુપરહિટ આલ્બમ આપતી હતી, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં એવું કેમ નથી બન્યું?

તેમના મતે અનુભવી અને યુવા સર્જકો સાથે કામ કરે તો નવા પ્રયોગો થઈ શકે. તેમણે સચિન-જિગર સાથે 'ફાલતુ' (2011)માં કામ કરીને 'આલ્તુ જલાલ્તુ' અને 'ચાર બજે ગયે લેકિન પાર્ટી અભી બાકી હૈ' જેવા ગીતો આપવાનો ઉલ્લેખ કર્યો.

સમીરે વર્તમાન ગીતોની એકસરખી સાઉન્ડ અંગે કહ્યું કે વૈવિધ્યના અભાવે ગાયક અરિજીત સિંહ પણ કંટાળી ગયા અને ઇન્ડસ્ટ્રી છોડી દીધી હોવી જોઈએ.

'ધુરંધર' અને 'ચૌહાણ'માં જૂના ગીતોના ઉપયોગ અંગે સમીરે વધુ આકરી ટીકા કરી. તેમણે કહ્યું, "'ધુરંધર'એ તો વધુ સત્યાનાશ કરી દીધો. તેમણે મ્યુઝિકને ઉઠાવીને બેકગ્રાઉન્ડમાં નાખી દીધું." 'ચૌહાણ'ના ટીઝરમાં 'જુમ્મા ચુમ્મા' બેકગ્રાઉન્ડમાં વાગતું હોવાનો ઉલ્લેખ કરતાં તેમણે સવાલ કર્યો કે સ્ક્રીન પર એક્શન ચાલી રહ્યું હોય ત્યારે ગીતનું મહત્વ ક્યાંથી રહે છે.

'ધુરંધર ધ રિવેન્જ'માં પોતાના ગીત 'હમ પ્યાર કરને વાલે, દુનિયા સે ના ડરને વાલે'ના રિક્રિએશન અંગે પણ તેમણે કહ્યું કે સ્ક્રીન પર ગોળીઓ ચાલી રહી હોય ત્યારે ગીત ક્યાં છે તે સમજાતું નથી. સમીરે ઉમેર્યું કે હવે આ પ્રકારની પ્રથાઓ રોકવાની સ્થિતિમાં તેઓ નથી.

સમીરે આદિત્ય ચોપરા, કરણ જોહર અને સાજિદ નડિયાદવાલા જેવા મોટા બેનરો અગાઉ સારા ગીતોને પ્રોત્સાહન આપતા હોવાનો ઉલ્લેખ કરીને સવાલ કર્યો, "આ લોકોને શું થઈ ગયું?"

વિક્રમ ભટ્ટ અને હિમેશ રેશમિયાએ 13 વર્ષ બાદ હાથ મિલાવ્યા........

મસૂરીમાં શૂટ થનારી 1920 કોલ્ડ વિન્ટર પાંચમી સહિયારી ફિલ્મ બનશે

મુંબઈ, તા.16

વિક્રમ ભટ્ટની આગામી હોરર ફિલ્મ '૧૯૨૦: કોલ્ડ વિન્ટર' માટે સંગીત આપવા માટે હિમેશ રેશમિયાને કરારબદ્ધ કરી લેવામાં આવ્યા છે. છેલ્લે વિક્રમ ભટ્ટની ૨૦૧૨માં આવેલી 'ડેન્જરસ ઇશ્ક' ફિલ્મમાં હિમેશ રેશમિયાએ સંગીત આપ્યું હતું. હવે તેર વર્ષ બાદ હિમેશ રેશમિયા અને વિક્રમ ભટ્ટ ફરી સાથે કામ કરશે. '૧૯૨૦: ધ કોલ્ડ વિન્ટર' હોરર ફિલ્મનું શૂટિંગ મસુરીમાં કરવામાં આવશે. સામાન્ય રીતે વિક્રમ ભટ્ટ તેમની હોરર ફિલ્મોના શૂટિંગ ઉટીમાં કરવા માટે જાણીતાં છે પણ આ વખતે તેમણે આ ફિલ્મનું શૂટિંગ મસુરીમાં કરવાનું નક્કી કર્યું છે. આ ફિલ્મનું શૂટિંગ વર્ષના અંતે શિયાળો બેસે ત્યારે મસુરીમાં શરૂ કરવામાં આવશે.

આ હોરર ફિલ્મમાં અનન્યા પાંડે અને અહાન શેટ્ટીની જોડી જોવા મળશે.

હિમેશ રેશમિયા અને વિક્રમ ભટ્ટ અગાઉ ૨૦૦૩માં 'ફૂટપાથ', ૨૦૦૭માં 'ફિયર', ૨૦૦૭માં 'રેડ: ધ ડાર્ક સાઇડ' અને ૨૦૧૨માં 'ડેન્જરસ ઇશ્ક' ફિલ્મમાં સાથે કામ કરી ચૂક્યા છે. '૧૯૨૦: કોલ્ડ વિન્ટર' એ તેમની સહિયારી પાંચમી ફિલ્મ છે. છેલ્લે વિક્રમ ભટ્ટની ૨૦૧૨માં આવેલી 'ડેન્જરસ ઇશ્ક' ફિલ્મમાં હિમેશ રેશમિયાએ સંગીત આપ્યું હતું. હવે તેર વર્ષ બાદ હિમેશ રેશમિયા અને વિક્રમ ભટ્ટ ફરી સાથે કામ કરશે.

કિંગની રીલિઝ ડેટ બદલવાની અટકળો શાહરુખે નકારી

ફિલ્મ સેન્ડવીચ થશે તો શાહરૂખનો જવાબ, બાકી બ્રેડ પીસ કા ભી સોચો, હમ તો સેન્ટર કી ટેસ્ટી ટિક્કી હૈ

મુંબઈ, તા.16

શાહરુખ ખાનની આગામી ફિલ્મ 'કિંગ' ૨૪ ડિસેમ્બરે જ રજૂ કરવામાં આવશે તેમાં કોઈ ફેરફાર થશે નહીં. આસ્ક મી એનીથિંગ સેશન દરમ્યાન શાહરૂખ ખાને તેના પ્રશંસકોના સવાલોના જવાબમાં આ બાબત જણાવી હતી. શૂટિંગ શિડ્યુલમાં ફેરફારને કારણે આ ફિલ્મની રીલિઝ પાછી ઠેલાશે તેવી અટકળોને તેણે આમ નકારી કાઢી છે.

'કિંગ' રજૂ થવાના એક અઠવાડિયા પહેલાં હોલિવૂડની ફિલ્મો અવેન્જર્સ ડૂમ્સ ડે અને ડ્યુન થ્રી ૧૮ ડિસેમ્બરે રજૂ થવાની છે. તો ફિલ્મ રજૂ કરવાની તારીખ બદલશો તેવો એક ચાહકે સવાલ કરી ઉમેર્યું હતું કે આમાં કિંગ તો સેન્ડવીચ થઈ જશે ત્યારે શાહરુખે તેની લાક્ષણિક શૈલીમાં જવાબ આપ્યો હતો કે તારીખ નહીં જ બદલાય. બાકી બ્રેડ પીસ કા ભી તો સોચો...હમ તો સેન્ટર કી ટેસ્ટી ટિક્કી હૈં.

ફિલ્મમાં સૌથી મુશ્કેલ શું બની રહ્યું તેવા સવાલના જવાબમાં શાહરુખે જણાવ્યું હતું કે મને થોડી ઇજાઓ થઈ હતી એટલે શૂટિંગ ઘણીવાર બંધ કરવું પડ્યું હતું પણ હવે બધું તુટેલું તે સંધાઈ ગયું છે. અબરામ 'ડુમ્સ ડે' પહેલાં જોશે કે 'કિંગ' તેવા સવાલનો જવાબ આપતાં શાહરુખે જણાવ્યું, પહેલે તો બાપ હી આયેગા બેટા.

ઉલ્લેખનીય છે કે શાહરુખની દીકરી સુહાનાની કેરિયરને આગળ ધપાવવા માટે આ ફિલ્મ બનાવી છે. તેમાં અભિષેક બચ્ચન વિલનના રોલમાં હોવાનું કહેવાય છે.

'વિવાહિત પુરુષો સાથે અફેર કરતી મહિલાઓ વાહિયાત, આવા પુરુષો પણ ચરિત્ર વગરના...', અભિનેત્રીનું નિવેદન વાઈરલ....

મુંબઈ, તા.16

કાજોલની નાની બહેન અને અભિનેત્રી તનીષા મુખર્જી 48 વર્ષની ઉંમરે પણ અવિવાહિત છે અને તેણે હજુ સુધી લગ્ન કર્યા નથી. હાલમાં ડેટિંગ અને સંબંધોને લઈને તનીષા મુખર્જી દ્વારા આપવામાં આવેલા એક નિવેદનને કારણે સોશિયલ મીડિયા પર મોટી ચર્ચા શરૂ થઈ ગઈ છે. અભિનેત્રીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે જે સ્ત્રીઓ પરણિત પુરુષો સાથે સંબંધોમાં રહે છે, તેમને ક્યારેય ફેમિનિસ્ટ (નારીવાદી) ગણી શકાય નહીં.

અભિનેત્રી તનીષા મુખર્જીએ સોશિયલ મીડિયા પર પોતાના વિચારો વ્યક્ત કરતા જણાવ્યું છે કે જે મહિલાઓ પરણિત પુરુષો સાથે અફેર કરે છે તે ક્યારેય ફેમિનિસ્ટ હોતી નથી, પરંતુ વાસ્તવમાં તે મહિલાઓની જ વિરુદ્ધ હોય છે.

કોઈકના પતિ સાથે સંબંધ બાંધવો એટલે તેની પત્નીનું અપમાન કરવા બરાબર છે. આ બાબતમાં પુરુષો પણ એટલા જ દોષી છે કારણ કે તેનું ચરિત્ર ખરાબ હોય છે અને જે મહિલાઓ પરણિત પુરુષો પાછળ દોડે છે તે સંપૂર્ણપણે દુષ્ટ હોય છે. તેઓ આપણા બાળકો માટે ક્યારેય રોલ મોડેલ ન હોવી જોઈએ.'

તનીષાની આ પોસ્ટ સામે આવતા જ સોશિયલ મીડિયા પર મિશ્ર પ્રતિક્રિયાઓ જોવા મળી રહી છે. કેટલાક લોકો તેની વાત સાથે સહમત છે, તો કેટલાક તેને ખોટી ઠેરવી રહ્યા છે. એક યુઝરે પ્રતિક્રિયા આપતા લખ્યું કે, 'બીજા નજરિયાથી જોવામાં આવે તો સિંગલ મહિલાઓએ કોઈ વફાદારીના સમ ખાધા નથી હોતા, પરંતુ પરણિત પુરુષોએ જરૂર ખાધા હોય છે. તેથી પહેલાં તો પુરુષો સામે સવાલો ઉઠાવવા જોઈએ જેઓ અફેર રાખીને પોતાની પત્ની, બાળકો અને લગ્નજીવનનું અપમાન કરે છે.'

જ્યારે અન્ય એક યુઝરે કટાક્ષ કરતા લખ્યું કે, 'બોલિવૂડમાં આવા લોકોની મોટી સંખ્યા છે જેઓ ખુદ આ મામલે તેના પરિવારના સભ્યોના નામ ઘસડીને તેને વ્યક્તિગત રીતે નિશાન બનાવી રહ્યા છે. જોકે, હકીકતમાં તનીષા પોતાના પરિવારના કોઈપણ સભ્યના કાર્યો માટે જવાબદાર નથી, પછી ભલે તે વ્યક્તિ તેમના પરિવારની હોય કે ન હોય.'

રાઈડ બુકિંગમાં વધુ પૈસા ચૂકવવા દબાણના આરોપે રેપિડો પર ₹10 લાખનો દંડ......

નવી દિલ્હી, તા.16

રાઈડ-હેલિંગ પ્લેટફોર્મ રેપિડોનું સંચાલન કરતી રોપેન ટ્રાન્સપોર્ટેશન સર્વિસિસ પ્રાઈવેટ લિમિટેડ પર સેન્ટ્રલ કન્ઝ્યુમર પ્રોટેક્શન ઓથોરિટી (CCPA)એ રૂ.10 લાખનો દંડ ફટકાર્યો છે. CCPAના જણાવ્યા અનુસાર, કંપનીની એપ પર રાઈડ બુક કરતી વખતે ગ્રાહકોને રાઈડ કન્ફર્મ થાય તે પહેલાં જ વધુ પૈસા ચૂકવવા માટે પ્રેરિત કરતા મેસેજ અને ઈન્ટરફેસ ડિઝાઈનનો ઉપયોગ થતો હતો. ઓથોરિટીએ આ મામલામાં ભ્રામક જાહેરાત, અયોગ્ય વેપારી પ્રથા, અયોગ્ય કરારની શરતો અને 'ડાર્ક પેટર્ન'ના ઉપયોગ અંગે કાર્યવાહી કરી છે. CCPAએ રેપિડો કંપનીને ગ્રાહકોને વધુ રકમ ચૂકવવા તરફ દોરી જતા આવા પ્રોમ્પ્ટ અને પ્રથાઓ બંધ કરવાનો પણ નિર્દેશ આપ્યો છે.

CCPAની તપાસમાં ખાસ કરીને રાઈડ શરૂ થાય તે પહેલાં ગ્રાહકો પાસેથી વધારાની રકમ અથવા ટિપ માગવાની પદ્ધતિ અને ડાયનેમિક પ્રાઈસિંગ સાથે જોડાયેલી પ્રક્રિયાની તપાસ કરવામાં આવી હતી. ઓથોરિટીના જણાવ્યા અનુસાર રેપિડો એપ પર ગ્રાહકને શરૂઆતમાં એક ભાડું બતાવવામાં આવતું હતું. ત્યારબાદ બુકિંગ પ્રક્રિયા આગળ વધતી વખતે એપ પર એવા સંદેશા દેખાતા હતા કે વધુ કિંમત આપવાથી રાઈડ મળવાની શક્યતા વધી શકે છે. તપાસ દરમિયાન "Higher the price, higher the chance of getting a ride" અને "Captains aren't accepting at 60. Try adding +10, +20, +30" જેવા પ્રોમ્પ્ટ મળ્યા હોવાનું CCPAએ જણાવ્યું છે.

ઓથોરિટીના જણાવ્યા પ્રમાણે, એપ પહેલા ગ્રાહકને ચોક્કસ ભાડું બતાવતી હતી અને ત્યારબાદ બુકિંગ પ્રક્રિયા દરમિયાન જો ડ્રાઈવર દ્વારા તે ભાડું સ્વીકારવામાં ન આવે તો ગ્રાહકને વધુ રકમ ઉમેરવા માટે પ્રોત્સાહિત કરવામાં આવતો હતો. CCPAએ માન્યું કે આવી પ્રક્રિયાથી ગ્રાહકના મનમાં એવી છાપ ઊભી થઈ શકે છે કે જો તે વધુ પૈસા નહીં આપે તો તેને સમયસર રાઈડ નહીં મળે. ખાસ કરીને જ્યારે ગ્રાહક પહેલેથી જ બુકિંગના તબક્કે પહોંચી ગયો હોય અને રાઈડ મેળવવા માટે પ્લેટફોર્મ પર નિર્ભર હોય ત્યારે વધારાની રકમ ચૂકવવા માટેનો પ્રોમ્પ્ટ તેના નિર્ણય પર અસર કરી શકે છે.

CCPAએ આ પદ્ધતિને 'કન્ફર્મ શેમિંગ' નામના ડાર્ક પેટર્ન સાથે જોડીને જોઈ છે. ભારતમાં 2023માં ડાર્ક પેટર્નને રોકવા અને નિયંત્રિત કરવા માટે માર્ગદર્શિકા બહાર પાડવામાં આવી હતી. CCPAના જણાવ્યા પ્રમાણે, ગ્રાહક જ્યારે સેવા મેળવવા માટે બુકિંગ પ્રક્રિયાના અંતિમ તબક્કામાં પહોંચી ગયો હોય ત્યારે તેને વધુ પૈસા ન ચૂકવવા બદલ રાઈડ ગુમાવવાનો ભય અથવા તાત્કાલિકતાની લાગણી ઊભી થાય તે પ્રકારની ડિઝાઈન ગ્રાહકની પસંદગીને પ્રભાવિત કરી શકે છે.

રેપિડો એપના 'Set your price' ફીચરને લઈને પણ CCPAએ ગંભીર નોંધ લીધી છે. આ ફીચરમાં ગ્રાહક પોતાની તરફથી રાઈડ માટેની કિંમત વધારી કે ઘટાડી શકતો હતો. ઓથોરિટીના જણાવ્યા મુજબ, જ્યારે ગ્રાહક કિંમત વધારતો હતો ત્યારે "Higher chance of getting a ride" જેવો સંદેશ લીલા રંગમાં દેખાતો હતો, જ્યારે કિંમત ઘટાડતી વખતે લાલ અથવા નારંગી રંગની ચેતવણી દેખાતી હતી. એટલું જ નહીં, સ્લાઈડરમાં કિંમત વધારવા માટે વધુ જગ્યા અને ઘટાડવા માટે તુલનાત્મક રીતે ઓછી જગ્યા આપવામાં આવી હતી. CCPAએ આ ડિઝાઈનને 'Interface Interference' નામના બીજા ડાર્ક પેટર્ન તરીકે ગણાવી છે, કારણ કે તેના દૃશ્યમાન તત્વો ગ્રાહકને વધુ રકમ પસંદ કરવા તરફ દોરી શકે છે. રાઈડ શરૂ થાય તે પહેલાં ટિપ માગવાના મુદ્દે પણ CCPAએ વાંધો નોંધાવ્યો છે. ઓથોરિટીના જણાવ્યા પ્રમાણે બુકિંગ સમયે બતાવવામાં આવતું મૂળ ભાડું અંતર, મુસાફરીનો સમય, ટ્રાફિક, ટોલ અને ડ્રાઈવરને ચૂકવવાની રકમ જેવા પરિબળોને ધ્યાનમાં રાખીને નક્કી કરવામાં આવે છે. આવી સ્થિતિમાં રાઈડ શરૂ થાય તે પહેલાં એ જ મુસાફરી માટે વધારાની રકમને 'ટિપ' તરીકે રજૂ કરવાની યોગ્યતા અંગે CCPAએ પ્રશ્ન ઉઠાવ્યો છે. ઓથોરિટીએ જણાવ્યું કે ટિપ સામાન્ય રીતે સેવા પૂરી થયા બાદ ગ્રાહક પોતાની ઈચ્છાથી આપે છે અને તેને સેવા મેળવવાની શરત તરીકે રજૂ ન કરવી જોઈએ.

CCPAએ આ સંદર્ભમાં 2025ની Motor Vehicle Aggregator Guidelinesનો પણ ઉલ્લેખ કર્યો છે. ઓથોરિટીના જણાવ્યા પ્રમાણે આ માર્ગદર્શિકાઓમાં સ્વૈચ્છિક ટિપિંગની સુવિધા રાઈડ પૂર્ણ થયા પછી ઉપલબ્ધ કરાવવાની વાત છે. એટલે બુકિંગ વખતે અથવા રાઈડ શરૂ થાય તે પહેલાં ટિપનો વિકલ્પ આપવાની પદ્ધતિ અંગે CCPAએ વાંધો વ્યક્ત કર્યો છે.

બીજી તરફ, રેપિડોએ CCPA સમક્ષ પોતાની રજૂઆતમાં જણાવ્યું હતું કે એપ પર ટિપ આપવી સંપૂર્ણપણે ગ્રાહકની મરજી પર આધારિત છે. કંપનીએ એવો પણ દાવો કર્યો હતો કે ગ્રાહક વધારાની રકમ આપે કે નહીં, તેનું મેચિંગ અલ્ગોરિધમ સમાન રીતે કામ કરે છે. રેપિડોએ એપના સંદેશાઓને ડ્રાઈવર અને મુસાફર વચ્ચે વાસ્તવિક જીવનમાં થતી ભાવતાલ જેવી પ્રક્રિયા તરીકે પણ રજૂ કર્યા હતા. જોકે CCPAએ કંપનીની આ દલીલો સ્વીકારી નથી. ઓથોરિટીએ જણાવ્યું કે સમસ્યા માત્ર વધારાની રકમ ચૂકવવાના વિકલ્પમાં નહોતી, પરંતુ તે વિકલ્પ કયા સમયે અને કઈ રીતે રજૂ કરવામાં આવ્યો હતો તેમાં હતી.

શેરબજારમાં હાહાકાર મચશે!: ડોનાલ્ડ ટ્રમ્પ પછી હવે ચીન વિલન બનશે, એક્સપર્ટની ચેતવણીએ રોકાણકારોની ચિંતા વધારી

નવી દિલ્હી, તા.16

ભારતીય શેરબજારમાં સ્થિતિ સુધરવાનું નામ નથી લઈ રહી. દરરોજ બજારમાં ઘટાડો જોવા મળી રહ્યો છે. ગયા અઠવાડિયે પણ શેરબજાર ઘટીને બંધ થયું હતું અને ગઈકાલે પણ તેમાં ભારે દબાણ જોવા મળ્યું હતું. આ ઘટાડા પાછળનું એક મોટું કારણ ક્રૂડ ઓઈલના ભાવમાં ઉછાળો જોવા મળી રહ્યો છે.

આ દરમિયાન, યુબીએસ ઈન્વેસ્ટમેન્ટ બેંકના મુખ્ય વૈશ્વિક વ્યૂહરચનાકાર ભાનુ બાવેજાએ મોટા ખતરાની ચેતવણી આપી છે. તેમનું કહેવું છે કે ચીનની માગમાં ભારે ઉછાળો અને હોર્મુઝથી ઓઈ સપ્લાયમાં અવરોધને કારણે ઓઈલની કિંમતોમાં ભારે ઉછાળો આવી શકે છે. જો આવું થયું તો શેરબજારોમાં ભારે ઘટાડો જોવા મળશે. ખાસ કરીને ભારતીય બજારમાં તેની અસર વધુ દેખાઈ શકે છે, કારણ કે ભારત ઊર્જા માટે અન્ય દેશો પર નિર્ભર છે.

બાવેજાએ એક તર્ક રજૂ કરતા કહ્યું કે શરૂઆતમાં જ્યારે હોર્મુઝ બંધ થયું હતું ત્યારે એવું માનવામાં આવતું હતું કે ઓઈલની કિંમતો 200 ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચી જશે, પરંતુ આવું થયું નહીં અને તે લાંબા સમય સુધી 120 ડોલર સુધી પણ ટકી શકી નહીં. તેનું એક મહત્વપૂર્ણ કારણ ચીન હતું.

આ વર્ષની શરૂઆતમાં ચીન ઓઈલ ખરીદી રહ્યું ન હતું, જેનો અર્થ હતો કે અવરોધ હોવા છતાં ઈન્વેન્ટરીમાં ઘટાડો થયો ન હતો. હવે સ્થિતિ બદલાઈ ગઈ છે, કારણ કે ચીન ફરીથી બજારમાં આવી ગયું છે. ઓઈલની કિંમતોમાં ઘટાડાની રાહ જોતા ખરીદી ટાળનારી એરલાઈન્સ અને અન્ય કંપનીઓ પણ હવે ખરીદદાર તરીકે પાછી ફરી શકે છે. જ્યારે પુરવઠો હજુ પણ મર્યાદિત છે, જેનો અર્થ છે કે ઓઈલની કિંમતો ઉપર જવાનું નિશ્ચિત દેખાઈ રહ્યું છે.

મનીકંટ્રોલના રિપોર્ટ અનુસાર, બાવેજાએ જણાવ્યું હતું કે હોર્મુઝમાંથી દરરોજ લગભગ 20 મિલિયન બેરલ ક્રૂડ ઓઈલ અને અન્ય ઉત્પાદનો પસાર થતા હતા, પરંતુ બંધ થયા પછી ગુપ્ત રીતે જહાજો પસાર થઈ રહ્યા છે અને તે માત્ર એક તૃતીયાંશ એટલે કે લગભગ 6 મિલિયન બેરલ જ પસાર થઈ રહ્યું છે. આવી સ્થિતિમાં, 14 મિલિયન બેરલ ઓઈલ હજુ પણ આ માર્ગેથી આવી શકતું નથી.

આ કારણે બજારમાં ઘણું દબાણ આવી શકે છે. તેમણે આગળ કહ્યું કે આ અવરોધ એક એવું જોખમ છે, જેના વિશે દરેક ભારતીય અને વૈશ્વિક બંને બજારોના રોકાણકારોને ખાસ કરીને સાવચેત રહેવાની જરૂર છે. બીજો ફેરફાર એ છે કે બજારને એવો અહેસાસ થવા લાગ્યો છે કે અમેરિકી પ્રશાસન એકલા આ અવરોધને હલ કરી શકશે નહીં. જોકે, બજારો પર દબાણ આવતા વ્હાઈટ હાઉસ માટે ટેરિફ અથવા અન્ય નીતિઓને ઉલટાવવું સરળ બની શકે છે. નિષ્ણાતોએ એમ પણ કહ્યું કે શેરબજાર હાલમાં બરાબર ચાલી રહ્યું છે, પરંતુ એક ડર પ્રવર્તી રહ્યો છે.

EUના ગુણવત્તા ધોરણો પૂર્ણ કરવામાં ભારતીય ચોખાના શિપમેન્ટ નિષ્ફળ

- **આ સંદર્ભમાં પાકિસ્તાન પ્રથમ ક્રમે, તેના ૫૫ કન્સાઈનમેન્ટ અટકાવાયા, ભારતના ૫૨**

અમદાવાદ, તા.16

યુરોપિયન યુનિયન (ઈયુ) બજાર ભારતીય ચોખા નિકાસકારો માટે એક મોટો પડકાર બની રહ્યું છે. ઘણા ભારતીય ચોખાના શિપમેન્ટ ઈયુના કડક ગુણવત્તા અને ખાદ્ય સુરક્ષા ધોરણોને પૂર્ણ કરવામાં નિષ્ફળ રહ્યા છે. નોંધનીય છે કે, દેશમાં ચોખાની નિકાસનું નિરીક્ષણ કરતી બે મુખ્ય એજન્સીઓ, કૃષિ અને પ્રક્રિયા કરેલ ખાદ્ય ઉત્પાદનો નિકાસ વિકાસ સત્તામંડળ (એપેડા) અને નિકાસ નિરીક્ષણ પરિષદ વચ્ચે જવાબદારીના સ્પષ્ટ રેખાંકનનો અભાવ પણ સમસ્યાનું મુખ્ય કારણ માનવામાં આવે છે.

જુલાઈ ૨૦૨૬માં ઈન્ડિયન કાઉન્સિલ ફોર રિસર્ચ ઓન ઈન્ટરનેશનલ ઈકોનોમિક રિલેશન્સ દ્વારા પ્રકાશિત એક કાર્યકારી પત્ર અનુસાર, ભારતે ૨૦૨૫માં ઈયુને આશરે ૪૭૪,૦૦૦ ટન ચોખાની નિકાસ કરી હતી. તેમાંથી ૫૨ કન્સાઈનમેન્ટ અટકાવવામાં આવ્યા હતા. ચોખા સપ્લાય કરતા મુખ્ય દેશોમાં, ભારત આ સંદર્ભમાં પાકિસ્તાન પછી બીજા ક્રમે છે, જ્યાં ૫૫ કન્સાઈનમેન્ટ અટકાવવામાં આવ્યા હતા.

ભારતીય ચોખાના માલને નકારવાનું એક સૌથી સામાન્ય કારણ જંતુનાશકોના અવશેષોની હાજરી છે, જે ઈયુમાં પ્રતિબંધિત છે પરંતુ ભારતમાં હજુ પણ ઉપયોગમાં લેવાય છે. વધુમાં, કેટલાક કિસ્સાઓમાં ચોખાના અયોગ્ય સંગ્રહ અને લણણી પછીના સંચાલનને કારણે ફૂગ સંબંધિત સમસ્યાઓ પણ નોંધાઈ છે.

ચોખાના નિકાસકારો કહે છે કે તેઓએ સરકારને વારંવાર વિનંતી કરી છે કે તેઓ ચોખાના ઉત્પાદનમાં જંતુનાશકોના ઉપયોગ પર પ્રતિબંધ મૂકે જે ઈયુ ધોરણો હેઠળ સમસ્યાઓ ઊભી કરી શકે છે. જોકે, અત્યાર સુધી કોઈ નક્કર પ્રતિભાવ મળ્યો નથી. ભારતનો ૯૨% વેપાર બાસમતી ચોખા પર આધાર રાખે છે.

એપેડા અને નિકાસ નિરીક્ષણ પરિષદ બંને ચોખાની નિકાસ પર દેખરેખ રાખવામાં ભૂમિકા ભજવે છે, પરંતુ તેમના કાર્યો સંપૂર્ણપણે અલગ નથી. એપેડા મુખ્યત્વે નિકાસને પ્રોત્સાહન આપવા અને ટ્રેસેબિલિટી સિસ્ટમ ચલાવવા માટે કામ કરે છે. બીજી બાજુ, નિકાસ નિરીક્ષણ પરિષદ નિરીક્ષણ અને પ્રમાણપત્રમાં સામેલ છે. આનો અર્થ એ છે કે નિકાસ નિરીક્ષણ પરિષદ ભારતમાંથી નિકાસ માટે યોગ્ય કન્સાઈન્મેન્ટ જાહેર કરવા માટે જવાબદાર છે.

ઇમરજન્સી કે મહામારીમાં EPF કપાશે નહીં, પગારમાં મળશે: ત્રણ મહિના માટે નિયમ લાગુ થશે, જાણો પગાર-પેન્શન પર શું અસર થશે

નવી દિલ્હી, તા.16

કેન્દ્ર સરકારે કર્મચારીઓના પ્રોવિડન્ટ ફંડ (EPF)ને લઈને નવી જોગવાઈ રજૂ કરી છે, જેનો ઉપયોગ દેશ અથવા કોઈ ચોક્કસ વિસ્તાર મહામારી, સ્થાનિક રોગચાળો કે કુદરતી આફત જેવી અસાધારણ પરિસ્થિતિનો સામનો કરી રહ્યો હોય ત્યારે કરી શકાશે. EPF સ્કીમ-2026 હેઠળ સરકારને એવી કટોકટીની સ્થિતિમાં કર્મચારી તથા નિયોક્તાના PF યોગદાનને એક વખતમાં વધુમાં વધુ ત્રણ મહિના માટે ઘટાડવાની અથવા ચોક્કસ સમયગાળા માટે મુલતવી રાખવાની સત્તા આપવામાં આવી છે. આ રાહત સમગ્ર દેશ માટે અથવા કોઈ ચોક્કસ રાજ્ય, વિસ્તાર કે પ્રદેશ પૂરતી મર્યાદિત પણ રાખી શકાય છે. જોકે, આ જોગવાઈનો અર્થ એવો નથી કે સામાન્ય દિવસોમાં કર્મચારીઓની PF કપાત આપમેળે ઘટી જશે.

હાલ સામાન્ય સ્થિતિમાં લાગુ પડતા નિયમો મુજબ કર્મચારીના મૂળ વેતન અને સંબંધિત ઘટકોના આધારે EPFમાં સામાન્ય રીતે 12 ટકા યોગદાન કરવામાં આવે છે. કેટલીક અધિસૂચિત સંસ્થાઓ માટે યોગદાનનો દર 10 ટકા હોઈ શકે છે. નવી જોગવાઈને એક પ્રકારની ઈમરજન્સી પાવર તરીકે જોવામાં આવી રહી છે. એટલે કે સરકાર જ્યાં સુધી મહામારી, રાષ્ટ્રીય આપત્તિ અથવા અન્ય નિર્ધારિત કટોકટીની સ્થિતિ જાહેર કરીને અલગથી નોટિફિકેશન બહાર પાડશે નહીં, ત્યાં સુધી સામાન્ય PF યોગદાનના નિયમોમાં કોઈ ફેરફાર થશે નહીં. કર્મચારી કે કંપની પોતાની રીતે PFનો દર ઘટાડી શકશે નહીં.

આ જોગવાઈનો મુખ્ય હેતુ અસાધારણ સંકટ દરમિયાન કર્મચારીઓ અને કંપનીઓ પર પડતા તાત્કાલિક નાણાકીય બોજને ઘટાડવાનો છે. કોવિડ-19 મહામારી દરમિયાન પણ કેન્દ્ર સરકારે મે, જૂન અને જુલાઈ 2020 માટે કર્મચારી તથા નિયોક્તાના PF યોગદાનનો દર 12 ટકાથી ઘટાડીને 10 ટકા કર્યો હતો. તે સમયે કર્મચારીઓના હાથમાં વધુ રોકડ રહે અને કંપનીઓને પણ નાણાકીય રાહત મળે તે માટે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. હવે EPF સ્કીમ-2026માં આવી પરિસ્થિતિ માટે કાયદાકીય માળખું સ્પષ્ટ

કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે, જેથી ભવિષ્યમાં કોઈ મોટી કટોકટી ઊભી થાય ત્યારે સરકાર પાસે ઝડપી રાહત આપવાનું સત્તાવાર સાધન ઉપલબ્ધ રહે.

જો કટોકટી દરમિયાન સરકાર PF યોગદાનનો દર ઘટાડવાનો નિર્ણય લે છે, તો તેની સીધી અસર કર્મચારીની ટેક-હોમ સેલરી પર પડશે. ઉદાહરણ તરીકે, કોઈ કર્મચારીના પગારમાંથી સામાન્ય રીતે દર મહિને રૂ.6,000 PF તરીકે કપાય છે અને સરકાર ત્રણ મહિના માટે યોગદાન ઘટાડીને રૂ.5,000 કરે છે, તો કર્મચારીના હાથમાં દર મહિને રૂ.1,000 વધુ રહેશે. ત્રણ મહિનાના સમયગાળામાં તેની ઈન-હેન્ડ સેલરીમાં કુલ રૂ.3,000નો વધારો થઈ શકે છે. કટોકટી દરમિયાન પરિવારના દૈનિક ખર્ચ, લોનની EMI અથવા અન્ય જરૂરી ખર્ચ માટે આ વધારાની રોકડ ઉપયોગી બની શકે છે.

પરંતુ PF યોગદાનમાં ઘટાડાનો બીજો પાસો નિવૃત્તિ બચત સાથે જોડાયેલો છે. કર્મચારીના PF ખાતામાં ઓછા પૈસા જમા થશે તો લાંબા ગાળે તેના પર મળતું વ્યાજ પણ ઓછું થશે. PFમાં જમા થતી રકમ પર સમય સાથે ચક્રવૃદ્ધિ અસર થતી હોવાથી થોડા સમય માટે કરવામાં આવેલો ઘટાડો સામાન્ય રીતે તાત્કાલિક મોટો ફેરફાર ન કરે, પરંતુ લાંબા ગાળે નિવૃત્તિના કુલ કોર્પસ પર તેની અસર પડી શકે છે. એટલે કે ઈમરજન્સી દરમિયાન હાથમાં વધતી સેલરી અને ભવિષ્યની નિવૃત્તિ બચત વચ્ચે સંતુલનનો મુદ્દો ઊભો થશે.

નવી જોગવાઈમાં PF યોગદાન ઘટાડવા અને PF યોગદાન મુલતવી રાખવા વચ્ચે પણ તફાવત મહત્વનો છે. જો સરકાર યોગદાનનો દર ઘટાડે છે, તો નિર્ધારિત સમયગાળા દરમિયાન ઓછું યોગદાન કરવામાં આવશે અને તે ઘટાડેલી રકમને સામાન્ય રીતે પછીથી ભરવાની જરૂરિયાત રહેશે નહીં. બીજી તરફ, જો યોગદાનને માત્ર મુલતવી રાખવામાં આવે, તો સંકટ દરમિયાન ચુકવણી રોકી શકાય છે, પરંતુ સંબંધિત નિયમો અને સરકારના આદેશ મુજબ બાકી રકમ પછીથી જમા કરાવવાની જરૂર પડી શકે છે. તેથી કોઈપણ કટોકટી દરમિયાન સરકાર દ્વારા બહાર પાડવામાં આવતું નોટિફિકેશન કર્મચારીઓ માટે સૌથી મહત્વપૂર્ણ રહેશે.

આ સત્તાનો ઉપયોગ સરકાર સામાન્ય દિવસોમાં પોતાની મરજીથી PFના દરમાં ફેરફાર કરવા માટે કરી શકશે નહીં. જોગવાઈનો હેતુ મહામારી, સ્થાનિક રોગચાળો, રાષ્ટ્રીય આપત્તિ અથવા સરકાર દ્વારા નિર્ધારિત અન્ય અસાધારણ પરિસ્થિતિમાં રાહત આપવાનો છે. આવી સ્થિતિ સર્જાય ત્યારે સરકાર નોટિફિકેશન દ્વારા નક્કી કરશે કે રાહત કયા વિસ્તાર માટે અને કેટલા સમય માટે લાગુ પડશે. એટલે કોઈ એક રાજ્યમાં ગંભીર પરિસ્થિતિ હોય તો રાહત સમગ્ર દેશને બદલે માત્ર તે રાજ્ય અથવા ચોક્કસ વિસ્તારમાં પણ લાગુ થઈ શકે છે. આ નિયમનો લાભ માત્ર કર્મચારીને જ નહીં પરંતુ નિયોક્તાને પણ મળી શકે છે.

સોના-ચાંદીના ભાવમાં ફરી તેજી, સોનું ₹1.52 લાખ અને ચાંદી ₹2.29 લાખે પહોંચી

મુંબઈ, તા.16

વૈશ્વિક બજારોના સંકેતો અને રોકાણકારોની ખરીદી વચ્ચે આજે બુધવારે સોના-ચાંદીના ભાવમાં ફરી તેજી જોવા મળી છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA)ના આંકડા અનુસાર 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ આજે રૂ.992 વધીને રૂ.1,51,894 પર પહોંચી ગયો છે. બીજી તરફ એક કિલો ચાંદીના ભાવમાં રૂ.2,418નો વધારો થયો છે અને ચાંદી રૂ.2,31,159 પ્રતિ કિલોના સ્તરે પહોંચી છે. સોના-ચાંદીના ભાવમાં છેલ્લા કેટલાક દિવસોથી સતત ઉતાર-ચઢાવ જોવા મળી રહ્યો છે અને એક દિવસના ઘટાડા બાદ આજે બંને કિંમતી ધાતુઓમાં ફરી ખરીદી જોવા મળી છે. આ પહેલા મંગળવારે સોના અને ચાંદીના ભાવમાં ઘટાડો નોંધાયો હતો. 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ રૂ.1,036 ઘટીને આશરે રૂ.1.51 લાખ પર આવી ગયો હતો, જ્યારે એક કિલો ચાંદીનો ભાવ રૂ.179 ઘટીને રૂ.2.29 લાખની આસપાસ રહ્યો હતો. જોકે, એક દિવસના ઘટાડા બાદ આજે ફરી ભાવમાં વધારો થતાં રોકાણકારો અને બજારના વેપારીઓની નજર હવે આગામી દિવસોમાં કિંમતી ધાતુઓના વલણ પર છે.

કેરેટ પ્રમાણે જોવામાં આવે તો આજે 24 કેરેટ સોનાનો ભાવ રૂ.1,51,894 પ્રતિ 10 ગ્રામ છે. 22 કેરેટ સોનું રૂ.1,39,135, 18 કેરેટ સોનું રૂ.1,13,921 અને 14 કેરેટ સોનું રૂ.88,858 પ્રતિ 10 ગ્રામના સ્તરે છે. આ ભાવોમાં કેરેટ પ્રમાણે મોટો તફાવત જોવા મળે છે, કારણ કે સોનાની શુદ્ધતા પ્રમાણે તેની કિંમત નક્કી કરવામાં આવે છે. જ્વેલરી ખરીદતી વખતે ગ્રાહકો માટે કેરેટની સાથે બિલમાં સોનાની શુદ્ધતા અને અન્ય ચાર્જની વિગતો તપાસવી પણ મહત્વપૂર્ણ બની રહે છે. દેશના મોટા શહેરોમાં પણ સોનાના ભાવમાં થોડો તફાવત જોવા મળી રહ્યો છે. 16 સપ્ટેમ્બર 2026ના ઉપલબ્ધ ભાવ મુજબ અમદાવાદમાં 10 ગ્રામ 24 કેરેટ સોનાનો ભાવ રૂ.1,53,490 છે. મુંબઈ અને કોલકાતામાં આ ભાવ રૂ.1,53,440ની આસપાસ છે. જયપુરમાં રૂ.1,53,590, ભોપાલમાં રૂ.1,53,490, પટનામાં રૂ.1,53,490, લખનઉમાં રૂ.1,53,590, રાયપુરમાં રૂ.1,53,440 અને દિલ્હીમાં રૂ.1,53,590 પ્રતિ 10 ગ્રામનો ભાવ નોંધાયો છે. શહેર પ્રમાણે ભાવમાં થોડો ફેરફાર સ્થાનિક કર, માંગ, જ્વેલર્સના ચાર્જ અને અન્ય બજાર પરિબળોના કારણે થઈ શકે છે.

ચાલુ વર્ષ દરમિયાન સોના-ચાંદીના ભાવમાં નોંધપાત્ર ઉતાર-ચઢાવ જોવા મળ્યો છે. 31 ડિસેમ્બર 2025ના રોજ 10 ગ્રામ સોનાનો ભાવ રૂ.1,33,195 હતો, જે હવે વધીને રૂ.1,51,894 થયો છે. એટલે કે વર્ષના અંતથી અત્યાર સુધીમાં સોનાના ભાવમાં આશરે રૂ.18,700નો વધારો નોંધાયો છે. બીજી તરફ 31 ડિસેમ્બર 2025ના રોજ એક કિલો ચાંદીનો ભાવ રૂ.2,30,420 હતો, જે 16 સપ્ટેમ્બર 2026ના રોજ રૂ.2,31,159 પર પહોંચ્યો છે. એટલે ચાંદીમાં આ સમયગાળા દરમિયાન વધારો પ્રમાણમાં મર્યાદિત રહ્યો છે, જોકે વચ્ચે તેના ભાવમાં ભારે ઉછાળો અને ઘટાડો બંને જોવા મળ્યા છે.

આ વર્ષે કિંમતી ધાતુઓએ અનેક વખત નવી ઊંચી સપાટી પણ બનાવી છે. 29 જાન્યુઆરી 2026ના રોજ સોનાનો ભાવ આશરે રૂ.1.76 લાખ પ્રતિ 10 ગ્રામ અને ચાંદીનો ભાવ રૂ.3.86 લાખ પ્રતિ કિલોની ઐતિહાસિક ઊંચી સપાટીએ પહોંચ્યો હતો. ત્યારબાદ બંને ધાતુઓના ભાવમાં નોંધપાત્ર ઘટાડો થયો હતો અને ત્યારથી બજારમાં સતત વધઘટ જોવા મળી રહી છે. માર્ચથી ઓગસ્ટ દરમિયાન પણ સોના અને ચાંદીના ભાવમાં અલગ-અલગ તબક્કે તેજી અને મંદી જોવા મળી હતી. માસિક ભાવના આંકડા પર નજર કરીએ તો 31 જાન્યુઆરીએ સોનું રૂ.1,65,795 અને ચાંદી રૂ.3,39,350ના સ્તરે હતી. ફેબ્રુઆરીના અંતે સોનું રૂ.1,50,997 અને ચાંદી રૂ.2,66,700 પર આવી હતી. માર્ચના અંતે સોનું રૂ.1,46,733 અને ચાંદી રૂ.2,30,135 રહી હતી. એપ્રિલમાં સોનું રૂ.1,50,263 અને ચાંદી રૂ.2,40,331 સુધી પહોંચી હતી. મે મહિનાના અંતે સોનું રૂ.1,56,463 અને ચાંદી રૂ.2,63,350 પર હતી. જૂનના અંતે બંનેમાં ઘટાડો થતાં સોનું રૂ.1,41,286 અને ચાંદી રૂ.2,25,425 રહી હતી. જુલાઈના અંતે સોનું રૂ.1,42,860 અને ચાંદી રૂ.2,18,295 હતી, જ્યારે ઓગસ્ટના અંતે સોનું ફરી વધીને રૂ.1,55,835 અને ચાંદી રૂ.2,37,199 પર પહોંચી હતી. હવે 16 સપ્ટેમ્બરના રોજ સોનું રૂ.1,51,894 અને ચાંદી રૂ.2,31,159ના સ્તરે છે.

બજારના નિષ્ણાતોના જણાવ્યા અનુસાર આગામી દિવસોમાં સોના-ચાંદીના ભાવમાં ઉતાર-ચઢાવ ચાલુ રહી શકે છે. ખાસ કરીને અમેરિકાની ફેડરલ રિઝર્વની વ્યાજદર અંગેની નીતિ અને તેના સંકેતો વૈશ્વિક કિંમતી ધાતુઓના બજાર માટે મહત્વપૂર્ણ રહેશે. વ્યાજદર અંગે અનિશ્ચિતતા રહે તો રોકાણકારોની નજર સોના તરફ રહી શકે છે. બીજી તરફ વ્યાજદર, ડોલરની મજબૂતી અને વૈશ્વિક બજારમાં રોકાણકારોના જોખમ લેવાના વલણમાં ફેરફાર થાય તો સોના-ચાંદીના ભાવ પર દબાણ પણ જોવા મળી શકે છે.

શેરબજારમાં તેજી, સેન્સેક્સ 400 પોઈન્ટ ઉછળ્યો, નિફ્ટી 23,250ની સપાટીએ.....

મુંબઈ, તા.16

ભારતીય શેરબજારમાં આજે બુધવારે તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. સપ્તાહના મધ્યમાં બજારમાં ખરીદીનું વલણ મજબૂત બનતાં સેન્સેક્સમાં આશરે 400 પોઈન્ટનો ઉછાળો નોંધાયો છે અને તે 74,400ની આસપાસ કારોબાર કરી રહ્યો છે. બીજી તરફ નિફ્ટીમાં પણ લગભગ 130 પોઈન્ટનો વધારો જોવા મળ્યો છે અને ઈન્ડેક્સ 23,250ની સપાટીએ પહોંચી ગયો છે. બજારમાં ખાસ કરીને FMCG અને ઓટોમોબાઈલ ક્ષેત્રના શેરોમાં ખરીદીનું પ્રમાણ વધુ જોવા મળી રહ્યું છે, જેના કારણે મુખ્ય સૂચકાંકોને ટેકો મળ્યો છે.

બજારના આજના કારોબારમાં રોકાણકારો દ્વારા પસંદગીના ક્ષેત્રોમાં ખરીદી કરવામાં આવી રહી છે. FMCG શેરોમાં વધતી ખરીદી વચ્ચે આ ક્ષેત્રના શેરોમાં હકારાત્મક વલણ જોવા મળ્યું છે. ઓટો સેક્ટરના શેરોમાં પણ રોકાણકારોનો રસ વધ્યો છે. બજારમાં કેટલાક પસંદગીના શેરોમાં ખરીદી વધતા સેન્સેક્સ અને નિફ્ટીને ઉપર જવામાં મદદ મળી છે. જોકે, વૈશ્વિક બજારોના મિશ્ર સંકેતો અને વિદેશી રોકાણકારોની સતત વેચવાલી વચ્ચે સ્થાનિક બજારમાં તેજી કેટલો સમય ટકી રહે

છે તેના પર રોકાણકારોની નજર રહેશે. એશિયન બજારોની વાત કરવામાં આવે તો આજે વિવિધ બજારોમાં મિશ્ર કારોબાર જોવા મળી રહ્યો છે. દક્ષિણ કોરિયાનો કોસ્પી ઈન્ડેક્સ 33 પોઈન્ટ એટલે કે 0.84 ટકા વધીને 6,683ની સપાટીએ પહોંચ્યો છે. બીજી તરફ જાપાનનો નિકેઈ 88 પોઈન્ટ એટલે કે 0.14 ટકા ઘટીને 63,396 પર કારોબાર કરી રહ્યો છે. હોંગકોંગનો હેંગસેંગ પણ 20 પોઈન્ટ એટલે કે 0.08 ટકા ઘટાડા સાથે 24,647ની આસપાસ રહ્યો છે. એશિયન બજારોના આ મિશ્ર વલણ વચ્ચે ભારતીય બજારમાં સ્થાનિક ખરીદીએ તેજીને ટેકો આપ્યો છે.

અમેરિકન શેરબજારમાં મંગળવારના કારોબારમાં ઘટાડો નોંધાયો હતો. ડાઉ જોન્સ 328 પોઈન્ટ એટલે કે 0.63 ટકા ઘટીને 52,093 પર બંધ થયો હતો. નાસ્ડેકમાં 205 પોઈન્ટ એટલે કે 0.78 ટકાનો ઘટાડો નોંધાયો હતો અને તે 25,982ના સ્તરે રહ્યો હતો. જ્યારે S&P 500 ઈન્ડેક્સ 34 પોઈન્ટ એટલે કે 0.45 ટકા ઘટીને 7,586 પર બંધ થયો હતો. અમેરિકન બજારોમાં આવેલા ઘટાડાની અસર વૈશ્વિક બજારોના સેન્ટિમેન્ટ પર જોવા મળી રહી છે, તેમ છતાં ભારતીય બજારમાં આજે સ્થાનિક સ્તરે ખરીદીનું વલણ મજબૂત રહ્યું છે. આ દરમિયાન વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી ભારતીય શેરબજાર માટે ચિંતાનો મુદ્દો બની રહી છે. ઉપલબ્ધ આંકડા પ્રમાણે છેલ્લા સાત દિવસમાં વિદેશી રોકાણકારોએ ભારતીય શેરબજારમાંથી રૂ. 4,347 કરોડના શેરનું નેટ વેચાણ કર્યું છે. છેલ્લા 30 દિવસના આંકડા પર નજર કરીએ તો FII અને FPI દ્વારા કુલ રૂ. 11,512 કરોડની નેટ વેચવાલી નોંધાઈ છે. વિદેશી રોકાણકારોની સતત વેચવાલી વચ્ચે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો બજારને ટેકો આપી રહ્યા છે. સ્થાનિક સંસ્થાકીય રોકાણકારો એટલે કે DIIએ પણ બજારમાં પોતાની ખરીદી જાળવી રાખી છે. છેલ્લા સાત દિવસમાં DII દ્વારા રૂ. 5,680 કરોડની નેટ ખરીદી કરવામાં આવી છે, જ્યારે છેલ્લા 30 દિવસમાં સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની નેટ ખરીદી રૂ. 63,787 કરોડ સુધી પહોંચી છે.

શીલજ હિટ એન્ડ રન કેસ: પોલીસે આરોપીને રાજસ્થાનના ડુંગરપુરથી દબોચ્યો, પતિએ હાથ જોડી માંગ્યો હતો ન્યાય

અમદાવાદ, તા.16

અમદાવાદના શીલજ કેનાલ રોડ પર ગત 11 સપ્ટેમ્બરના મોડી રાત્રે બેફામ ટુ વ્હીલરની ટક્કરથી એક્સેસ લઈને જતી 29 વર્ષીય નવપરિણીત નિશિ દરજીનું મોત નીપજ્યું હતું. આ ઘટના સંદર્ભે બોપલ પોલીસ સ્ટેશનમાં ટુ વ્હીલર ચાલક સામે ગુનો નોંધાયો હતો. તેવામાં પત્નીના મોત બાદ પતિએ ન્યાયની માગ કરતો ભાવુક વીડિયો સોશિયલ મીડિયામાં શેર કર્યો હતો. આમ, શીલજ હિટ એન્ડ રન કેસ મામલે બોપલ પોલીસે આરોપી સુનિલ પરમારની રાજસ્થાનના ડુંગરપુરથી ધરપકડ કરીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.

આ ગુનાની તપાસ દરમિયાન પોલીસે સીસીટીવી ફૂટેજ અને સાક્ષીઓના આધારે અકસ્માત સર્જનાર આરોપીની ઓળખ 19 વર્ષીય સુનિલ ઉર્ફે સુણકો ગણેશ પરમાર તરીકે કરી હતી. અકસ્માત બાદ આરોપી સારવાર અર્થે સોલા સિવિલ હોસ્પિટલમાં દાખલ હતો, જ્યાંથી તે ડૉક્ટરની રજા લીધા વિના જ ફરાર થઈ ગયો હતો. ત્યારબાદ બોપલ પોલીસે ટીમો બનાવીને તપાસ હાથ ધરી હતી અને ફરાર આરોપી સુનિલને તેના વતન રાજસ્થાનના ડુંગરપુર ખાતેથી ઝડપી પાડી આજે(16 સપ્ટેમ્બર) સવારે તેની સત્તાવાર ધરપકડ કરી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ તપાસમાં સામે આવ્યું કે, આરોપીનું સુનિલ મૂળ રાજસ્થાનના ડુંગરપુર જિલ્લાનો નિવાસી છે અને છેલ્લા 3 વર્ષથી અમદાવાદના થલતેજ વિસ્તારમાં ઘરઘાટી તરીકે કામ કરે છે. ઘટનાની રાત્રે સુનિલ પોતાનું કામ પૂરું કરીને મિત્રનું બાઈક લઈને સિગરેટ પીવા નીકળ્યો હતો, જેની પાછળ તેનો મિત્ર જીતેન્દ્ર મીણા પણ સવાર હતો, અને તેણે ઉતાવળમાં ફુલ સ્પીડમાં બાઈક હંકાવ્યું હતું.

અકસ્માત થયા બાદ આરોપી 108 એમ્બ્યુલન્સમાં સોલા સિવિલ હોસ્પિટલ ખાતે દાખલ થયો હતો. પણ પોતે ખૂબ ડરી ગયો હોવાથી ડૉક્ટરની પરમિશન કે કોઈને જાણ કર્યા વગર જ અધૂરી સારવાર છોડીને પોતાના મિત્રના ઘરે અને ત્યાંથી રાજસ્થાનમાં પોતાના વતન ભાગી ગયો હતો. સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ અમે ફોરેન્સિક તપાસ માટે મોકલી આપ્યા છે. પ્રાથમિક અનુમાન મુજબ, બાઈકની સ્પીડ 80થી 100 વચ્ચે હોઈ શકે છે, પરંતુ ચોક્કસ ઝડપ એફએસએલનો રિપોર્ટ આવ્યા બાદ જ કહી શકાશે.

શીલજ ડી.પી.એસ. કેનાલ રોડ પર માધવ અધવેદ કોમ્પ્લેક્સ પાસે ગરબા ક્લાસ પૂર્ણ કરી પતિ-પત્ની અલગ અલગ ટુ-વ્હીલરથી ઘરે પરત ફરી રહ્યા હતા ત્યારે બે મહિના પહેલાં જ પરણેલી નવવધૂનો અકસ્માત સર્જાયો હતો. અકસ્માતમાં ટક્કર એટલી પ્રચંડ હતી કે નવવધૂ વાહન સાથે 10 ફૂટ સુધી ઢસડાઈ હતી. અકસ્માત સર્જી બાઈકચાલક વાહન સ્થળ પર જ મૂકી ફરાર થઈ ગયો હતો. સમગ્ર ઘટના સીસીટીવીમાં કેદ થઈ હતી.

બોપલ ખાતે રહેતા અને વ્યવસાયે કોરિયોગ્રાફર હાર્દિક દરજી હાલ સાયન્સ સિટી ખાતે બ્લૂમિંગ કેમ્પમાં ગરબા ક્લાસ ચલાવે છે. બે મહિના પૂર્વે જ તેમના લગ્ન વસ્ત્રાપુરની નિશિ સાથે થયા હતા. 11 સપ્ટેમ્બરે ક્લાસ પૂર્ણ કર્યા બાદ હાર્દિક પોતાના બાઈક પર અને નિશિ એક્સેસ પર ઘર તરફ નીકળ્યા હતા. આ દરમિયાન ડી.પી.એસ. કેનાલ રોડ પર માધવ અધવેદ કોમ્પ્લેક્સ પાસે રોડ ક્રોસ કરતી વેળાએ પૂરપાટ ઝડપે આવેલા બાઈકે નિશિના વાહનને અડફેટે લીધું હતું. આ ગમખ્વાર અકસ્માતમાં નિશિને માથા તેમજ શરીરના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી.

AMCમાં નિવૃત્ત કર્મચારીઓની પુનઃનિયુક્તિ સામે કોંગ્રેસનો વિરોધ

■ **યુવાનોની કાયમી ભરતી કરવાને બદલે નિવૃત્ત કર્મચારીઓને કોન્ટ્રાક્ટ પર રાખવાનો આક્ષેપ, કોંગ્રેસે વિગતો જાહેર કરી**

અમદાવાદ, તા.16

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા તેની સંલગ્ન વિવિધ સંસ્થાઓમાં નિવૃત્ત થઈ ચૂકેલા વર્ગ-૧થી ૪ના અધિકારીઓ અને કર્મચારીઓને કોન્ટ્રાક્ટ આધારિત પુનઃનિયુક્તિ આપવામાં આવતી હોવાના આક્ષેપ સાથે અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિના પ્રવક્તા એડવોકેટ અતિક સૈયદએ આ મુદ્દે નિવૃત્ત કર્મચારીઓની પુનઃનિયુક્તિ, કોન્ટ્રાક્ટ પ્રથા અને યુવાનોની ભરતી અંગે સવાલો ઉઠાવ્યા છે.

AMCની સંલગ્ન સંસ્થાઓમાં નિવૃત્તિ બાદ પણ કેટલાક અધિકારીઓ-કર્મચારીઓને કોન્ટ્રાક્ટના આધારે પુનઃ નોકરી પર રાખવામાં આવ્યા છે. કોંગ્રેસે દાવો કર્યો છેકે આ રીતે નિવૃત્ત કર્મચારીઓને ફરી જવાબદારી સોંપવાને બદલે ખાલી જગ્યાઓ પર લાયક અને બેરોજગાર યુવાનોની ભરતી કરવામાં આવે તે જરૂર છે.

કોંગ્રેસ દ્વારા આપવામાં આવેલી વિગતોમાં સાબરમતી રિવરફ્રન્ટ, SVP હોસ્પિટલ, નરેન્દ્ર મોદી મેડિકલ કોલેજ, AMC-MET, નગરી હોસ્પિટલ, એલ.જી. હોસ્પિટલ, નગર સ્કૂલ બોર્ડ, NHL મેડિકલ કોલેજ અને સ્કૂલ બોર્ડ સહિતની સંસ્થાઓમાં નિવૃત્ત કર્મચારીઓની કોન્ટ્રાક્ટ આધારિત નિમણૂકના નામો રજૂ કરવામાં આવ્યા છે.

કોંગ્રેસે ખાસ કરીને શેઠ એમ.જે. પુસ્તકાલય અંગે RTI મારફતે મળેલી વિગતોનો ઉલ્લેખ કર્યો છે. કોંગ્રેસના જણાવ્યા પ્રમાણે, અશોકકુમાર વર્મા નામના મશીન ઓપરેટરને 4 જૂન 2019થી 6 માર્ચ 2024 સુધી કોન્ટ્રાક્ટ લંબાવી 12,હજારથી વધારી 16,હજાર માસિક પગાર ચૂકવાયો હતો. રમેશભાઈ એમ. ચૌહાણને 14 ઓક્ટોબર 2024થી 13 ઓક્ટોબર 2025 સુધી 11 હજારથી વધારી 13 હજારી માસિક પગાર પર કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે. જ્યારે સંજયભાઈ એન. શાહને 1 ડિસેમ્બર 2023થી 31 ઓક્ટોબર 2024 સુધી 18,200 માસિક પગાર પર રાખવામાં આવ્યા હોવાની વિગતો રજૂ કરી છે.

અમદાવાદના શિક્ષિત અને લાયક યુવાનો ઉપલબ્ધ હોવા છતાં નિવૃત્ત કર્મચારીઓને વારંવાર કોન્ટ્રાક્ટ પર રાખવાની જરૂરિયાત શા માટે ઊભી થાય છે? ઉપરાંત વર્ગ-૧થી ૪ની ખાલી જગ્યાઓ પર નવી અને નિષ્પક્ષ ભરતી પ્રક્રિયા કેમ હાથ ધરવામાં આવતી નથી, તે અંગે પણ શાસકો પાસેથી જવાબ માંગવામાં આવ્યો છે.

વધુમાં આક્ષેપ કર્યો છે કે એક તરફ યુવાનોને ફિક્સ પગાર અને કોન્ટ્રાક્ટ પદ્ધતિ હેઠળ ઓછા માનદવેતન પર કામ કરાવવામાં આવે છે, જ્યારે બીજી તરફ નિવૃત્ત અધિકારીઓ-કર્મચારીઓને ફરી કોન્ટ્રાક્ટ પર રાખવામાં આવે છે.

અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિએ માંગ કરી છે કે નિવૃત્ત અધિકારીઓ અને કર્મચારીઓને કોન્ટ્રાક્ટ પરથી દૂર કરી વર્ગ-૧થી ૪ની ખાલી જગ્યાઓ માટે નિયમિત ભરતી પ્રક્રિયા શરૂ કરવામાં આવે, જેથી લાયક અને બેરોજગાર યુવાનોને રોજગારીની તકો મળી શકે. કોંગ્રેસે ચેતવણી આપી છે કે જો આ મુદ્દે યોગ્ય નિર્ણય લેવામાં નહીં આવે તો યુવાનોના હક્ક માટે આંદોલન કરવામાં આવશે.

ગૂગલથી નંબર શોધી કસ્ટમર કેરનો સંપર્ક કરનારા સાવધાન! અમદાવાદમાં રેલવે અધિકારી ઠગની જાળમાં ફસાયા

અમદાવાદ, તા.16

ખોખરા વિસ્તારમાં રહેતા અને પશ્ચિમ રેલવેમાં ઓફિસ સુપરિન્ટેન્ડન્ટ તરીકે ફરજ બજાવતા આધેડ સાથે રૂ. 73 હજારની ઓનલાઈન છેતરપિંડી થઈ છે. રાત્રે તેમણે મીશો એપ્લિકેશન મારફતે રૂ. 448નો લેડીઝ ડ્રેસ ઓર્ડર કર્યો હતો. જોકે, પેમેન્ટ કપાઈ જવા છતાં ઓર્ડર કન્ફર્મ ન થતાં તેમણે ફરી પેમેન્ટ કર્યું હતું. ત્યારબાદ કપાયેલા રૂ. 448નું રિફંડ મેળવવા ગૂગલ પરથી શોધેલા કસ્ટમર કેર નંબર પર સંપર્ક કરતાં સાયબર ઠગે વ્હોટ્સએપ પર એપીકે ફાઈલ મોકલી તેમનો ફોન હેક કરી ખાતામાંથી હજારો રૂપિયા સેરવી લીધા હતા. મણિનગર પૂર્વમાં મેથોડિસ્ટ ચર્ચ પાસે આવેલી નવનિર્માણ સોસાયટી માં રહેતા પ્રદીપકુમારે રૂ. 448 રિફંડ મેળવવા માટે ગૂગલ પરથી મીશો કસ્ટમર કેરનો ટોલ-ફ્રી નંબર શોધીને કોલ કર્યો હતો. સામેથી ગઠિયાએ કસ્ટમર કેરમાંથી બોલું છું અને વ્હોટ્સએપ પર રિફંડ પ્રોસેસ કરાવું છું તેમ કહી વાતચીત શરૂ કરી હતી. થોડી જ વારમાં ગઠિયાએ વ્હોટ્સએપ પર મેસેજ કર્યા બાદ વીડિયો કોલ કરીને પ્રદીપકુમારને પોતાના ફોનની સ્ક્રીન શેર કરવા કહ્યું હતું. ત્યારબાદ ખાતામાં બેલેન્સ ચેક કરાવ્યા પછી રિફંડ ન મળતાં, આરોપીએ વ્હોટ્સએપ પર એપીકે ફાઈલ મોકલી હતી. રેલવે અધિકારીએ આ એપ્લિકેશન ડાઉનલોડ કરી તમામ પરમિશન કરતાં જ ફોનની સ્ક્રીન હેંગ થઈ ગઈ હતી. ફોન રિસ્ટાર્ટ કરીને ગૂગલ પે ચેક કરતાં તેમના સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાંથી ત્રણ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન મારફતે કુલ રૂ. 73 હજાર કપાઈ ગયા હોવાનું જણાયું હતું. છેતરપિંડીનો ભોગ બન્યાનો અહેસાસ થતાં જ તેમણે તુરંત 1930 સાયબર હેલ્પલાઈન પર સંપર્ક કર્યો હતો. ખોખરા પોલીસે વ્હોટ્સએપ નંબર ધારક અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સાયબર ગઠિયાઓ ગૂગલ જેવા સર્ચ એન્જિન પર પ્રખ્યાત ઈ-કોમર્સ સાઈટ્સ (મીશો, ફ્લિપકાર્ટ, એમેઝોન) કે બેંકોના નામે ફેક ટોલ-ફ્રી નંબરો એસઈઓ (SEO) દ્વારા ટોપ સર્ચમાં મૂકી દે છે. ગ્રાહક સાચો નંબર સમજીને ડાયલ કરે એટલે ઠગ સીધા વ્હોટ્સએપ કે રિમોટ એક્સેસ ટૂલ્સ મારફતે શિકાર બનાવી રહ્યા હોવાનો આ એક વધુ કિસ્સો બન્યો છે.

IFFCOના અધ્યક્ષ દિલીપ સંઘાણી ICAના ગ્લોબલ બોર્ડમાં ડિરેક્ટર તરીકે ચૂંટાયા...

- **પનામા સિટીમાં યોજાયેલી ICA મહાસભાની ચૂંટણીમાં સંઘાણીની જીત, ભારતીય પ્રતિનિધિમંડળે 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ્'ના નારાથી વધાવ્યો ઉત્સાહ**

પનામા સિટી, તા.16

આંતરરાષ્ટ્રીય સહકારી આંદોલન માટે મહત્વપૂર્ણ સિદ્ધિરૂપે IFFCOના અધ્યક્ષ દિલીપ સંઘાણીની ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવ એલાયન્સ (ICA)ના ગ્લોબલ બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં ડિરેક્ટર તરીકે પસંદગી પામી છે. પનામા સિટીમાં યોજાયેલી ICAની મહાસભા દરમિયાન થયેલી ચૂંટણીમાં સંઘાણીની જીત થઈ.

વિજેતા જાહેર કરવામાં આવતાં જ પનામામાં ઉપસ્થિત ભારતીય સહકારી પ્રતિનિધિમંડળમાં ઉત્સાહ અને ગૌરવની લાગણી જોવા મળી હતી. પ્રતિનિધિમંડળના સભ્યોએ 'ભારત માતા કી જય' અને 'વંદે માતરમ્'ના નારાઓ સાથે ખુશી વ્યક્ત કરીને, વિદેશી ધરતી પર ગુંજેલા નારાઓ ભારતીય સહકારી પ્રતિનિધિમંડળ માટે ગૌરવની ક્ષણ બની હતી.

આ પસંદગીને ભારતીય સહકારી ક્ષેત્ર માટે મહત્વપૂર્ણ સિદ્ધિ તરીકે રજૂ કરવામાં આવી છે. ICAના ગ્લોબલ બોર્ડમાં ભારતનું પ્રતિનિધિત્વ મળવાથી વૈશ્વિક સહકારી મંચ પર ભારતીય સહકારી ક્ષેત્રના અનુભવો અને મુદ્દાઓને રજૂ કરવાની તક વધુ મજબૂત બનશે.

દિલીપ સંઘાણી છેલ્લા અનેક દાયકાઓથી સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા છે. ખેડૂતો, ગ્રામ્ય અર્થવ્યવસ્થા અને સહકારી સંસ્થાઓના સશક્તિકરણ સાથે તેઓ લાંબા સમયથી સંકળાયેલા રહ્યા છે. હાલમાં તેઓ IFFCO અને GUJCOMASOLના અધ્યક્ષ તરીકે જવાબદારી નિભાવી રહ્યા છે. આ ઉપરાંત વિવિધ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સહકારી સંસ્થાઓમાં પણ તેમણે મહત્વપૂર્ણ જવાબદારીઓ સંભાળી છે.

ઈન્ટરનેશનલ કો-ઓપરેટિવ એલાયન્સ (ICA) વિશ્વના અગ્રણી વૈશ્વિક સહકારી સંગઠનોમાંનું એક છે અને વિવિધ દેશો તથા પ્રદેશોની સહકારી સંસ્થાઓનું પ્રતિનિધિત્વ કરે છે. ICAના ગ્લોબલ બોર્ડમાં સંઘાણીની પસંદગીથી ભારતીય સહકારી આંદોલનને આંતરરાષ્ટ્રીય સ્તરે વધુ અસરકારક રીતે રજૂ કરવાની તક મળશે.

પોતાની જીત બદલ ICAના સભ્ય દેશો, પ્રતિનિધિઓ અને વૈશ્વિક સહકારી સમુદાયનો આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ભારતના સહકારી આંદોલનની ભાવના, અનુભવ અને દૃષ્ટિકોણને વૈશ્વિક મંચ પર અસરકારક રીતે રજૂ કરવા તથા વિશ્વભરમાં સહકારિતાને વધુ મજબૂત બનાવવા માટે પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

તેમની ICA બોર્ડમાં પસંદગીથી ભારતીય સહકારી ક્ષેત્રમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો છે. આ સિદ્ધિથી વૈશ્વિક સહકારી મંચ પર ભારતના પ્રતિનિધિત્વને નવી જવાબદારી અને તક મળી હોવાનું સહકારી ક્ષેત્ર સાથે જોડાયેલા વર્તુળોમાં માનવામાં આવી રહ્યું છે.

ચોમાસાની નવી પેટર્ન: સિસ્ટમ સક્રિય છતાં ગુજરાતમાં વરસાદનું જોર ઘટવાની સંભાવના

અમદાવાદ, તા.16

સામાન્ય રીતે જ્યારે વાતાવરણમાં લો પ્રેશર અને મોન્સૂન ટ્રફ જેવી બે શક્તિશાળી હવામાન સિસ્ટમ્સ એકસાથે સક્રિય હોય ત્યારે ધોધમાર વરસાદની અપેક્ષા રખાતી હોય છે. પરંતુ ગુજરાતના વાતાવરણમાં એક આશ્ચર્યજનક પલટો જોવા મળી રહ્યો છે. હવામાન વિભાગ અનુસાર, બંને સિસ્ટમ્સ હોવા છતાં હવે રાજ્યમાં વરસાદનું જોર વધવાને બદલે ઘટવાની સંભાવના છે. આગામી 7 દિવસ દરમિયાન રાજ્યમાં માત્ર સામાન્યથી મધ્યમ વરસાદી ઝાપટાં જ જોવા મળશે.

જોકે, આગામી 7 દિવસ દરમિયાન રાજ્યમાં કોઈ પણ જિલ્લા માટે ભારે વરસાદની ચેતવણી દર્શાવવામાં આવી છે. પરંતુ આગામી 3 દિવસ દરમિયાન વીજળીના કડાકા-ભડાકા અને 30 થી 40 કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવવાની શક્યતા સાથે થન્ડરસ્ટોર્મનું એલર્ટ આપવામાં આવ્યું છે.

દિવસ 1 (16 થી 17 સપ્ટેમ્બર): ઉત્તર ગુજરાત, દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓ તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના તમામ જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદ કે ગાજવીજ સાથે ઝાપટાંની સંભાવના છે.

દિવસ 2 (17 થી 18 સપ્ટેમ્બર): ઉત્તર ગુજરાતના અરવલ્લી, ખેડા, આણંદ, પંચમહાલ, દાહોદ અને મહીસાગર; જ્યારે દક્ષિણ ગુજરાતના તમામ જિલ્લાઓ અને સૌરાષ્ટ્ર-કચ્છના મોટાભાગના જિલ્લાઓમાં અનેક સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ પડી શકે છે.

દિવસ 3 (18 થી 19 સપ્ટેમ્બર): અમદાવાદ, ગાંધીનગર, સાબરકાંઠા, ખેડા, આણંદ સહિત ઉત્તર ગુજરાતના મોટાભાગના જિલ્લાઓ તથા દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર, અમરેલી, ભાવનગર, બોટાદમાં ઘણા સ્થળોએ વરસાદી માહોલ રહેશે.

દિવસ 4 (19 થી 20 સપ્ટેમ્બર): ઉત્તર ગુજરાત, સમગ્ર દક્ષિણ ગુજરાત, સૌરાષ્ટ્ર-કચ્છમાં છૂટાછવાયા સ્થળોએ હળવોથી મધ્યમ વરસાદ રહેશે.

દિવસ 5, 6 અને 7 (20 થી 23 સપ્ટેમ્બર): વરસાદનું પ્રમાણ ઘટશે અને રાજ્યભરના મોટાભાગના વિસ્તારોમાં માત્ર એકલ-દોકલ સ્થળોએ જ હળવા ઝાપટાં પડશે.

દરિયાઈ સુરક્ષા અંગે ખાસ એલર્ટ આપતાં હવામાન વિભાગે જણાવ્યું છે કે આગામી 2 દિવસ સુધી દરિયાકાંઠા પર ચેતવણી રહેશે. દરિયાકાંઠે પવનની સરેરાશ ઝડપ 45 થી 55 કિલોમીટર પ્રતિ કલાક અને ઝાપટાં દરમિયાન મહત્તમ 65 કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચવાની શક્યતા છે. કોઈ દુર્ઘટના ન સર્જાય તે માટે માછીમારોને આગામી 2 દિવસ સુધી દરિયામાં ન જવા સખત સૂચના આપવામાં આવી છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...

બનો સોશિયલ જર્નાલિસ્ટ

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

વોટ્સએપ નંબર - 8980070599